**Year :** 04, **Issue :** 40, Dt. 15-06-2026 (MONDAY) Rs. 02/- **Page :** 37, RNI No. GUJGUJ/2023/84789

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની - તમારો વોર્ડ - તમારો હક

લાઈટ બંધ રહે છે?



ગંદુ પાણી આવે છે?



રસ્તા તૂટેલા છે?



ગંદકી અને સફાઈની સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો - "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો

અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય - "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:

**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**

### ઈન્ચાર્જ રાજ = વિકાસનો વિનાશ ! શહેર ભોગવે છે ખામી

# રાજકોટ મહાપાલિકા કાયમી અધિકારી નહીં; ઈન્ચાર્જથી શહેરનો વિકાસ રૂંધાયો !

## ■ 2027માં RMCમાં 25થી અનુભવી અધિકારીઓ નિવૃત થઈ રહ્યા છે

## ■ મનપામાં 'ટેમ્પરરી ચાર્જ' નવા શાસન સામે મોટો પડકાર

### 2027માં નવા પગાર પંચના અમલ બાદ અનેક અધિકારીઓ રાજીનામું આપવાનો પ્લાન તૈયાર છે ?



AI IMAGE

### પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીએ ત્રણવાર રાજીનામું આપ્યું : નામંજૂર

રાજકોટ મહાપાલિકામાં પર્યાવરણ ઈન્ચાર્જ ઈજનેર પ્રજેશ સોલંકીએ છેલ્લા એક વર્ષમાં ૩ વાર રાજીનામું આપી દીધું હતું પણ એક પણ વાર તેનુ રાજીનામું મંજૂર કરવામાં આવ્યું નથી રાજીનામું દેવાનું કારણ શું તે હજુ સુધી બહાર આવ્યું નથી. પણ સતત કામના પ્રેશરથી રાજીનામું આપી રહ્યાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### નિમણૂંક કેમ અટકી કાર્યવાહી પૂર્ણ થઈ છે

મનપાના પર્યાવરણ ઈજનેરની ભરતી પ્રક્રિયાની જાહેરાત બહાર થઈ ગઈ છે ઉમેદવારોના ડોક્યુમેન્ટ પણ વેરિફાય થઈ ગયા છે છતાં હજુ સુધી નિમણૂંક કરવામાં આવી નથી.

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં હાલમાં અનેક મહત્વના પદો ઈન્ચાર્જ આધારે ચાલતા હોવાના કારણે શહેરના વિકાસ પર બ્રેક લાગી ગયો છે. જે ગતિએ વિકાસ કામો થવા જોઈએ તે ઈચ્છાશક્તિના અભાવ અને કાયમી નિમણૂકના અભાવે અટકી ગયા છે.

મહાપાલિકામાં પર્યાવરણ ઈજનેર, સિટી એન્જિનિયર, સહાયક કમિશનર, ડાયરેક્ટર IT અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (DMC) જેવા અગત્યના પદો આજે પણ ઈન્ચાર્જ અધિકારીઓના ભરોસે છે. જેના કારણે મોટા નિર્ણયો લેવામાં વિલંબ થાય છે અને વહીવટ અસરગ્રસ્ત બને છે.

સામાન્ય રીતે કોઈપણ શહેરનો વિકાસ ત્યારે જ ગતિ પકડે છે જ્યારે મહત્વના પદો પર કાયમી અને જવાબદાર અધિકારીઓની નિમણૂક થાય. પરંતુ રાજકોટમાં વર્ષોથી ઈન્ચાર્જ સિસ્ટમ ચાલતા હોવાના કારણે વિકાસ કામોમાં ગતિ આવતી નથી.

શહેરના વિકાસ માટે જરૂરી પ્રોજેક્ટ, પ્લાનિંગ અને અમલમાં આ સ્થિતિ મોટી અડચણ બની રહી છે. નાગરિકો પણ હવે પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે આટલા મોટા શહેરનો વહીવટ ઈન્ચાર્જ પર કેમ ચાલે છે?

હાલમાં નવું શાસન આવતાં લોકોમાં આશા જગાઈ છે કે મેયર આ મુદ્દાને ગંભીરતાથી લેશે અને ખાલી પદો પર કાયમી નિમણૂક કરશે. જો આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ નહીં આવે, તો રાજકોટનો વિકાસ વધુ પાછળ ધકેલાઈ શકે છે.

### ટોપ લિડરની જગ્યાઓ ઈન્ચાર્જ કોણ છે

| | |
|---|---|
| પર્યાવરણ ઈજનેર | પ્રજેશ સોલંકી |
| સિટી એન્જિનિયર(વેસ્ટઝોન) | કૂંતેષ મહેતા |
| સિટી એન્જિનિયર(ઈસ્ટઝોન) | મનોજ શ્રી માળી ૩૧ મે નિવૃત (ચાર્જ પેન્ડિંગ) |
| સિટી એન્જિનિયર(સેન્ટરઝોન) | અતુલ રાવલ |
| સહાયક કમિશનર (વેસ્ટઝોન) | દિનેશ ડોડિયા |
| સહાયક કમિશનર (સેન્ટરઝોન) | બી એલ કાથરોટિયા, કે.ડી. વાઢેર, એન.કે. રામાનૂજ, વી.ડી. ગુણિયા, (એક જગ્યા બાકી) |
| ડાયરેક્ટર આઈ.ટી./DMC હેડ ક્વાર્ટર | બન્ને ચાર્જમાં સમીર ધડુક |

## ટેક્સ વસુલાય, સુવિધા શુન્ય; નવા જોડાયેલા ગામોમાં મનપાની મોટી નિષ્ફળતા

# મોદીનું 2047નું સપનું;

# રાજકોટ RMCમાં 2030માં શું આયોજન કોઈ ઠેકાણા નથી !

**રાજકોટ શહેરમાં કોઠારીયા ગામનો 2015માં સમાવેશ થયો**

## 2020 જૂન મહિનામાં માધાપર, ઘંટેશ્વર, મુંજકા, મોટામૌવા અને મનહરપુરને ભેળવવામાં આવ્યું

### ગ્રાસરૂટ લેવલે શું પરિસ્થિતિ શહેરના 18 વોર્ડની પરિસ્થિતિ સરખી નથીઃ ત્રણેય ઝોન સમાન કેમ નથી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં ૨૦૧૫ અને ૨૦૨૦ દરમિયાન ભળેલા ગામોમાં આજે પણ પ્રાથમિક સુવિધાઓનો ગંભીર અભાવ જોવા મળી રહ્યો છે. કોઠારિયા ગામ ૨૦૧૫માં અને ત્યારબાદ જૂન ૨૦૨૦માં માધાપર, ઘંટેશ્વર, મુંજકા, મોટામૌવા અને મનહરપુર જેવા વિસ્તારોને મનપામાં ભેળવાયા હોવા છતાં, આજદિન સુધી વિકાસના કામો અધૂરા છે.મહાનગરપાલિકાએ રૂડા પાસેથી આ વિસ્તારોનો કબ્જો લઈને ટેક્સ વસૂલવાનું શરૂ તો કરી દીધું છે, પરંતુ પાણીની લાઈન, ડ્રેનેજ સિસ્ટમ, કચરો ઉપાડવાની વ્યવસ્થા અને નિયમિત સફાઈ જેવી મૂળભૂત સુવિધાઓ પૂરું પાડવામાં નિષ્ફળ ગઈ છે.

વોર્ડ નં. ૭, ૧૧ અને ૧૮ રાજકોટના સૌથી મોટા અને મહત્વપૂર્ણ વોર્ડ ગણાય છે. વોર્ડ-૭માં શહેરનો મુખ્ય કોમર્શિયલ વિસ્તાર હોવાથી ટ્રાફિક અને દબાણની સમસ્યા ગંભીર બની છે, જ્યારે વોર્ડ-૧૧ (મોટામૌવા) અને વોર્ડ-૧૮ (કોઠારિયા)માં કચરો ઉપાડવા અને સફાઈના પ્રશ્નો વારંવાર ઊભા થાય છે. સ્થિતિ એ છે કે શહેરના મધ્ય વિસ્તારમાં સફાઈકામદારોની સંખ્યા વધારે છે, જ્યારે સીમાવર્તી વિસ્તારોમાં કામ કોન્ટ્રાક્ટ પર ચાલે છે, જેના કારણે સેવાઓ અપૂર્ણ રહે છે. નવા ગામોમાં આજે પણ પાણીની લાઈન નાંખવામાં આવી નથી, જ્યારે મિલકતવેરો નિયમિત વસૂલવામાં આવે છે.

વિસ્તારોમાં પાણી પુરવઠા માટે નવા ટાંકા બનાવવાની જરૂરિયાત ઉભી થઈ છે, પરંતુ આ દિશામાં પણ કોઈ સ્પષ્ટ આયોજન જોવા મળતું નથી. સાઉથ ઝોન બનાવવાનો નિર્ણય લેવાયો હોવા છતાં, તેમાં કયા વોર્ડનો સમાવેશ કરવો અને તેનું વહીવટી માળખું કેવી રીતે હશે તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસતા નથી.

દેશને ૨૦૪૭ સુધી વિકસિત બનાવવા મોટા મોટા દાવા થઈ રહ્યા છે. પરંતુ સવાલ એ છે કે શું આ વિઝન જમીન પર ક્યાંય દેખાય છે? રાજકોટ જેવી શહેરી વાસ્તવિકતા જોતા લાગે છે કે આ બધું માત્ર ભાષણો સુધી જ સીમિત છે.

રાજકોટ મહાનગરપાલિકા ૨૦૩૦ માટેના પોતાના આયોજનને જ ગોઠવી શકતી નથી, ત્યારે ૨૦૪૭ના સપનાઓ પર લોકો કેવી રીતે વિશ્વાસ રાખે? નવા જોડાયેલા ગામોમાં વર્ષો વીતી ગયા, છતાં પાણીની લાઈન નથી, ડ્રેનેજ સિસ્ટમ નથી, કચરો ઉઠાવવાની વ્યવસ્થા નથી.

વોર્ડ નં. ૭, ૧૧ અને ૧૮માં હાલત એટલી ખરાબ છે કે લોકો રોજિંદા પ્રશ્નોથી ત્રસ્ત છે. શહેરના મધ્યમાં ટ્રાફિકનો તાંડવ અને સીમા વિસ્તારમાં ગંદકીનો રાજ આ બે ચહેરા રાજકોટના વિકાસની હકીકત બતાવે છે.

મનપા પાસે બહાના ઘણાં છેઃ રૂડા પાસેથી વિસ્તાર મળ્યો, સ્ટાફ નથી, પ્લાનિંગ બાકી છે. પરંતુ સવાલ એ છે કે જવાબદારી કોણ લેશે? નાગરિકો ટેક્સ આપે, પણ સુવિધા માટે રાહ જુએ આ સિસ્ટમ ક્યારે બદલાશે?સાઉથ ઝોનના નામે જાહેરાત થઈ ગઈ, પરંતુ આજે પણ તેની રચના, અધિકારીઓ અને ટેક્નિકલ માળખું કાગળ પર જ છે. આ ધીમી ગતિ અને અસ્પષ્ટતા વિકાસના દાવાઓને ખોખલા બનાવે છે.

એક તરફ દેશ વિકસિત ભારતના સપના જોઈ રહ્યો છે, બીજી તરફ રાજકોટમાં લોકો પાણી, સફાઈ અને રોડ માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ વિસંગતિ માત્ર ચિંતાજનક નથી પણ સિસ્ટમની નિષ્ફળતાનું સાબિતી છે.

**જો આજના પ્રશ્નો ઉકેલાશે નહીં, તો વિઝન 2047 માત્ર એક રાજકીય નારો બનીને રહી જશે**

- ટેક્સ પહેલા, સુવિધા શા માટે નહીં?
- પ્લાનિંગ વગર વિસ્તાર શા માટે ભેળવાયા?
- જવાબદારી કોણ લેશે?

## 6 વર્ષમાં ડ્રેનેજ લાઈન નથી, પીવાનું પાણી પૂરતું નથી, કાયમી સફાઈ કામદારોનો આ વિસ્તારમાં મોટો અભાવ



## પોલીસે JCB બોલાવી રોડ બ્લોક કરી દીધો

# ધરતીપુત્રો મેદાને : ટ્રેક્ટર રેલીમાં ઘર્ષણ : ખેડૂતનો આપઘાતનો પ્રયાસ

- ખેડૂતો ઉપર પોલીસની દાદાગીરી ધક્કા મારી ટ્રેક્ટર આડુ કરી દીધું
- પોલીસ ખેડૂતોને બળજબરીથી રોક્યા છતાંય આગળ જવા મક્કમ રહ્યા

## ભાજપ સરકાર સામે ધરતીપૂત્રોએ હળ ઉગામ્યું : રેલી સુપરડૂપર હિટ







**સિટી ન્યૂઝ@અમદાવાદ**


ખેડૂતોના અધિકારો માટે આજે (૧૫ જૂન) કોંગ્રેસ ૧૧૧૧ ટ્રેક્ટર સાથે અમદાવાદના શાંતિપુરા ચોકડીથી ગાંધીનગર સુધી કિસાન અધિકાર યાત્રા યોજી રહ્યું છે. આ રેલીમાં અંદાજે ૨૦થી વધુ ખેડૂત સંગઠનો જોડાયા છે. કોંગ્રેસે કાયદાઓને બાજુએ મૂકી ખેડૂતોની જમીન હડપ કરાઈ રહી હોવાનો દાવો કર્યો છે. આ પ્રકારની કુલ ૫ માગણી સરકાર સમક્ષ કરવામાં આવશે.

કોંગ્રેસ સેવા દળના અધ્યક્ષ લાલજી દેસાઈ, પાલ આંબલિયા, જયેશ પટેલ, મહેશ રાજકોટીયા, પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ જીજ્ઞેશ મેવાણી યાત્રાનું સંકલન સંભાળી રહ્યા છે. તેમજ આ અધિકાર રેલીને વિધાનસભામાં કોંગ્રેસના નેતા ડો.તુષાર ચૌધરી તથા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સંબોધન કરશે.

શાંતિપુરા ચોકડીથી રેલી ઓગણજ ખાતે આવેલા શતાબ્દી મહોત્સવ મેદાનમાં પહોંચશે, જ્યાં ખેડૂત સભાનું આયોજન કરાયું છે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસની ટ્રેક્ટર રેલીને ગાંધીનગર સુધી જવાની મંજૂરી અપાઈ નથી. હાલમાં અમદાવાદની શાંતિપુરા ચોકડીથી કોંગ્રેસની ટ્રેક્ટર રેલી નીકળી હતી, જેમાં નેતાઓએ સ્ટિયરિંગ સંભાળ્યું હતુ, અમિત ચાવડા ટ્રેક્ટર લઈ નીકળ્યા તો પ્રગતિ આહિર ગેનીબેન અને કરસન ભાદરકાને બેસાડી નીકળ્યા હતા. શાંતિપુરા સર્કલથી ઓગણજ તરફની રેલીમાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી જોડાયા નથી. ધારાસભ્ય જીગ્નેશ મેવાણી વિરમગામથી રેલીમાં જોડાયા બાદ અડધેથી રેલી છોડી ક્યાંક નીકળી ગયા છે. કોંગ્રેસની ટ્રેક્ટર રેલી સભા સ્થળે પહોંચી ગઈ છે.

સફેદ કપડા હસતો ચહેરો આજે યાદોમાં જ રહી ગયો

# ભાજપના વફાદાર સિપાહી જનકરાજાનું નિધન...



## ટૂંકી બિમારી બાદ હાર્ટએટેકથી મૃત્યુ થયું

**મેયર બન્યા પછી પણ સાદુ જીવન અને ઉચ્ચ વિચારો જાળવી રાખી તેમણે આદર્શ જનસેવકનું ઉમદા ઉદાહરણ પુરુ પાડ્યું હતું**



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રાજકીય અને સામાજિક ક્ષેત્રે આજે એક મોટી ખોટ પડી છે. રાજકોટના પૂર્વ મેયર, રઘુવંશી સમાજના અગ્રણી અને ભારતીય જનતા પાર્ટીના પાયાના પથ્થર સમાન વરિષ્ઠ નેતા જનકભાઈ કોટકનું દુખદ નિધન થયું છે. તેમના નિધનના સમાચાર વહેતા થતાં જ રાજકીય અગ્રણીઓ, વેપારીઓ અને રઘુવંશી સમાજ સહિત સમગ્ર રાજકોટ શહેરમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે. રાજકોટ ભાજપનાં પાયાનાં પથ્થર અને 'જનકરાજા'નાં નામથી તેઓ જાણીતા હતા. તેઓની અંતિમયાત્રા આજે (૧૫ જૂન) બેડીનાકા સ્થિત નિવાસસ્થાનેથી નીકળશે.

જનકભાઈ કોટક વર્ષોથી ભાજપ સાથે જોડાયેલા રહ્યા હતા અને પક્ષને મજબૂત બનાવવામાં તેમણે પાયાની ભૂમિકા ભજવી હતી. રાજકોટના મેયર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન તેમણે



લોકાભિમુખ કાર્યો કરીને શહેરીજનોના દિલ જીત્યા હતા. માત્ર રાજકારણ જ નહીં, પરંતુ સામાજિક સ્તરે પણ રઘુવંશી સમાજના પ્રશ્નો અને ઉત્થાન માટે તેઓ હંમેશા અગ્રેસર રહેતા હતા. એક મિલનસાર અને સનિષ્ઠ નેતા ગુમાવતા ભાજપ પરિવાર અને તેમના ચાહકોમાં ભારે ગમગીની ફેલાઈ છે.

સ્વ. જનકભાઈ કોટકની અંતિમયાત્રા આજે સાંજે ૪ વાગ્યે તેમના નિવાસસ્થાન બાલકૃષ્ણ એપાર્ટમેન્ટ', બેડીનાકા ટાવરની અંદર, રાજકોટ ખાતેથી નીકળશે. ત્યાંથી આ અંતિમયાત્રા રામનાથપરા સ્મશાનગૃહ ખાતે પહોંચશે, જ્યાં તેમના પાર્થિવ દેહને પંચમહાભૂતમાં વિલીન કરવામાં આવશે અને અંતિમ વિદાય આપવામાં આવશે. તેમના નિધનને લઈને વિવિધ રાજકીય અને સામાજિક અગ્રણીઓએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ અર્પી છે.જનક કોટકનો જન્મ ૬ જૂન, ૧૯૪૭માં મોરારજીભાઈ કોટક અને કંકુબહેન કોટકને ત્યાં થયો હતો. તેમણે ધોરણ ૯ સુધીનો અભ્યાસ કર્યો છે. તેમની રાજકીય સફરની વાત કરીએ તો, ઈ.સ. ૧૯૬૨માં વિદ્યાર્થી કાળથી તેમણે જનસંઘમાં પ્રવેશ કર્યો હતો. વર્ષ ૧૯૬૫માં પણ ચીન-પાકિસ્તાન સાથે ભારતની લડાઈ વખતે તેમણે સક્રિય કામગીરી બજાવી હતી. વર્ષ ૧૯૬૭માં તેઓ રાજકોટ વોર્ડ નં. ૧ના બૂથ ઈન્ચાર્જ તેમજ ચૂંટણી ઈન્ચાર્જ રહ્યા હતા અને ૧૯૭૧માં વોર્ડ નં. ૧૬ના પ્રમુખ બન્યા હતા. ઈ.સ. ૧૯૭૩માં તેઓ ચૂંટણી જીતીને મહાપાલિકામાં પ્રવેશ્યા હતા. તેઓ સતત ચાર વખત કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા. દરમ્યાન સમાજકલ્યાણ વિભાગના ચેરમેન, દંડક, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને ડેપ્યુટી મેયર તેમજ મેયર જેવા મહત્વના હોદ્દાઓ પર સફળતાપૂર્વક ફરજ બજાવી ચુક્યા છે.કોર્પોરેશનમાં પક્ષના નેતા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, ડેપ્યુટી મેયર અને મેયર તેમ ચારેય મહત્વના પદે રહ્યા હોય તેવા તેઓ એકમાત્ર કોર્પોરેટર હતા. મેયર બન્યા પછી પણ સાદું જીવન અને ઉચ્ચ વિચારો જાળવી રાખી તેમણે આદર્શ જનસેવકનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જનકભાઈએ મેયર તરીકેના તેમના કાર્યકાળમાં ગરીબ દર્દીઓને બીપીએલ કાર્ડ, જીવદયા માટે ચકલીના માળાનું વિતરણ વગેરે અનેક પરોપકારી કાર્યોનો પ્રારંભ કરી અનન્ય લોકચાહના મેળવી હતી. વ્યક્તિની લાઈન કરતા પાર્ટીની લાઈનને કાયમ મોટી ગણી, પોતાની નિખાલસ કાર્યશૈલીના કારણે પ્રજામાં 'રાજા' તરીકે જાણીતા છે અને અનેક પડકારો વચ્ચે તેઓ નિષ્કલંક રીતે મેયરપદે અઢી વર્ષ પૂર્ણ કર્યા હતા. રાષ્ટ્રીય ભાજપના કારોબારી સભ્ય જનકભાઈ પોતાની પ્રામાણિક, સેવાભાવી, બિનવિવાદાસ્પદ જાહેર જીવનને લઈને તમામ રાજકીય પક્ષોમાં પણ આગવી લોકચાહના ધરાવતા હતા.

# જનકભાઈ કોટકની અંતિમયાત્રા- બેસણું: પ્રાર્થનાસભા



આજે સોમવાર તારીખ ૧૫-૬-૨૦૨૬ સોમવારના રોજ સાંજે ૪- વાગે તેમના નિવાસસ્થાન બાલકૃષ્ણ એપાર્ટમેન્ટ બેડીનાકા ટાવર ની અંદર રાજકોટ ખાતેથી નીકળશે ત્યાંથી આ અંતિમયાત્રા રામનાથપરા સ્મશાન ગૃહ ખાતે પહોંચશે જ્યાં તેમને તેમના પાર્થિવ દેને  અંતિમ વિદાય આપવામાં આવશે. તેમના અવસાન પર વિવિધ રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઘેરા શોખની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ આપી છે.

શ્રી જનકભાઈ કોટક ઉંમર વર્ષ ૮૦ પૂર્વ (મેયર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન) તે સ્વ. મોરારજીભાઈ કેશવભાઈ કોટક(ભગત મોરારજી કેશવજી સીઝન સ્ટોર ધર્મેન્દ્ર રોડ વાળા, ભગત કરાચી વાળા)ના પુત્ર તે સ્વ નિર્મળાબેનના પતિ તે સ્વ. હીરાભાઈ; સ્વ. વસંતભાઈ; હસમુખભાઈના નાનાભાઈ તથા શ્રી પ્રતાપભાઈ કોટક, (રાજકોટ શહેર ભાજપના પૂર્વના પ્રમુખ) ના મોટાભાઈ તથા રાજેશભાઈ ; અમિતભાઈ; યોગીતાબેન યુએસએ તથા ભારતીબેન ના પિતા તે સ્વ હેમરાજભાઈ મીઠુંભાઈ સોમૈયા ના જમાઈ તથા યોગેશભાઈ હરગોવિંદભાઈ ઠકરારના સસરાનું આજરોજ અવસાન થયેલ છે .

**બેસણું: પ્રાર્થના સભા**

તારીખ : 18-6-2026 ગુરૂવાર
સાંજે : 5 થી 6:30
સ્થાન: રાષ્ટ્રીય શાળા ડો. યાજ્ઞિક રોડ, કોર્નર, રાજકોટ.

**લી.**

| | |
|---|---|
| **પ્રતાપભાઈ કોટક** | **94290 99099** |
| **રાજેશભાઈ કોટક** | **99987 51717** |
| **અમિતભાઈ કોટક** | **93741 01900** |

**ઔદ્યોગિક નીતિ જાહેર : ગ્રીન એનર્જીથી લઈ હેલ્થકેર સુધી ફોકસ**

# ગુજરાતને ઔદ્યોગિક પાવરહાઉસ બનાવવાનો માસ્ટર પ્લાન જાહેર



**ગ્રીન એનર્જી, મોબિલિટી અને હેલ્થકેર જેવા 21 થ્રસ્ટ સેક્ટર્સ પર વિશેષ ધ્યાન; સ્ટાર્ટઅપ્સ અને MSME માટે આકર્ષક પ્રોત્સાહનો**







## » સ્ટાર્ટઅપ્સ, મહિલા અને પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસીકો માટે લોન અને વ્યાજ સબસીડી સહિતની રાહતો

## » વર્કફોર્સ માટે 80 ટકા સુધી સબસીડી, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર માટે પણ અનેક રાહતો જાહેર


**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત સરકારે વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ જાહેર કરી છે, જે રાજ્યને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક, નવીનતા આધારિત અને ટકાઉ ઔદ્યોગિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો માર્ગ પ્રદાન કરે છે. આ નીતિ વિકસિત ગુજરાત સે વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને હાંસલ કરવા માટે વેલ્યુ એડિશન, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ અને ગ્લોબલ વેલ્યુ ચેન્સ સાથે ઊંડા જોડાણ પર ભાર મૂકે છે.નીતિ હેઠળ ૨૧ થ્રસ્ટ સેક્ટર્સને પ્રાથમિકતા આપવામાં આવી છે. આમાં ગ્રીન હાઈડ્રોજન, ગ્રીન એમોનિયા, ઈલેક્ટ્રોલાઈઝર, રિન્યુએબલ એનર્જી, બેટરી સ્ટોરેજ, ઓટો અને ઓટો કોમ્પોનન્ટ્સ, એવિએશન, સ્પેસ મેન્યુફેક્ચરિંગ, ટેક્સટાઈલ, ટેક્નિકલ ટેક્સટાઈલ, ક્રિટિકલ મિનરલ્સ, કેમિકલ્સ, એગ્રો પ્રોસેસિંગ, બલ્ક ડ્રગ્સ, મેડિકલ ડિવાઈસીસ, સેમિકધડક્ટર એન્સિલરી યુનિટ્સ અને ન્યુક્લિયર પાવર ઈક્વિપમેન્ટનો સમાવેશ થાય છે. આ સાથે વ્હીકલ સ્ક્રેપિંગ, ઈ-વેસ્ટ અને ટેક્સટાઈલ વેસ્ટ રિસાયક્લિંગ જેવા સસ્ટેનેબિલિટી સેક્ટર્સને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.સ્ટાર્ટઅપ્સ માટે સસ્ટેનન્સ એલાઉન્સ (૨૫,૦૦૦/મહિના, મહિલા કો-ફાઉન્ડર માટે ૩૦,૦૦૦) અને સીડ સપોર્ટ (૩૦ લાખ સુધી, હાઈ-ટેક માટે ૪૦ લાખ) આપવામાં આવશે. મહિલા ઉદ્યોગસાહસિકો માટે રેન્ટલ એસિસ્ટન્સ (૭૫% સુધી, વાર્ષિક ૩ લાખ સુધી ૫ વર્ષ) અને વધારાના ઈન્ટરેસ્ટ સબસિડીની જોગવાઈ છે. વર્કફોર્સ માટે વર્કિંગ વુમન હોસ્ટેલ અને લેબર હોસ્ટેલ માટે ૮૦% સુધી (૪૦ કરોડ સુધી) સબસિડી આપવામાં આવશે. છઉ સેન્ટર્સ માટે અર્લી બર્ડ ઈન્સેન્ટિવ હેઠળ પ્રથમ ૫ સેન્ટર્સને ૫૦% કેપિટલ સબસિડી (૫૦ કરોડ સુધી) અને પેરોલ સબસિડી (૧૦,૦૦૦ પ્રતિ વ્યક્તિ) મળશે. MSME માટે કેપિટલ સબસિડી ૨૫-૩૫%, ઈન્ટરેસ્ટ સબસિડી ૭% અને પાવર ટેરિફ સબસિડી (૧-૨ પ્રતિ યુનિટ) આપવામાં આવશે. લાર્જ યુનિટ્સ માટે ૧૫-૨૫% અને મેગા/અલ્ટ્રા-મેગા યુનિટ્સ માટે ૨૦-૩૦% સુધીની કેપિટલ સબસિડીની જોગવાઈ છે. પ્રોજેક્ટ T.H.R.I.V.E.હેઠળ શહેરોમાંથી બહાર ખસેડતા યુનિટ્સને વેજ સપોર્ટ અને કેપિટલ સબસિડી મળશે. પર્યાવરણીય સંરક્ષણ માટે ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ અને વેસ્ટવોટર રિસાયક્લિંગ પ્રોજેક્ટ્સને ૭૫ કરોડ સુધીની સહાય આપવામાં આવશે. આ નીતિ ગુજરાતને ઈનોવેશન, સસ્ટેનેબિલિટી અને રોજગારી સર્જનના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

**એમએસએમઈ માટે તાલુકાની કેટેગરી પ્રમાણે 25 ટકા સુધી સબસીડીઃ પાવર ટેરિફમાં પણ મોટી રાહત**

## આકાશ સાફ, આશા અધુરી; વરસાદ માટે રાહ લાંબી

# ચોમાસું ‘ગાયબ’ સેટેલાઈટ તસવીરોમાંથી ચોમાસાના વાદળોનો પત્તો નહીં !



## ગુજરાત-MP-રાજસ્થાન સહિત 16 રાજ્યોમાં વરસાદ માટે હજુ વધારે રાહ જોવી પડશે

## ચોમાસાની ગતિવિધિઓ નબળી પડતા ચિંતા વધી

### ચોમાસું મહારાષ્ટ્ર, તેલંગાણા અને આંધ્રપ્રદેશની આસપાસ ચાર દિવસથી અટકી ગયું

## ગુજરાતમાં વરસાદ મોડો થવાના એંધાણ ?

સિટી ન્યૂઝ@ગાંધીનગર

ભારતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિ હાલમાં ધીમી પડી ગઈ છે. ૧૫ જૂન એટલે કે સોમવારની સેટેલાઇટ તસવીરોમાં દેશના મોટા ભાગમાંથી ચોમાસાના વાદળો ગાયબ જોવા મળ્યા. હવામાન વિભાગ (IMD) અનુસાર, ૪ થી ૧૫ જૂન વચ્ચે દેશમાં સામાન્ય ૫૩.૭ મિમી વરસાદ થવો જોઈતો હતો, પરંતુ માત્ર ૧૯.૨ મિમી વરસાદ થયો. એટલે કે વરસાદમાં ૬૪% નો ઘટાડો નોંધાયો છે.

ચોમાસાની ગતિવિધિઓ નબળી પડવાને કારણે ૧૬ રાજ્યોમાં વરસાદની રાહ વધી ગઈ છે. આમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, બિહાર, ઉત્તર પ્રદેશ અને દિલ્હીનો સમાવેશ થાય છે. ચોમાસું દક્ષિણ ભારતથી આગળ વધ્યા પછી મહારાષ્ટ્ર, તેલંગાણા અને આંધ્ર પ્રદેશની આસપાસ અટકી ગયું છે. જ્યારે, પૂર્વોત્તર રાજ્યોને આવરી લીધા પછી ચોમાસું બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ પાસે પણ અટકી ગયું છે. આ ત્રણેય રાજ્યોમાં પણ હજુ ચોમાસું સંપૂર્ણપણે પહોંચ્યું નથી.બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વરસાદની સંભાવના. બિહારમાં કેટલીક જગ્યાએ ૫૦-૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાઈ શકે છે.આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થઈ શકે છે.રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને વિદર્ભમાં ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે. ઘણા વિસ્તારોમાં ૪૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાવાની સંભાવના છે.સિક્કિમ, ઉત્તર બંગાળ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદની સંભાવના છે.રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં વરસાદ સાથે ૪૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાઈ શકે છે.

### રામકૃષ્ણનગર મેઈન રોડ પર આવેલા

# પાપા લુઈઝ પીઝામાં મેંદાના સ્ટોરેજમાં ધનેડા મળ્યા !




# રાજકોટમાં 'ફૂડકાંડ'; પાપા લુઈઝ પીઝા રેસ્ટોરન્ટમાં ગંદકી-અનહાઈજેનિક રસોડું







## ■ વાસી નૂડલ્સ-પાસ્તા મળી આવ્યા ■ નમૂના લઈ નોટિસ-દંડ ફટકારાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત શહેરના વિવિધ પીઝા અને ફાસ્ટ ફૂડ પાર્લરોમાં અચાનક દરોડા પાડવામાં આવી રહ્યા છે. રામકૃષ્ણ નગર મેઈન રોડ પર આવેલ પાપા લુઈઝ પીઝા રેસ્ટોરન્ટમાં આરોગ્ય વિભાગે દરોડો પાડતાં ચોંકાવનારી હકીકતો સામે આવી હતી. રેસ્ટોરન્ટના રસોડામાં અત્યંત ગંદકી અને અનહાઈજેનિક પરિસ્થિતિ જોવા મળી હતી.તપાસ દરમિયાન ફ્રીઝમાં મોટી



માત્રામાં નૂડલ્સ અને પાસ્તા વાસી હાલતમાં સંગ્રહિત હોવાનું બહાર આવ્યું. ઉપરાંત મેંદાના સ્ટોરેજમાં પણ ધનેડા જોવા મળતા ખોરાકની ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આ મામલે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ મુજબ રેસ્ટોરન્ટમાંથી ખાદ્યના નમૂનાઓ લેવામાં આવ્યા છે. સાથે જ સંચાલકોને નોટિસ ફટકારી દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે શહેરમાં આવા ડ્રાઈવ સતત ચાલુ રહેશે અને ભેળસેળ તથા ગંદકી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## આરોગ્ય વિભાગના દરોડામાં ચોંકાવનાર સત્ય બહાર




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા ખુદ મેયર મેદાનમાં ઉતર્યા છે. અને લોકોના સ્વાસ્થ્યની સાથે ચેડાં કરતા તત્વો સામે અત્યાર સુધીની સૌથી મોટી અને કડક કાર્યવાહીની જાહેરાત કરી છે. રાજકોટના મેયર ડો. નેહલ શુક્લએ ભેળસેળયુક્ત ખોરાકનું વેચાણ અને ઉત્પાદન કરતા લેભાગુ તત્વોને આતંકીઓ સાથે સરખાવ્યા છે. અને ખુલ્લી ચેતવણી પણ આપી છે. કે શહેરમાં આજથી જ પૂરા ૧ વર્ષ માટે એક વ્યાપક મેગા ડ્રાઈવનું આયોજન કરવામાં આવશે, જે અંતર્ગત હવેથી શહેરના તમામ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરાશે. જે કોઈ સ્થળે ભેળસેળ થતી હોવાનું સામે આવશે તે બધા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય રાજકોટને સંપૂર્ણ ભેળસેળમુક્ત બનાવવાનો અને નાગરિકોને શુદ્ધ આહાર પૂરો પાડવાનો હોવાનો દાવો મેયરે કર્યો છે.મેયર ડો. નેહલ શુક્લએ ભેળસેળિયા તત્વો પર આકરા પ્રહારો કર્યા હતા અને તેમની સરખામણી સીધી આતંકીઓ સાથે કરી દીધી હતી. તેમણે કડક શબ્દોમાં વલણ સ્પષ્ટ કરતા કહ્યું કે, લોકોના સ્વાસ્થ્ય કે જિંદગી સાથે રમત



રમીને ખોરાકમાં ભેળસેળ કરનારા તત્વો કોઈ આતંકી ષડયંત્ર જેટલું જ મોટું પાપ કરી રહ્યા છે. આ પ્રકારની રાષ્ટ્રવિરોધી અને માનવતાવિરોધી પ્રવૃત્તિ હવે ચલાવી લેવામાં નહીં આવે. આગામી ૧ વર્ષ સુધી RMC નો ફૂડ વિભાગ કોઈપણ પ્રકારની શેહશરમ રાખ્યા વિના સતત કડક કાર્યવાહી ચાલુ રાખશે, જેથી આવા તત્વોમાં કાયદાનો ભય ઊભો થાય.આ મેગા ડ્રાઈવને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવવા માટે ખાસ રણનીતિ તૈયાર કરવામાં આવી છે. ફૂડ વિભાગ દ્વારા મુખ્યત્વે ૩ કેટેગરીમાં વહેંચણી કરીને સમગ્ર ચેકિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત માત્ર હોટલ કે રેસ્ટોરન્ટ જ નહીં, પરંતુ તૈયાર ખાદ્ય ખોરાકથી લઈને રોજિંદા વપરાશના અનાજ સુધીના તમામ નાના-મોટા વેપારીઓને ત્યાં નમૂના લેવામાં આવશે. ઉપરાંત, ભૂતકાળમાં સેમ્પલના રિપોર્ટ આવવામાં થતા વિલંબને નિવારવા માટે પણ મહત્વનો નિર્ણય લેવાયો છે. હવેથી લેબોરેટરીમાં સેમ્પલ લીધા બાદ ખૂબ જ ઝડપથી નમૂનાનું પરિક્ષણ (ટેસ્ટિંગ) થાય અને તેનો રિપોર્ટ ત્વરિત જાહેર થાય તે માટેની વિશેષ વહીવટી કાર્યવાહી અને વ્યવસ્થા ગોઠવવામાં આવશે, જેથી ગુનેગારો સામે ઝડપથી કાયદાકીય સકંજો કસી શકાય.,મહાનગરપાલિકાની આ લડત માત્ર તંત્ર પૂરતી સીમિત ન રહેતા લોકભાગીદારી વધે તે માટે મેયર દ્વારા રાજકોટની જનતાને પણ ખાસ અપીલ કરવામાં આવી છે. તેમણે નાગરિકોને આહવાન કર્યું છે કે જો તેમની આસપાસ કે શહેરમાં ક્યાંય પણ ભેળસેળ કરતા લેભાગુ તત્વો સક્રિય હોય અથવા તો ખોરાકમાં ભેળસેળ થતી હોવાની કોઈ શંકાસ્પદ માહિતી મળે, તો તુરંત જ તેની જાણ RMC ના તંત્રને કરવામાં આવે. લોકો દ્વારા આપવામાં આવતી માહિતીના આધારે તંત્ર દ્વારા તાત્કાલિક દરોડા પાડીને કડક પગલાં ભરવામાં આવશે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વેપારીઓ પોતાના વધુ નફા માટે જાણી-અજાણી રીતે ભેળસેળ કરીને દરેક પરિવારના નાના બાળકોથી લઈ વૃદ્ધો સુધીના તમામ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યા છે, જે એક રીતે નાનું આતંકવાદી કાવતરું કે એટેક સમાન જ છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ બાબતને અત્યંત ગંભીરતાથી લેવામાં આવી છે અને આ ભેળસેળને અટકાવવા માટે માત્ર ૧૫ દિવસ કે ૧ મહિનો નહીં, પરંતુ આખું વર્ષ આ એન્ટી ડ્રાઈવ (ઝુંબેશ) ચલાવવામાં આવશે.આરોગ્ય વિભાગ અને તેની સાથે સંકળાયેલા અન્ય વિભાગો દ્વારા આ મામલે ખૂબ જ કડક પગલાં લેવામાં આવશે. જેમાં સ્થળ પર જ દંડ કરવાથી લઈને દુકાનો સીલ કરવા સુધીની તમામ કાયદાકીય કાર્યવાહીઓનો સમાવેશ થાય છે. મેયર ડો. નેહલ શુક્લે મીડિયાના માધ્યમથી આવા વેપારીઓને સ્પષ્ટ ચેતવણી અને વિનંતી કરતા કહ્યું છે કે, તેઓ આ ભેળસેળ અટકાવે, કારણ કે આ એક ખૂબ જ ખરાબ ટ્રેન્ડ છે અને તેમના પોતાના બાળકો પણ ક્યાંક બહાર આવું ખાતા જ હશે.

## નાંદોદના ધારાસભ્ય ડો.દર્શના દેશમુખને કડવો અનુભવ

# ભાજપ ધારાસભ્યનું અપમાન; વોકઆઉટ સાથે રાજીનામાની ચીમકી !

### અપમાન થતાં ધારાસભ્ય ધરણા ઉપર બેસી ગયા તેના સમર્થનમાં સાંસદ મનસુખ વસાવા પણ ધરણામાં જોડાયા



## વડાપ્રધાન મોદીના સુશાસનના 12 વર્ષ પૂર્ણ થયાના ઉપલક્ષ્યમાં આયોજિત ‘પ્રબુધ્ધ નાગરિક સન્માન’ કાર્યક્રમમાં ભાજપનું આંતરિક રાજકારણ ગરમાયું

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

રાજપીપળાના આંબેડકર હોલ ખાતે વડાપ્રધાનના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં આયોજિત પ્રબુદ્ધ નાગરિક સન્માન કાર્યક્રમમાં નર્મદા જિલ્લા ભાજપનું આંતરિક રાજકારણ ગરમાયું છે. કાર્યક્રમ દરમિયાન નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખનું અપમાન થતાં અને પ્રોટોકોલ ન જળવાતાં તેઓ કાર્યક્રમ છોડીને બહાર નીકળી ગયા હતા. આટલું જ નહીં, તેઓ ઉગ્ર નારાજગી સાથે ગાંધી ચોક, વડીયા ખાતે ધરણાં પર બેસી ગયા છે, જ્યાં ભરૂચના સાંસદ મનસુખ વસાવા પણ તેમના સમર્થનમાં ધરણાંમાં જોડાયા છે.મળતી માહિતી મુજબ, આ કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને પૂર્વ વનમંત્રી ગણપતસિંહ વસાવા સહિતના અગ્રણીઓ હાજર હતા. કાર્યક્રમમાં સ્થાનિક મહિલા ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખનું યોગ્ય સ્વાગત કરવામાં આવ્યું ન હતું અને પ્રોટોકોલ જાળવવામાં આવ્યો ન હતો. સતત થઈ રહેલી ઉપેક્ષાથી નારાજ થઈને ધારાસભ્ય અધવચ્ચે જ કાર્યક્રમ છોડીને ચાલ્યા ગયા હતા.કાર્યક્રમમાંથી જતાં જતાં તેઓએ નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, મારું અપમાન કરવા માટે મને અહીંયા બોલાવો છો. હું ચૂંટણી જીતીને આવી છું, ઉપરથી પેરાગ્લાઈડિગ કરીને નથી આવી. પ્રમુખના કહેવાથી જ મારું અપમાન થયું છે. શું ભારતીય જનતા પાર્ટીની આ જ સ્થિતબદ્ધતા છે. આ લોકોને આદીવાસી સમાજની કાંઈ જ પડી નથી. ધરણાં પર બેઠેલા ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખે મીડિયા સમક્ષ આક્રોશ ઠાલવતાં ભાજપ સંગઠન અને ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપી દેવાની ચીમકી ઉચ્ચારી છે.તેમણે જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ રાવ પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષથી જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા મારું સતત અપમાન કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગરના એક મોટા મંત્રીનું પીઠબળ હોવાને કારણે જિલ્લા પ્રમુખ પોતાની મનમાની ચલાવી રહ્યા છે. લોકસભા કે અન્ય ચૂંટણીઓમાં સંગઠને પોતાની મનફાવતી વ્યક્તિઓને ટિકિટો વહેંચી દીધી અને મનમાની કરી, જેના કારણે જ આપણે ચૂંટણી હાર્યા છીએ.

ચૂંટણી દરમિયાન જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવે તેમના પર હાથ ઉઠાવ્યો હોવાના પ્રશ્નના જવાબમાં સાંસદ મનસુખ વસાવાએ આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપતા કહ્યું કે, એ શું મારા પર હાથ ઉઠાવે? એટલી તાકાત નથી. મારા પર હાથ ઉઠાવશે તો હું તેના હાથ ખેંચી નાખું. સાંસદના આ નિવેદનો બાદ નર્મદા જિલ્લાના રાજકીય માહોલમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ધારાસભ્યના સમર્થનમાં તાત્કાલિક દોડી આવેલા ભરૂચના સાંસદ મનસુખ વસાવા પણ તેમની સાથે ધરણાં પર બેસી ગયા છે. સાંસદે આ મામલાને આદિવાસી અસ્મિતા સાથે જોડીને સંગઠન સામે મોરચો માંડ્યો છે.

## તિહાર જેલના અધિકારી અજય ભાટિયાનો સનસનીખેજ ઈન્ટરવ્યુ

# ગેંગસ્ટર લોરેન્સ હનુમાનજીનો ભક્ત, તે યુવતિઓથી દૂર રહે છે !

## જેલરે કહ્યું: લોરેન્સની માનસિકતા વાંચવા તેમણે તેની સાથે એક કલાક વાત કરી હતી



### મંગળવાર-શનિવારે તે ચા પણ નથી પીતો ઉપવાસ રાખે છે....

### અજય ભાટિયાએ જ લોરેન્સને બીજી જેલમાં શિફ્ટ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો: સાબરમતીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા

### જેલમાં અંદર દરરોજ સુંદર કાંડના પાઠ કરે છે

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

કૂખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની સાયકોલોજી અને તેની જેલની અંદરની દબદબાની કહાની એક સાથે અનેક વિરોધાભાસોથી ભરેલી હોવાનું સામે આવ્યું છે. પૂર્વ જેલ અધિકારી અજય ભાટિયાના ખુલાસા મુજબ, લોરેન્સ એક તરફ કડક ધાર્મિક જીવનશૈલી અપનાવે છે, જ્યારે બીજી તરફ જેલની અંદર તેની ગેંગ અને પ્રભાવ યથાવત રહે છે.ભાટિયાના જણાવ્યા પ્રમાણે, લોરેન્સ સાથે થયેલી લગભગ એક કલાકની મુલાકાત દરમિયાન તેની માનસિકતા સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મુલાકાત દરમિયાન લોરેન્સે ચા પીવાની પણ ના પાડી હતી, કારણ કે તે મંગળવાર અને શનિવારે ઉપવાસ રાખે છે. લોરેન્સ પોતાને હનુમાનજીનો પરમ ભક્ત ગણાવે છે અને દરરોજ સુંદરકાંડનો પાઠ કરતો હોવાનું કહેવામાં આવે છે.માત્ર એટલું જ નહીં, લોરેન્સ પોતાની જીવનશૈલીમાં બ્રહ્મચર્યનું કડક પાલન કરતો હોવાનું પણ સામે આવ્યું છે. તે લંગોટનો પાકો હોવાનો દાવો કરે છે અને તેની ગેંગના મોટા ભાગના સભ્યો પણ અપરિણીત હોવાનું કહેવામાં આવે છે. યુવતીઓથી દૂર રહેવાની તેની માનસિકતા તેને અન્ય ગેંગસ્ટરો કરતા અલગ બનાવે છે.પરંતુ તેની આ ધાર્મિક છબીની સાથે જ જેલની અંદર તેનો દબદબો પણ એટલો જ મજબૂત હોવાનું જણાય છે. જેલમાં મોબાઈલ ફોનના વધતા ઉપયોગ અને ગેંગની ગતિવિધિઓને લઈને જ્યારે અધિકારીઓએ તેને અન્ય જેલમાં શિફ્ટ કરવાની ચર્ચા કરી, ત્યારે પરિસ્થિતિ તંગ બની ગઈ હતી.એક પ્રસંગે જેલના મુખ્ય સુપરિન્ટેન્ડેન્ટ અને લોરેન્સ બિશ્નોઈ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઘટનાએ તંત્રને ચોંકાવી દીધું હતું. આ અથડામણ બાદ તાત્કાલિક અસરથી લોરેન્સને ૮-૯ નંબર જેલમાં અને બાદમાં સાબરમતી જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.વિશેષજ્ઞોના મત અનુસાર, લોરેન્સની સાયકોલોજી ડ્યુઅલ પર્સનાલિટી દર્શાવે છે--- એક બાજુ ભક્તિ અને શિસ્તબદ્ધ જીવન, તો બીજી બાજુ અન્ડરવર્લ્ડમાં મજબૂત પકડ. જેલમાં હોવા છતાં તેની અસર અને નેટવર્ક ચાલુ રહે છે, જે કાયદા અને વ્યવસ્થાની સિસ્ટમ માટે ગંભીર પડકાર સમાન છે.આ સમગ્ર મામલો એ સવાલ ઊભો કરે છે કે, શું માત્ર જેલમાં રાખવાથી આવા ગેંગસ્ટરોના પ્રભાવને રોકી શકાય? કે પછી જેલની અંદર ચાલતી અદૃશ્ય સિસ્ટમને તોડવાની જરૂર છે?

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

Velvet Circle

# IMMERSIVE YOGA



## યશ મોરડિયા
(ઈન્ટરનેશનલ યોગા ટીચર)

19 JUNE 2025

AN IMMERSIVE WELLNESS EXPERIENCE LIKE NEVER BEFORE

SARAZA • RAJKOT

**BOOKING CONTACT**

**9913419494**

**9998998980**

## શું તમે રોજિંદા સ્ટ્રેસથી થાકી ગયા છો?

- શું તમે શાંતિ, એકાગ્રતા અને તાજગી શોધી રહ્યા છો?
- હવે અજમાવો ઈમર્સિવ યોગ જ્યાં યોગ સાથે ટેકનોલોજીનો અદ્ભુત સંગમ!



## શું ખાસ છે?

- શાંતિદાયક સંગીત અને સાઉન્ડ થેરાપી
- સુગંધિત વાતાવરણ સાથે ડીપ રિલેક્સેશન
- નિષ્ણાત માર્ગદર્શન હેઠળ યોગાસન અને ધ્યાન

## ફાયદા

- તણાવમાંથી તરત રાહત
- ધ્યાન અને એકાગ્રતા વધે
- મન-શરીરનું મજબૂત જોડાણ
- યોગમાં નવી ઊર્જા અને ઉત્સાહ
- હવે તમારા શહેરમાં ઉપલબ્ધ!
- આજે જ જોડાઓ અને અનુભવો "અસલી શાંતિ"

### નામમાં નાટક નિયમોનો ભંગ; અંતે તંત્ર જાગ્યુ ખરા

# 'હેલ્થી' ના નામે ફૂડ વેંચતી 8 કંપનીને FSSAI ની નોટિસ

'ઝીરો મેંદા બ્રેડ' અને 'ટ્રુ વિટામિન' જવા નામથી હેલ્થ પેકેટોનું વેચાણ એ નિયમોનું ઉલ્લંઘન

ભ્રામક દાવા કરતી 'ઈમામી' કંપનીને પણ નોટિસ




fssai ખોટા અને ભ્રામક દાવા કરનારા સામે કડક કાર્યવાહી થશે: FSSAI

NOTICE

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ રવિવારે દેશની ૮ મોટી ફૂડ કંપનીઓને કારણદર્શક નોટિસ જારી કરી છે. આ કંપનીઓ પર તેમના ઉત્પાદનોના બ્રાન્ડ નામ, ટ્રેડ નામ અને જાહેરાતોમાં ગ્રાહકોને ગેરમાર્ગે દોરનારા દાવા કરવાનો આરોપ છે. રેગ્યુલેટરે સ્પષ્ટ કર્યું છે કે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ હેઠળ આવા ભ્રામક નામો રાખવા સખત પ્રતિબંધિત છે.

સવાલ ૧: FSSAIએ આ મોટી કાર્યવાહી શા માટે કરી છે અને મુખ્ય મામલો શું છે?

જવાબ: બજારમાં ઘણી કંપનીઓ તેમના ઉત્પાદનો વેચવા માટે એવા બ્રાન્ડ નામ અથવા ટ્રેડ નેમનો ઉપયોગ કરી રહી છે, જે ગ્રાહકોને ખોટી માહિતી આપે છે. રેગ્યુલેટરે શોધી કાઢ્યું કે આ ૮ ફૂડ બિઝનેસ ઓપરેટર્સ (FBOs) ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી રહ્યા હતા. તેઓ એવા દાવા કરી રહ્યા હતા જે તેમના ઉત્પાદનોની ગુણવત્તા સાથે સુસંગત ન હતા.

સવાલ ૨: કઈ-કઈ ૮ કંપનીઓને રેગ્યુલેટરે નોટિસ ફટકારી છે?

જવાબ: FSSAIએ જે કંપનીઓને અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા નોટિસ જારી થવાની જાણકારી આપી છે, તેમના નામ આ મુજબ છે:
ઈમામી હેલ્ધી એન્ડ ટેસ્ટી (Emami Healthy & Tasty), હેલ્થ એડ (Health Aid), ટ્રુવી (Troovy), ધ હેલ્ધી ફેક્ટરી (The Healthy Factory), હેલ્ધી માસ્ટર (Healthy Master), હેલ્ધી ચોઇસ (Healthy Choice), પ્લાન બી (Plan B), ન્યુહર્બ્સ (Neuherbs)

સવાલ ૩: કોલકાતાના ઈમામી ગ્રુપની કંપની 'ઈમામી હેલ્ધી એન્ડ ટેસ્ટી' પર શું આરોપ છે?

જવાબ: આ કાર્યવાહીમાં સૌથી મોટું અને મુખ્ય નામ કોલકાતા સ્થિત ઈમામી ગ્રુપના કુકિંગ ઓઇલ ડિવિઝન 'ઈમામી હેલ્ધી એન્ડ ટેસ્ટી'નું છે. FSSAI અનુસાર આ બ્રાન્ડનું ટ્રેડ નામ ગ્રાહકોને ગેરમાર્ગે દોરી શકે છે.રેગ્યુલેટરે જણાવ્યું કે આ નામ પ્રથમ દ્રષ્ટિએ FSSAI ના લાગુ નિયમોથી વિપરીત જણાય છે, કારણ કે તે સીધી રીતે પ્રોડક્ટના 'હેલ્ધી' હોવાનો દાવો કરે છે જે કોઈ નક્કર પુરાવા વિના સાચું નથી.

સવાલ ૪: 'ધ હેલ્ધી ફેક્ટરી'ના 'ઝીરો મેંદા'ના દાવાઓ પર શું વાંધો ઉઠાવવામાં આવ્યો છે?

જવાબ: 'ધ હેલ્ધી ફેક્ટરી' તેના ઉત્પાદનોને 'ઝીરો મેંદા હોલ વ્હીટ બ્રેડ'ના નામથી વેચે છે. FSSAIની તપાસમાં સામે આવ્યું કે આ બ્રેડમાં ચક્કી ફ્રેશ લોટની સાથે 'વ્હીટ ગ્લુટેન' પણ સામેલ છે. આમ છતાં તેને 'ઝીરો મેંદા' તરીકે પ્રચારિત કરવું ગ્રાહકોને ભ્રમિત કરવા સમાન છે. આ ઉપરાંત, કંપનીના 'ઝીરો મેંદા પિઝા બેઝ' પર પણ આ જ વાંધો ઉઠાવવામાં આવ્યો છે કે આ દાવો સંપૂર્ણપણે નિયમોનું ઉલ્લંઘન છે.

સવાલ ૫: 'પ્લાન બી' કંપની પર વીગન પ્રોડક્ટ્સને લઈને શું ગડબડ જોવા મળી?

જવાબ: પ્લાન બી નામની કંપની પોતાના ઉત્પાદનોને પ્લાન્ટ બેઝ્ડ વીગન કહીને બજારમાં વેચી રહી છે. FSSAI ના નિયમો મુજબ, કોઈપણ ઉત્પાદનને વીગન ઘોષિત કરવા અને તેના પ્રચાર માટે પોતાના FSSAI લાઇસન્સમાં 'વીગન ફૂડ એન્ડોર્સમેન્ટ' મંજૂરી લેવી જરૂરી હોય છે. આ કંપનીએ આવી કોઈ મંજૂરી લીધી ન હતી, છતાં ગ્રાહકોને એવો અહેસાસ કરાવ્યો કે તેમના ઉત્પાદનો પ્રમાણિત વીગન છે.

સવાલ ૬: ન્યૂહર્બ્સના 'True Vitamin' અને હેલ્થ એડના બ્રાન્ડ નામમાં શું ખામી મળી?

જવાબ: ન્યુહર્બ્સ કંપનીની એક સંપૂર્ણ પ્રોડક્ટ લાઇન છે જેનું નામ 'ટ્રુ વિટામિન' છે. FSSAI એ આ અંગે જણાવ્યું કે 'True Vitamin' જેવું ટ્રેડ નામ FSSAI ના કોઈપણ રેગ્યુલેશન હેઠળ ન તો વ્યાખ્યાચિત છે અને ન તો તેને માન્યતા પ્રાપ્ત છે. આવા બિન-માન્યતા પ્રાપ્ત શબ્દોનો ઉપયોગ ગ્રાહકોને ગેરમાર્ગે દોરી શકે છે. તેમજ, હેલ્થ એડ ના બ્રાન્ડ નામને પણ આ જ આધારે ફ્લેગ કરવામાં આવ્યું છે કે આ નામ પ્રોડક્ટને લઈને ભ્રમ પેદા કરે છે.

## પાણી બન્યુ ઝેર; પ્રદુષિત પાણીથી 6 ગામના લોકો હવે લડી લેવાના મૂડમાં

# બાલાજી ફેક્ટરી સામે જન આંદોલનનું એલાન!

**સ્થાનિક અગ્રણીઓએ કહ્યું;**
બાલાજી વેફર્સ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના નામે માત્ર દેખાડો કરે છે વાસ્તવિકતામાં ગ્રામજનોનું જીવવું હરામ કરી રહ્યાં છે







## રાજકીય નેતાઓ ચૂંટણી ટાણે જ મોઢું બતાવે છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં બાલાજી વેફર્સ દ્વારા પ્રદૂષણનો વિવાદ વધુ ઘેરાયો છે.રાજકોટની ન્યારી નદીમાં બાલાજી વેફર્સ દ્વારા દૂષિત પાણી છોડાતાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બાલાજી વેફર્સના પ્રદૂષણના મામલે આસપાસના ૬થી વધુ ગામોને અસર થઇ હોવાનું ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો.ન્યારી નદીમાં દૂષિત પાણી છોડાતો હોવાથી ફેક્ટરી પાછળનો વિસ્તાર પ્રદૂષિત બન્યાનો દાવો કરાયો છે. બાલાજી વેફર્સના પ્રદૂષણના કારણે ખેતી અને જમીનમાં જળસ્તરને ગંભીર અસર થઇ હોવાનો આસપાસના ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.રાજકોટના હરિપર સહિત અનેક ગામો આ મુદ્દે પોલ્યુશન બોર્ડ, વહીવટી તંત્ર સામે ફરિયાદ કરવાની તૈયારી દર્શાવામાં આવી છે.દૂષિત પાણીનો રિપોર્ટ જાહેર કરવાની માંગ સાથે બાલાજી વેફર્સ ફેક્ટરી સામે જનઆંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.




## ખેડૂતો અને ભૂગર્ભ જળને અસરની ફરિયાદ

સ્થાનિક અગ્રણીઓ અને પૂર્વ સરપંચોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, બાલાજી વેફર્સ દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના નામે માત્ર મોટો દેખાડો કરવામાં આવે છે.પરંતુ વાસ્તવિકતામાં તેઓ ગ્રામજનોનું જીવવું હરામ કરી રહ્યા છે.નેતાઓ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સામે પણ લોકોમાં ભારે રોષ છે. ગ્રામજનોનો આરોપ છે કે અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં છે અને રાજકીય નેતાઓ માત્ર ચૂંટણી ટાણે જ મોઢું બતાવે છે.જો આ પ્રદૂષણ પર તાત્કાલિક રોક લગાવવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં આ સમગ્ર વિસ્તાર રહેવાલાયક નહીં રહે તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે.

# કોંગ્રેસના ખેડૂત આંદોલનને 'આપ'નો ફૂલ ટેકો !

### ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ કહ્યું

## ખેડૂતોનો મુદ્દો વિવાદમાં ન ફેરવાય એટલે ટ્રેક્ટર યાત્રાથી દૂર રહેવાનો નિર્ણય

### માત્ર વળતર નહીં, ખેડૂતોના હિતમાં નવો કાયદો બનાવાની જરૂર



સિટી ન્યૂઝ@ગાંધીનગર

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે ગુજરાતના ખેડૂતોનો સળગતો મુદ્દો એટલે કે પોલીસના સહારે ખાનગી કંપનીઓ દ્વારા દાદાગીરીપૂર્વક વીજ ટ્રાન્સમિશન લાઈનોના થાંભલા નાખવાની સરકારની દમનકારી નીતિ સામે ખેડૂતો દ્વારા ખેડૂત ટ્રેક્ટર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરી મહિનામાં યોજાયેલા બજેટ સત્ર દરમિયાન મેં ત્રણ અલગ અલગ રીતે આ મુદ્દો ઉઠાવ્યો હતો. એક વખત તારાંકિત પ્રશ્ન, એક વખત દરખાસ્ત અને એક વખત પ્રાઈવેટ મેમ્બર બિલ દ્વારા ખાનગી વીજ કંપનીઓની દાદાગીરી સામે ખેડૂતોનો અવાજ સરકાર સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. છેલ્લા ઘણાં દિવસોથી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ખેડૂતોના ખેતરોમાં જબરદસ્તીથી થાંભલા નાખવાના બનાવો સામે આવી રહ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લાના કોંઢ ગામે ખેડૂતો અને વડીલો સાથે થયેલી ચર્ચામાં ખેડૂતો દ્વારા સ્વયંભૂ રીતે ખેડૂત ટ્રેક્ટર યાત્રા દ્વારા સરકાર સુધી પોતાનો અવાજ પહોંચાડવાનો નિર્ણય લેવાયો હતો. મોરબી જિલ્લાના જેતપર ગામે પણ ખેડૂતો ટ્રેક્ટર યાત્રા સાથે જોડાશે તેવી ચર્ચા થઈ હતી. ત્યારબાદ ઈસુદાન ગઢવી અને અમે સૌએ સ્પષ્ટ જણાવ્યું હતું કે ખેડૂતોના મુદ્દે અમારો સંપૂર્ણ ટેકો છે. અમે કોઈ પક્ષીય કે રાજકીય વાત નથી કરતા, પરંતુ ખેડૂતોના પ્રતિનિધિ અને સુખચિંતક તરીકે ખેડૂતોના પ્રશ્નો ઉઠાવીએ છીએ.

ગોપાલ ઇટાલિયાએ વધુમાં જણાવ્યું હતુ કે જ્યારે અમે ખેડૂત ટ્રેક્ટર યાત્રાને સમર્થન જાહેર કર્યું ત્યારે કોંગ્રેસના કેટલાક મિત્રોએ અમારી સામે કઠોર ટીકા-ટિપ્પણીઓ કરી. જો કોંગ્રેસના મિત્રો એવું ન ઈચ્છતા હોય કે અમે ખેડૂતોના મુદ્દે સહયોગ આપીએ તો પણ અમને કોઈ વાંધો નથી.

### AAP પ્રમુખ ઈસુદાન ગઢવીનું નિવેદન



## મુદ્દો ભટકાય નહીં એટલા માટે રેલીમાં જોડાયો નથી 54 લાખ ખેડૂત પરિવારોની માફી માગું છું

### અમારે કોઈ આંદોલન હાઈજેક કરવાની જરૂર નથી

સિટી ન્યૂઝ@ગાંધીનગર

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ફેસબૂક લાઈવના માધ્યમથી એક મહત્વપૂર્ણ મુદ્દા પર વાત કરતા જણાવ્યું હતું કે, આખા ગુજરાતમાં ભાજપના દબાણથી કંપનીઓ અને કોન્ટ્રાક્ટર દ્વારા પોલીસનો દુરુપયોગ કરીને વીજલાઈનો નાખવામાં આવી રહી છે. જે મુદ્દે અમે જેતપુર ગામે ગયા હતા અને ત્યાં ખેડૂતોની માંગ હતી કે અમે ટ્રેક્ટર રેલીમાં જોડાઈએ અને અમે પણ કહ્યું કે ખેડૂતનો મુદ્દો અને ખેડૂતનું કામ હોય તો અમે પણ જોડાઈશું અને આમ આદમી પાર્ટીના એક એક કાર્યકર્તાઓ પણ જોડાશે. પણ જ્યારે ખેડૂતના નામે અમુક લોકો અને અમુક પોલિટિકલ પાર્ટીઓ પોતે કોઈના ઈશારે રાજકારણ કરે અને નિવેદનો કરે ત્યારે દુખ થાય છે. તો આજે હું આ રેલીમાં નથી જોડાઈ શકતો એનું મને દુખ છે અને હું માફી ચાહું છું પરંતુ આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા ખેડૂતો આ ટ્રેક્ટર રેલીમાં ચોક્કસ જોડાશે. ખેડૂતોના મુદ્દે દરેક પાર્ટીના દરેક લોકોએ જોડાવું જોઈએ, પરંતુ ખબર નહીં રાહુલ ગાંધીને શું પીડા થઇ અથવા તો અમુક લોકોની ભાજપના નેતાઓ સાથે સાંઠગાંઠ હશે એ લોકો નહોતા ઈચ્છતા કે ગોપાલ ઇટાલીયા અને ઈસુદાન ગઢવી આ ટ્રેક્ટર રેલીમાં જોડાય. આ લડાઈને અમારું સમર્થન છે પરંતુ મુદ્દો ભટકાય નહીં એટલા માટે હું આ રેલીમાં જોડાવાનો નથી અને હું આ બદલ ૫૪ લાખ ખેડૂત પરિવારોને માફી માગું છું.

વધુમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, હું ખાતરી આપું છું કે ખેડૂતોના મુદ્દાને અમે અટકવા નહીં દઈએ.

**ન્યૂઝીલેન્ડમાં અનોખુ અભિયાન : મહિલાઓનું અનોખું કેન્સર એવરનેસ અભિયાન**

# હજારો બ્રા લટકાવીને વિશ્વને સંદેશ બ્રેસ્ટ કેન્સર સામે જાગો!




## ધોરાજી માનવ સેવા યુવક મંડળના ધર્મેન્દ્ર બાલરીયાએ આ સ્થળની મુલાકાત લીધી ત્યાં હાજર લોકોની અનોખી સેવા પ્રવૃત્તિને બિરદાવી હતી



**સિટી ન્યૂઝ@વેલિંગ્ટન**

ન્યૂઝીલેન્ડ ના ક્વીન ટાઉનથી હજારો મીટરની ઊંચાઈ પર આવેલું ઓટાગો શહેરથી દૂર બ્રા ડોના સ્થળ આવેલું છે ત્યાં ૧૯૮૮થી વનાકાની દક્ષિણ ખીણમાં આવેલ ક્વીન્સ ટાઉન થી વનાકા રોડ પર આવેલા રમણીય સ્થળ પર બહોળી સંખ્યામાં મહિલાઓનાં અંત્ર વસ્ત્રો લટકાવા આવે છે અને હજારો વિદેશી પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લે છે આ અંગે ત્યાં હાજર કિવી યુવતીને પુછતા તેમણે જણાવ્યું કે મહિલાઓને થતાં બ્રેસ્ટ કેન્સરનની જનજાગૃતિના ભાગરૂપે આ કાર્ય કરવામા આવેલ છે અને અહીં સમગ્ર વિશ્વમાંથી પ્રવાસીઓ અહીં આવે છે અને બ્રેસ્ટ કેન્સરની જનજાગૃતિ માટે કાર્યે કરી મહિલા ઓને મદદ કરી શકાય છે.

આ સ્થળે આવી અમુક લોકો ગોડ પાસે પ્લે કરે છે કે સમગ્ર વિશ્વમાં મહિલા ઓને બ્રેસ્ટ કેન્સરના દર્દીઓ ને મદદ કરી શકાય આ સ્થળની મુલાકાત માનવ સેવા યુવક મંડળના ધર્મેન્દ્ર બાબરીયા એ મુલાકાત લીધી અને ત્યાં હાજર રહેલ લોકોને સુભેક્ષા મુલાકાત લીધી હતી અને તેઓની સેવા ઓને બિરદાવી હતી.

હજારો મીટરની ઊંચાઈ પર આવેલું ઓટાગો શહેર થી દૂર બ્રા ડોના સ્થળ આવેલું છે ત્યાં ૧૯૮૮થી વનાકાની દક્ષિણ ખીણમાં આવેલ ક્વીન્સ ટાઉનથી વનાકા રોડ પર આવેલા રમણીય સ્થળ પર હજારોની સંખ્યામાં મહિલાઓનાં અંત્ર વસ્ત્રો લટકાવી દેવામાં આવેલ છે અને હજારો વિદેશી પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લે છે આ અંગે ત્યાં હાજર કિવી યુવતીને પુછતા તેમણે જણાવ્યું કે મહિલાઓને થતાં બ્રેસ્ટ કેન્સરનની જનજાગૃતિના ભાગરૂપે આ કાર્યે કરવામા આવેલ છે અને અહીં સમગ્ર વિશ્વમાંથી પ્રવાસીઓ અહીં આવે છે અને બ્રેસ્ટ કેન્સરની જનજાગૃતિ માટે કાર્યે કરી મહિલા ઓને મદદ કરી શકાય છે.

આ સ્થળે આવી અમુક લોકો ગોડ પાસે પ્લે કરે છે કે સમગ્ર વિશ્વમાં મહિલાઓને બ્રેસ્ટ કેન્સરના દર્દીઓને મદદ કરી શકાય એ સ્થળએ ધોરજી માનવ સેવા યુવક મંડળના ધર્મેન્દ્ર બાબરીયાએ મુલાકાત લીધી અને ત્યાં હાજર રહેલ લોકોની સુભેક્ષક મુલાકાત લીધી હતી અને તેઓની સેવા ઓને બિરદાવી હતી.



- **ન્યૂઝીલેન્ડના ક્વીન્સ ટાઉન પાસે કારડોના વેલી પાસે બ્રા ડોના આકર્ષણનું કેન્દ્ર**
- **વિશાળ સંખ્યામાં મહિલાઓ પોતાના અંત્ર વસ્ત્રો લટકાવી**
- **બેસ્ટ કેન્સરની જનજાગૃતિ અભિયાન ચલાવીને હજારો મહિલાઓને મદદ કરાય**

ઈંડામાં કરોડોની કમાણી ! ગુજરાતમાં રોજ 17 કરોડનો વેપાર

# ભારતમાં દરરોજ 250 કરોડ ઈંડાનો વેપાર : રાજકોટમાં 35 લાખ ઈંડાનું રોજનું વેંચાણ !



## ઈંડુ બન્યું ગોલ્ડ

### રાજકોટમાં દૈનિક 5 થી 7 લાખ ઈંડાનું વેંચાણ દૈનિક ટર્નઓવર 35 થી 45 લાખ

## શિયાળામાં ડબલ માંગ વધે છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં ઈંડાના બજારમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. આરોગ્યપ્રદ આહાર તરીકે ઈંડાની વધતી માંગને કારણે રોજના કરોડો રૂપિયાનું વેચાણ થઈ રહ્યું છે. અંદાજ મુજબ ગુજરાતમાં દરરોજ ૨ થી ૨.૫ કરોડ જેટલા ઈંડાનું વેચાણ થાય છે, જેના કારણે દૈનિક ૧૦ કરોડથી ૧૭ કરોડનો ટર્નઓવર થાય છે.

વિશેષ કરીને શિયાળાની સિઝનમાં ઈંડાની માંગ વધુ વધે છે, જ્યારે હોટેલ, લારીઓ, ફાસ્ટફૂડ અને બેકરી ઉદ્યોગમાં તેનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે. આરોગ્ય જાગૃતિ વધતા લોકો રોજિંદા આહારમાં ઈંડાને મહત્વ આપતા થયા છે.

રાજકોટ શહેરમાં પણ ઈંડાના વેપારમાં તેજી જોવા મળી રહી છે. શહેરમાં દરરોજ અંદાજે ૫ થી ૭ લાખ ઈંડાનું વેચાણ થાય છે, જેનાથી ૩૦ લાખથી ૪૫ લાખ જેટલો દૈનિક વેપાર થાય છે. રસ્તા પરની લારીઓથી લઈને રેસ્ટોરન્ટ સુધી ઈંડાની ડિમાન્ડ સતત વધી રહી છે.

વેપારીઓના જણાવ્યા મુજબ, ઈંડા સસ્તું અને પૌષ્ટિક આહાર હોવાને કારણે દરેક વર્ગના લોકોમાં તેની માંગ સ્થિર રહે છે. આવનારા સમયમાં આ બજાર વધુ વિસ્તરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ભારતના મરઘાં ઉદ્યોગમાં તમિલનાડુનું નમક્કલ શહેર એક વૈશ્વિક હબ તરીકે ઉભરી આવ્યું છે. દેશભરમાં 'એગ સિટી' તરીકે પ્રખ્યાત આ નાનકડું શહેર દરરોજ ૬ થી ૭ કરોડ ઈંડાનું જંગી ઉત્પાદન કરે છે.

### ભારતનો ઈંડા બજાર (અંદાજ)

- ભારતમાં દર વર્ષે અંદાજે ૧૩૦૧૪૦ અબજ (બિલિયન) ઈંડાનું ઉત્પાદન થાય છે
- એટલે દરરોજ આશરે ૩૫૩૮ કરોડ ઈંડા વેચાય છે
- કિંમતનો અંદાજ
- એક ઈંડાની સરેરાશ કિંમતઃ ૫ થી ૭ (લોકેશન પ્રમાણે બદલાય)
- એટલેઃ
- ૩૫ કરોડ × ૫ = ૧૭૫ કરોડ
- ૩૮ કરોડ × ૭ = ૨૬૬ કરોડ
- અંતિમ અંદાજઃ
- ભારતમાં દરરોજ અંદાજે ૧૭૫ કરોડથી ૨૫૦ કરોડ જેટલા ઈંડાનું વેચાણ થાય છે

### રાજકોટમાં ઈંડાનું વેચાણ (અંદાજ)

- રાજકોટ શહેર + આસપાસનો વિસ્તારઃ ~૧૫૨૦ લાખ લોકો
- દરરોજ પ્રતિ વ્યક્તિ સરેરાશ ખપત (ડાયરેક્ટ + હોટેલ/લારી): ~૦.૩૦.૪ ઈંડા
- એટલે રાજકોટમાં દરરોજઃ
- ૫ થી ૭ લાખ ઈંડા વેચાય છે
  કિંમત મુજબ
- ૬ સરેરાશ ગણીએ
- દૈનિક ટર્નઓવરઃ
- ૩૦ લાખ થી ૪૫ લાખ

# સેવા પરમો ધર્મ જેને પોતાના જીવનમાં વણી લીધું હતું



# સાદગી, વફાદાર, પ્રમાણિકતા એટલે જનકભાઈ કોટક

રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના વર્ષો જુના સ્વંયસેવક અને ભારતીય જનસંઘના અને ભાજપના અગ્રણી રાજકોટના પૂર્વ મેયર અને રાજકોટ મહાનગરપાલિકામાં સાત સાત ટર્મ કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા અને સેવાકીય કાર્યના માધ્યમથી જ જાહેરજીવનમાં પોતાની ઓળખ ઉભી કરનારા શ્રી જનકભાઇ મોરારજીભાઈ કોટકનું આજરોજ રાજકોટ ખાતે બિમારી દરમિયાન ૮૦ વર્ષની વયે દુખદ અવસાન થયેલ છે. સ્વ.કોટક છેલ્લા ચાર દિવસથી બીમાર હતા. અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન પામ્યા હતા.

સ્વ. કોટકનો જન્મ તા. ૬/૬/૧૯૪૭ના થયેલ હતો. શિશુકાળથી તેમના પિતાજી સ્વ. મોરારજીભાઈ કોટકના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સ્વંયસેવક તરીકે કામમાં જોડાયેલા હતા.

રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપના ૧૯૭૩ માં કરવામાં આવેલ અને ૧૯૭૫માં યોજાયેલી રાજકોટ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં ભારતીય જનસંઘના ઉમેદવાર તરીકે વોર્ડ નંબર ૧૭ એટલે જંકશન પ્લોટ; કોઠી કમ્પાઉન્ડ ; કૈલાસવાડી સહિતના વિસ્તારોમાં થી જંગી બહુમતી થી વિજેતા થયા ત્યારથી માંડીને ૧૯૮૧; ૧૯૮૭; ૧૯૯૫; ૨000; ૨૦૦૫; ૨૦૧૦ કુલ મળીને સાત સાત ટર્મ સુધી એકજ વોર્ડમાંથી સતત ચૂંટણીમાં વિજેતા બની સમગ્ર વિસ્તારને ભાજપના મજબૂત ગઢ તરીકે અંકિત કરેલ હતો.

સ્વ. કોટકની પ્રતિષ્ઠા ભારતીય જનતા પાર્ટીના એક વફાદાર; પ્રમાણિક અગ્રણી તરીકેની ઓળખ સમગ્ર રાજકોટ શહેરમાં હતી. ભાજપના પ્રદેશના મોવડીમંડળ દ્વારા રાજકોટ મહાનગરપાલિકામાં મેયર; ડેપ્યુટી મેયર; સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ભાજપના નેતા એમ ચારેય મહત્વના સ્થાન ઉપર શ્રી કોટકની પસંદગી કરવામાં આવી હતી.

સ્વ. જનકભાઈ કોટક ભારતીય જનતા પાર્ટીના રાજકોટ શહેર સિવાયની અન્ય શહેરોમાં નગરપાલિકા; મહાનગરપાલિકા; ધારાસભા/ લોકસભાની પેટા ચુંટણીઓમાં પોતાના વોર્ડના કાર્યકર્તાઓની ટીમ સાથે પહોંચી જતા હતા.

સ્વ. કોટક ભાજપના પક્ષના બંધારણ પ્રમાણે ની સર્વોચ્ચ બોડી પૈકીની એક રાષ્ટ્રીય પરિષદ(National Council)ના સભ્ય તરીકેજવાબદારી સોંપવામાં આવી હતી.

૧૯૭૪માં નવનિર્માણ આંદોલન હોય કે રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપના સમયે ભાદરની પાઈપલાઈન માટેનું આંદોલન હોય કે અસામાજિક તત્ત્વો સામેની લડત હોય સ્વ. કોટક હંમેશા અગ્રેસર રહેતા હતા.

સ્વ. કોટક ૧૯૭૫-૭૬માં ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા લાદવામાં આવેલી આંતરિક કટોકટી સમયે "મીસા" ના કાયદા હેઠળ કારાવાસ કરવામાં આવ્યો હતો.

સ્વ. કોટક રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને સારવાર માટે હંમેશા ખડેપગે ઉપસ્થિત રહેતા હતા. દર્દીઓને સારવાર દરમિયાન દવાઓ હોસ્પિટલમાં ઉપલબ્ધ ન હોય તો દાતાઓના સહયોગ વડે દવાઓની સગવડતા કરી આપતા હતા. એટલુજ નહીં હોસ્પિટલમાં સારવાર દરમિયાન દર્દીઓને લોહીની જરૂરીયાત હોય તો લોહીની વ્યવસ્થા કરવામાં અગ્રેસર રહેતા હતા. હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ મૃત્યુ પામ્યા બાદ તેઓની અંતિમક્રિયા કરનાર કોઈ ન હોય તો આવી બિનવારસી મૃતદેહ ના અગ્નિસંસ્કાર કરાવતા હતા.

સ્વ. કોટક જામનગર રોડ ઉપર પોલીસ હેડક્વાર્ટર ની સામે આવેલા કનકેશ્વર મહાદેવ મંદિર માં પવિત્ર શ્રાવણ માસમાં અન્નક્ષેત્ર નું સંચાલન કરતા હતા. અહીંયા ગરીબ લોકોને વિના મૂલ્યે ભોજન આપવામાં આવતું હતું.

સ્વ. કોટક જંકશન પ્લોટ વિસ્તારમાં છેલ્લા ૪૫ વર્ષથી નવરાત્રીના તહેવારો માં પ્રથમ નોરતા થી ચેક શરદપુનમ સુધી પ્રાચીન ગરબી નું સંચાલન કરતા હતા. જાહેરજીવનમાં મહત્વનું સ્થાન હોવા ની સાથે સાથે ગરબી સંચાલનને પણ સ્વ. કોટક અગ્રતા આપતા હતા. નવરાત્રીના તહેવાર પહેલા ૨૦ દિવસ પહેલા પ્રેક્ટિસ કરવાથી માંડીને તમામ વ્યવસ્થા સ્વ. કોટક કરતા હતા. સ્વ. કોટકના સંચાલન વાળી આ પ્રાચિન ગરબી રાજકોટ શહેરની પ્રાચીન ગરબીઓમાં મશહૂર છે.

સ્વ. કોટક લોહાણા સમાજની વિવિધ સામાજીક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા હતા.. પૂ. જલારામબાપાની જન્મજયંતી હોય કે પૂ. દાદા જશરાજની જન્મજયંતિ હોય તે નિમિત્તે ના કાર્યક્રમો માં તેઓ મોખરે રહેતા હતા.

સ્વ.કોટક નું સમગ્ર પરિવાર રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના રંગે રંગાયેલું છે. જંકશન પ્લોટ વિસ્તારમાં લાગતી રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ ની શાખામાં એક જ પરિવાર ના ચાર ચાર પેઢીના સભ્યો જોડાયેલા છે. સ્વ. કોટકની વિદાય એક સામાજિક; રાજકીય મોટી ખોટ સમગ્ર રાજકોટ શહેર ને રહેશે.



### ફ્રી મેળો, ફૂલ રિસ્પોન્સ; 125 દિકરીઓ અને 225 દીકરાઓએ હાજરી આપી

# સગપણ માટે સુપર પ્લેટફોર્મ સાબિત થયું રઘુવંશી સમાજનો મહાપરિચય મેળો...

## 350 દિલ, એક મંચ; કિરીટ કેશરીયા, પંકજ જોબનપુત્રાની મહેનત રંગ લાવી રવિવારે હેમુગઢવી હોલમાં રઘુવંશી સમાજનો ગ્રાન્ડ શો ! યુવક યુવતિઓનો ઉમળકો













**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગઈકાલે રવિવાર, તા. ૧૪ જૂનના રોજ રાજકોટના ટાગોર રોડ સ્થિત હેમુ ગઢવી હોલ ખાતે રઘુવંશી સમાજના યુવક-યુવતીઓ માટે ભવ્ય નિશુલ્ક રઘુવંશી મહાપરિચય મેળો અને સ્નેહમિલનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના આગેવાનો કીરીટભાઈ કેશરીયા અને પંકજભાઈ જોબનપુત્રા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બપોરે ૨ થી ૭ દરમિયાન ૧૨૫ દીકરીઓ અને ૨૨૫ દીકરાઓએ હાજરી આપી હતી.

આ મેળાએ સમાજના પરિવારોને એક જ છત નીચે લાવી સગપણ માટે એક સારો અને વિશ્વસનીય પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. ખાસ વાત એ રહી કે સમગ્ર કાર્યક્રમ ઉમેદવારો માટે સંપૂર્ણપણે નિશુલ્ક રાખવામાં આવ્યો હતો તેમજ તમામ માટે ભોજનની ઉત્તમ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન સમાજમાં સ્વાસ્થ્ય જાગૃતિ લાવવાના ઉદ્દેશ સાથે “પહેલા થેલેસેમિયા ટેસ્ટ, પછી જ સગાઈ કે લગ્ન” જેવા મહત્વપૂર્ણ સંદેશનો પ્રચાર કરવામાં આવ્યો હતો, જેને ઉપસ્થિત લોકોએ વ્યાપક સમર્થન આપ્યું હતું.

મહિલા ટીમ દ્વારા કાર્યક્રમનું સંચાલન ખૂબ જ સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું, જેમાં વિદિતાબેન કેશરીયા અને રીટાબેન જોબનપુત્રાએ ખાસ જહેમત ઉઠાવી હતી.




આ પ્રસંગે શહેરના અનેક અગ્રણીઓએ હાજરી આપી હતી. મુખ્ય મહેમાન તરીકે ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ રાજુ પોબારૂ, ડૉ. નિશાંત ચોટાઈ, પૂર્વ પ્રમુખ કાશ્મીરાબેન નથવાણી તથા સમાજના આગેવાન અને સિટી ન્યૂઝ ના.માલિક નિતિનભાઈ નથવાણી ઉપસ્થિત રહ્યા હતા.

તે ઉપરાંત પરેશ પોપટ, ધવલ ખખ્ખર, નિલેશ કોટેચા, પ્રહલાદભાઈ પારેખ, શૈલેષભાઈ પાબારી, કિશોરભાઈ કોટક, પરેશભાઈ વિઠલાણી અને દિનેશભાઈ લાખાણી, સોનલબેન વસાણી, નિયતિબેન નથવાણી, રૂપાબેન મજીઠીયા સહિતના આગેવાનો હાજર રહી આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા અને યુવક-યુવતીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી.

આ મહાપરિચય મેળો સમાજમાં એકતા અને નવી પેઢી માટે સકારાત્મક દિશા દર્શાવતો સફળ પ્રયાસ સાબિત થયો છે.

# સમજણનો અભાવ ? મંત્રીના બોલથી વિવાદ !

## કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારાનું નિવેદન

# શિક્ષકો આળસુ તેઓ મોબાઈલમાં જ રચ્યા પચ્યા રહે છે



AI IMAGE

## મંત્રીના નિવેદનથી શિક્ષકોમાં રોષ ફાટી નિકળ્યો

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

મંત્રી રમેશભાઈ કટારાના શિક્ષકો વિશેના નિવેદન સામે અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળે વિરોધ નોંધાવ્યો છે. મંડળે મંત્રીઓ અને ધારાસભ્યોને મળતી મોંઘી સવલતો સામે સવાલો ઉઠાવી આકરી પ્રતિક્રિયા આપી છે. શિક્ષકોનો તર્ક છે કે જનપ્રતિનિધિઓના પગાર વધારા સામે ક્યારેય વિરોધ કરાયો નથી, તો પછી શિક્ષકોના પગાર વિશે આવું નિવેદન કેમ? મંડળે આ નિવેદન પાછું ખેંચવાની માંગ કરી છે.

કૃષિ રાજ્યમંત્રી રમેશભાઈ કટારા દ્વારા ગોધરા ખાતે એક જાહેર કાર્યક્રમમાં શિક્ષકોના પગાર અને કામગીરીને લઈને કરવામાં આવેલી ટિપ્પણીથી રાજ્યના ત્રણ લાખ જેટલા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોમાં રોષ જોવા મળ્યો છે. મંત્રીએ નિવેદન કર્યું હતું કે, "શિક્ષકોના પગાર વધ્યા હોવા છતાં તેમની પગારની ભૂખ સંતોષાતી નથી." આ નિવેદનને શિક્ષક સંગઠનોએ સમગ્ર શિક્ષણ જગતનું અપમાન ગણાવ્યું છે.

ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘ અને અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળે મંત્રીના આક્ષેપોને નકારતા જણાવ્યું છે કે, શિક્ષકોને મળતો પગાર કે પગાર પંચએ કોઈ દાન નથી, પરંતુ તેમના કામનો હક છે. સંઘે સ્પષ્ટ કર્યું છે કે, છેલ્લા પાંચ વર્ષથી શિક્ષકો પર અનેક પ્રકારની ઓનલાઇન કામગીરીનો ભાર લાદવામાં આવ્યો છે. જેમાં BLO, SSID, વસ્તી ગણતરી અને વિદ્યાર્થીઓના માર્કસથી લઈને રિઝલ્ટ સુધીની તમામ કામગીરી ઓનલાઇન કરવાની હોય છે. મજબૂરીવશ શિક્ષકોએ સરકારની સૂચના મુજબ પોતાના પર્સનલ મોબાઈલનો ઉપયોગ સરકારી કામ માટે કરવો પડે છે.

અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળે રાજ્યમંત્રી પાસે માગણી કરી છે કે, તેઓ તાત્કાલિક પોતાનું આ નિવેદન પરત ખેંચે. શિક્ષકો સમાજ ઘડતરનું કામ કરી રહ્યા છે, ત્યારે તેમના સન્માનની રક્ષા થવી જોઈએ તેવું સંગઠને ભારપૂર્વક જણાવ્યું છે.



AI IMAGE



## રમેશ કટારાએ કહ્યું હું મારા શબ્દો પાછા ખેંચુ છું

# અંતે મંત્રીને થૂંકેલું ચાટવું પડ્યું; હું શિક્ષક મિત્રોની માફી માંગું છું

## વિવાદ બાદ મંત્રીએ શિક્ષકો સામે માથું ઝૂકાવ્યું

**સિટી ન્યૂઝ@પંચમહાલ**

ગોધરામાં એક કાર્યક્રમ દરમિયાન કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારાએ શિક્ષકો અને સરકારી કર્મચારીઓની કાર્યશૈલી અંગે એક વિવાદિત નિવેદન આપતા રાજ્યભરના શિક્ષક સંગઠનોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો. મંત્રી રમેશ કટારાનું નિવેદન સોશિયલ મીડિયા અને શૈક્ષણિક આલમમાં વાયરલ થતાં જ ભારે વિવાદ સર્જાયો હતો. આ નિવેદન સામે શિક્ષકો વિરોધ કરવા લાગ્યા હતા.

શિક્ષકો મુદ્દે કરાયેલા આ નિવેદનને લઈને શિક્ષકોની લાગણી દુભાઈ હતી અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા મંત્રી રમેશ કટારા માફી માંગે એવી માંગ કરાઈ હતી. જોકે, હવે કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારાએ શિક્ષકોની માફી માંગી છે.

શિક્ષકોની માફી માંગતા કૃષિ મંત્રી રમેશ કટારાએ કહ્યું કે, 'નમસ્કાર શિક્ષક મિત્રો, જ્યારે ગોધરા સંમેલન રાખ્યું હતું, ત્યારે મારા વક્તવ્યમાં મારાથી કંઈ બોલાઈ ગયું હોય, તો હું શિક્ષક મિત્રોની માફી માંગુ છું અને મારા શબ્દો હું પાછા ખેંચું છું.

તાજેતરમાં ગોધરા ખાતે એક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારા દ્વારા શિક્ષકોને લઈને એક ટિપ્પણી કરવામાં આવી હતી. જે સોશિયલ મીડિયા અને શૈક્ષણિક આલમમાં વાયરલ થતાં જ વિવાદ શરૂ થયો હતો. મંત્રી રમેશ કટારાએ શિક્ષકો પર નિશાન સાધતા કહ્યું હતું કે, "અત્યારે ૧૦-૧૦ પગારપંચ અને નાણાપંચ મળી ગયા છે, છતાં પણ કેટલાક લોકોની ભૂખ નથી ભાગતી. તમારા વડીલોને પૂછો, તેઓ ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયામાં નોકરી કરતા હતા. આજે વધુ પગાર મળવા છતાંય શિક્ષકો સરકાર સામે વિરોધ કરતા હોય છે." તેઓએ એવું પણ કહ્યું હતું કે, ઘણી વખત શિક્ષકો વર્ગખંડમાં બાળકોને ભણાવવાના બદલે મોબાઈલમાં જ વ્યસ્ત જોવા મળે છે.


મહાસંઘે મુખ્યમંત્રી સમક્ષ કડક માંગ કરી હતી કે મંત્રી રમેશ કટારા જાહેરમાં શિક્ષક સમાજ અને કર્મચારી વર્ગની માફી માંગે. સંઘે ચેતવણી આપી હતી કે જો સરકાર આ મુદ્દે તાત્કાલિક કોઈ હકારાત્મક પગલાં નહીં લે, તો શિક્ષકો અને કર્મચારીઓ મજબૂર બનીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરશે, જેની સંપૂર્ણ જવાબદારી મંત્રી અને સરકારની રહેશે.




## દિવ્યભાસ્કર ગુજરાતી ફિલ્મ એવોર્ડ્સ 2026

# 'લાલો' બેસ્ટ ફિલ્મ, યશ સોની રીવા રાછે બન્યા બેસ્ટ એક્ટર-એક્ટ્રેસ

## ગુજરાતી સિનેમામાં 'લાલા'નું રાજ : 8 એવોર્ડ જીતી બધાને પાછળ છોડી દીધા







**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના સૌથી મોટા ઉત્સવ દિવ્ય ભાસ્કર ગુજરાતી ફિલ્મ અવોર્ડ્સ ૨૦૨૬ આજે ૧૪ જૂને યોજાયો. ગુજરાત ટુરિઝમ પ્રસ્તુત અને પાવર્ડ બાય તનિષ્ક આ અવોર્ડ શોમાં થિયેટર, OTT અને ફિલ્મોના શ્રેષ્ઠ ટેલેન્ટને સન્માનિત કરવામાં આવ્યા.

અવોર્ડ શોમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા છે. આકર્ષક રેડ કાર્પેટ બાદ મુખ્ય અવોર્ડ સેરેમની યોજાઈ. આ ફિલ્મ એવોર્ડ્સમાં ટ્રાવેલ અને હોસ્પિટાલિટી પાર્ટનર તરીકે થોમસ કૂક, એસોસીએટ પાર્ટનર તરીકે તિરૂપતિ એડીબલ ઓઈલ્સ, લક્ઝરી મોલ પાર્ટનર તરીકે પેલેડિયમ અમદાવાદ, આઉટરીચ પાર્ટનર તરીકે જુગાડ મીડિયા, સહયોગમાં GMDC, સેલેબ્રિટી પાર્ટનર રેડ ચેરી, ડિજિટલ પાર્ટનર તરીકે દિવ્ય ભાસ્કર એપ અને રેડિયો પાર્ટનર તરીકે ૯૪.૩ MY FM જોડાયા છે.

| કેટેગરી | વ્યક્તિ | ફિલ્મ |
|---|---|---|
| બેસ્ટ કોસ્ચ્યુમ | દેવાંગ પરમાર | ચણિયા ચોળી |
| બેસ્ટ એક્શન | મોહમ્મદ ઈરફાન ખાન | ચણિયા ચોળી |
| બેસ્ટ એક્ટર ઈન અ લીડિંગ રોલ (ફીમેલ) | રીવા રાછ | લાલો - કૃષ્ણ સદા સહાયતે |
| બેસ્ટ એક્ટર ઈન અ લીડિંગ રોલ (મેલ) | યશ સોની | ચણિયા ચોળી |
| બેસ્ટ એક્ટર ઈન અ સપોર્ટિંગ રોલ (ફીમેલ) | નેત્રી ત્રિવેદી | ચણિયા ચોળી |
| બેસ્ટ એક્ટર ઈન અ સપોર્ટિંગ રોલ (મેલ) | અભિનય બેંકર | ભ્રમ |
| બેસ્ટ એક્ટર ઈન કોમિક રોલ | હેમિન ત્રિવેદી | ફાટી ને? |
| બેસ્ટ કોરિયોગ્રાફી | ધનંજય પવાર | લાલો - કૃષ્ણ સદા સહાયતે |
| બેસ્ટ સિનેમેટોગ્રાફી | પ્રશાંત ગોહેલ | વશ લેવલ ૨ |
| બેસ્ટ ડાયલોગ | અભિષેક શાહ અને કેયુ શાહ | ઉંબરો |
| બેસ્ટ ડિરેક્ટર | પ્રીત | નાનખટાઈ |
| બેસ્ટ ફિલ્મ | મેનિફેસ્ટ ફિલ્મ્સ - અજય પડારિયા અને જય વ્યાસ | લાલો - કૃષ્ણ સદા સહાયતે |
| બેસ્ટ મ્યુઝિક ડિરેક્ટર | સ્મિત જય | લાલો - કૃષ્ણ સદા સહાયતે |
| બેસ્ટ લિરિક્સ | પ્રેમ દવે | લાલો - કૃષ્ણ સદા સહાયતે |
| બેસ્ટ પ્લેબેક સિંગર (ફીમેલ) | ઐશ્વર્યા મજમુદાર | લાલો - કૃષ્ણ સદા સહાયતે |
| બેસ્ટ પ્લેબેક સિંગર (મેલ) | કીર્તિદાન ગઢવી | લાલો - કૃષ્ણ સદા સહાયતે |
| બેસ્ટ પ્રોડ્યુસર | સંજય છાબરિયા અને ફાલ્ગુની પટેલ | ઉંબરો |
| બેસ્ટ સ્ક્રીનપ્લે | પલ્લવ પરીખ | ભ્રમ |
| બેસ્ટ સ્ટોરી | અંકિત સાખિયા, કૃશાંશ વાજા અને વિકી જોશી | લાલો - કૃષ્ણ સદા સહાયતે |
| લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ | શ્રી અરવિંદ વૈદ્ય | |
| સ્પેશિયલ રેકગ્નિશન ફોર વિઝ્યુઅલ ક્રાફ્ટ | ચિન્મય નાયક (બેસ્ટ VFX એન્ડ CGI) | દશેરા |
| પ્રાઇડ ઓફ સિનેમા (આઉટસ્ટેન્ડિંગ કોન્ટ્રિબ્યુશન ટુ સિનેમા) | શરમન જોશી | |
| તનિષ્ક ઇન્સ્પાયરિંગ વુમન એવોર્ડ | પૂજા જોશી | |

## નૈનિતાલ હાઉસફુલઃ રસ્તાઓ જામ, 4 કિમી લાંબી લાઈનો લાગી

# કૈંચી ધામનો સ્થાપના દિવસ; 3 લાખ લોકોનો જનસૈલાબ



## 15 જૂન 1964ના રોજ નીમ કરોલી મહારાજે આશ્રમની સ્થાપના કરી હતી




- **62મો સ્થાપના દિવસ શ્રધ્ધા અને ભક્તિ સાથે ઉજવણી**
- **1500થી વધુ પોલીસકર્મીઓ**
  **3 SP,SSP, 7 એડિશનલ SP**
- **નૈનીતાલ જિલ્લામાં ભારે વાહનો પર પ્રતિબંધ**

## કૈચીધામના પ્રમુખે કહ્યું ચાર દિવસથી ‘પ્રસાદ’ બનાવવામાં આવી રહ્યો છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

નૈનીતાલના કૈંચી ધામમાં સોમવારે ૬૨મો સ્થાપના દિવસ શ્રદ્ધા અને ભક્તિ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. સવારે ૩ વાગ્યાથી જ શ્રદ્ધાળુઓની લાંબી લાઈનો લાગી છે. ઘણા ભક્તોએ રસ્તા પર જ રાત વિતાવી. સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૪૦ હજારથી વધુ ભક્તો બાબાના દર્શન કરી ચૂક્યા છે.૧૫ જૂન ૧૯૬૪ના રોજ નીબ કરોરી મહારાજે આશ્રમની સ્થાપના કરી હતી. આ જ દિવસે હનુમાનજીની મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા પણ થઈ હતી. સ્થાપના દિવસ પર બાબાનો પ્રસિદ્ધ માલપુઆ પ્રસાદ વિતરિત કરવામાં આવી રહ્યો છે. દર વર્ષની જેમ આ વખતે પણ ૨ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચવાની અપેક્ષા છે. પ્રશાસને વ્યાપક વ્યવસ્થા કરી છે.નૈનીતાલના DM લલિત મોહન રયાલે જણાવ્યું કે નૈનીતાલ, ભીમતાલ, હલ્દ્વાની, ભવાલી, કાઠગોદામ અને ખૈરનાથી શટલ બસ સેવા શરુ કરવામાં આવી રહી છે. બહારથી આવતી ગાડીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મોડી સાંજ સુધી ધામમાં ભીડ રહેવાની અપેક્ષા છે.ભવાલી બાયપાસ ખુલ્યા પછી, અલ્મોડા અને રાણીખેત જનારા યાત્રીઓ સીધા રાતીઘાટ માર્ગ પરથી પસાર થઈ રહ્યા છે. જ્યારે ભીમતાલ, હલ્દ્વાની અને નૈનીતાલ માર્ગો પર સવારથી વાહનોનો લાંબો જામ જોવા મળ્યો. ધામમાં શ્રદ્ધાળુઓને વોશરૂમની અછતનો સામનો કરવો પડી રહ્યો છે.નૈનીતાલના SSP મંજુનાથ ટીસીએ જણાવ્યું કે કૈંચી ધામ સ્થાપના દિવસ પર ૧૫૦૦થી વધુ પોલીસકર્મીઓ, ૩ SP/SSP, ૭ એડિશનલ SP, ૧૪ CO સહિત LIU, BDS, SDRF, ATS અને SSB તહેનાત છે. નૈનીતાલ જિલ્લામાં ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
નૈનિતાલના જિલ્લા મેજિસ્ટ્રેટ લલિત મોહન રાયલએ જણાવ્યું હતું કે મંદિર સંકુલમાં દર્શન, પૂજા અને પ્રસાદ વિતરણ માટે સારી વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ૧૦,૦૦૦થી વધુ લોકો પહેલાથી જ દર્શન કરી ચૂક્યા છે.
શ્રદ્ધાળુઓની સુવિધા માટે, હલ્દવાની-કાઠગોદામથી મંદિર સુધી એક ખાસ શટલ સેવા ચલાવવામાં આવી રહી છે, અને માર્ગ પરના મધ્યવર્તી પાર્કિંગ વિસ્તારોમાં પીવાના પાણી અને સ્વચ્છતા માટે મજબૂત વ્યવસ્થા કરવામાં આવી છે. સ્થાનિક લોકો ઉપરાંત, NCR, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાનથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવી રહ્યા છે, અને વહીવટીતંત્રને અપેક્ષા છે કે આ ધસારો મોડી સાંજ સુધી સતત ચાલુ રહેશે.

# મહારાષ્ટ્રમાં શ્રદ્ધાળુઓ ભરેલો મિનિટ્રક કૂવામાં પડ્યોઃ 14નાં મોત

સિટી ન્યૂઝ@સોલાપુર

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના પંઢરપુર તાલુકામાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને કંપાવનારી ઘટના સામે આવી છે. મ્હસવડમાં સિદ્ધનાથ ભગવાનના દર્શન કરીને પોતાના ગામ રાંજણી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓનો પિકઅપ ટ્રક (ટેમ્પો) રસ્તાની બાજુમાં આવેલા એક ઊંડા કૂવામાં ખાબક્યો હતો. આ ભયંકર અકસ્માતમાં વાહનમાં સવાર ૧૪ લોકોમાંથી ૮ લોકોના પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે સ્થાનિક લોકોની સતર્કતાથી ૬ લોકોનો આબાદ બચાવ થયો છે. આ ગોઝારી ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેને જોઈને આખું મહારાષ્ટ્ર હચમચી ગયું છે. એકસાથે ૮ લોકોની અર્થી ઉઠતા રાંજણી



ગામમાં ભારે શોકનો માહોલ છવાયો છે.

ઘટનાની વિગતો મુજબ, પંઢરપુર તાલુકાના રાંજણી ગામના ૧૪ જેટલા શ્રદ્ધાળુઓ, જેમાં બાળકો પણ સામેલ હતા, તેઓ મ્હસવડ ખાતે સિદ્ધનાથના દર્શન કરવા ગયા હતા. દર્શન પૂરા કરીને તેઓ પિકઅપ વાહનમાં પોતાના ગામ તરફ પાછા ફરી રહ્યા હતા. તે જ સમયે, મ્હસવડ-પંઢરપુર રોડ પર માલશીરસ તાલુકાના તાંડુવાડી ગામ પાસે અચાનક ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે પૂરપાટ ઝડપે દોડતું વાહન સીધું જ રસ્તાની બાજુમાં આવેલા એક પાણી ભરેલા કૂવામાં જઈને પડ્યું હતું.

વાહન કૂવામાં પડવાનો મોટો ધડાકો સાંભળીને આસપાસના સ્થાનિક નાગરિકો તરત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કૂવામાં ખાસ્સું એવું પાણી હોવાથી અંદર ફસાયેલા મુસાફરોના જીવ જોખમમાં હતા. જોકે, સ્થાનિક યુવાનોએ પોતાના જીવની પરવા કર્યા વિના તાત્કાલિક કૂવામાં કૂદીને બચાવ કાર્ય શરૂ કર્યું હતું અને ભારે જહેમત બાદ ૬ લોકોને હેમખેમ બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. પરંતુ કમનસીબે, બાકીના ૮ લોકો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને ઘટનાસ્થળે જ તેમના પ્રાણ પંખેરું ઊડી ગયા હતા.



# મધ્યપ્રદેશના મુરૈનામાં ટ્રેનની ટક્કરથી ચાર મુસાફરોનાં મોત

સિટી ન્યૂઝ@મુરૈના

મધ્યપ્રદેશના મુરૈના જિલ્લામાં ટ્રેનની અડફેટે ૪ લોકોના મોત થયા. મોબાઈલ બ્લાસ્ટથી આગ લાગવાની અફવા બાદ ઉદયપુર ઈન્ટરસિટી એક્સપ્રેસમાંથી કેટલાક મુસાફરો ગભરાઈને નીચે ઉતરી ગયા. તેમાંથી ચાર મુસાફરો બીજી ટ્રેનની અડફેટમાં આવી ગયા. મૃતકોમાં ૩ મહિલાઓ અને એક બાળકનો સમાવેશ થાય છે.

માહિતી મુજબ, અકસ્માતમાં ઉત્તર પ્રદેશના મેરઠ નિવાસી કંચન સિંહ (૨૫), પત્ની મોહિત સિંહ, રુનકતા નિવાસી શકુંતલા સિંહ (૬૦), પત્ની ભૂરા સિંહ, આગ્રા નિવાસી આફરીન (૩૫), પત્ની નદીમ અને અસદ (૪), પુત્ર નદીમ ખાનનું મૃત્યુ થયું છે. આફરીન અને



અસદ માતા-પુત્ર હતા.

માહિતી અનુસાર, આ દુર્ઘટના ઉત્તર મધ્ય રેલવેના ઝાંસી મંડળના હેતમપુર-ધોલપુર રેલખંડ પર થઈ. ટ્રેન નંબર ૧૯૬૬૫ ખજુરાહો-ઉદયપુર ઈન્ટરસિટી એક્સપ્રેસ રવિવારે લગભગ ૪:૧૫ વાગ્યે હેતમપુર અને ધોલપુર સ્ટેશન વચ્ચે અચાનક રોકાઈ ગઈ હતી.

## છત્તીસગઢ બોર્ડર પર પહોંચ્યુ મોન્સૂન

# ઉત્તરપ્રદેશમાં વીજળી પડવાથી 5નાં મોત

સિટી ન્યૂઝ@લખનૌ

દેશના ઘણા રાજ્યોમાં પ્રી-મોન્સૂન સક્રિય છે. રાજસ્થાન સહિત ૯ રાજ્યોમાં વરસાદ પડી રહ્યો છે. મધ્યપ્રદેશમાં શનિવારે સાંજે ભોપાલ સહિત ૪ જિલ્લામાં ભારે વરસાદ થયો. ઘણી જગ્યાએ વીજળીના તાર, વૃક્ષો તૂટી પડ્યા. યુપીમાં વાવાઝોડા-વરસાદ દરમિયાન થયેલા અકસ્માતોમાં ૫ લોકોના મોત થયા. ઉન્નાવ અને ગાઝીપુરમાં વીજળી પડવાથી બે લોકોના જીવ ગયા. જ્યારે, કાસગંજમાં વાવાઝોડાને કારણે મકાનની છત પડી ગઈ. જેમાં પતિ-પત્ની અને પુત્રીનું મોત થયું.

રાજસ્થાનમાં જયપુર સહિત ઘણા જિલ્લાઓમાં શનિવારે વરસાદ થયો. ચુરુ જિલ્લામાં વાવાઝોડા-વરસાદને કારણે એક મકાનની દીવાલ પડી ગઈ. જેમાં પરિવારના ૪ સભ્યો કાટમાળ નીચે દબાઈ ગયા. ગ્રામજનોએ તરત જ રાહત કાર્ય શરૂ કર્યું અને કાટમાળમાં દબાયેલા લોકોને બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડ્યા.

મોન્સૂનની ઝારખંડ અને ઓડિશાના કેટલાક ભાગોમાં એન્ટ્રી થઈ ગઈ છે. હાલ



તે છત્તીસગઢની સરહદ પર છે. આગામી ૩ દિવસમાં તેના મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશ પહોંચવાની સંભાવના છે. ૪ જૂને કેરળમાં દસ્તક આપ્યા પછી મોન્સૂન ૯ દિવસમાં ૧૯ રાજ્યો સુધી પહોંચી ચૂક્યું છે. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડ, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના ઘણા શહેરોમાં શુક્રવારે પારો ૪૦C થી વધુ રહ્યો. દેશમાં સૌથી વધુ પારો મહારાષ્ટ્રના ચવતમાલમાં નોંધાયો. અહીં પારો ૪૨.૪C રહ્યો. જ્યારે છત્તીસગઢના રાજનાંદગાંવમાં ૪૨C, ગુજરાતના ભાવનગરમાં ૪૧.૯C, રાજસ્થાનના જેસલમેરમાં ૪૦.૮C નોંધાયો.



# ભારતમાં ક્યાં મંદિર પાસે કેટલી સંપત્તિ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

રામલલાની પાવન નગરી અયોધ્યામાં દાન પાત્રમાંથી થયેલી ચોરીના તાજેતરના સમાચારે એક તરફ જ્યાં વહીવટી તકેદારી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે, તો બીજી તરફ આ ઘટનાએ કરોડો સનાતનીઓની ચિંતામાં પણ ઘણો વધારો કર્યો છે. કેરળની રાજધાની તિરુવનંતપુરમમાં આવેલું ઐતિહાસિક શ્રી પદ્મનાભસ્વામી મંદિર માત્ર ભારત જ નહીં, પરંતુ આખી દુનિયાના સૌથી અમીર ધાર્મિક સ્થળોમાં ટોચના સ્થાને ગણાય છે. સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ જ્યારે તેના અત્યંત સુરક્ષિત અને ગુપ્ત ભોંયરાઓ ખોલવામાં આવ્યા હતા, ત્યારે તેમાંથી નીકળેલા અઢળક સોના, અસલી હીરા અને પ્રાચીન કિંમતી સિક્કાઓએ આખી દુનિયાને હેરાન કરી દીધી હતી.

જો વાત દરરોજ અને દર વર્ષે મળતા રોકડા ચઢાવાની હોય, તો આંધ્રપ્રદેશના તિરુપતિ બાલાજી મંદિર એટલે કે તિરુમલા તિરુપતિ દેવસ્થાનમની તોલે આખી દુનિયામાં કોઈ આવી શકે તેમ નથી. વર્ષ ૨૦૨૬ ના નવીનતમ આંકડા મુજબ, વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોમાં આ મંદિરની ફિક્સ ડિપોઝિટ જ ૧૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની થઈ ચૂકી છે.

'સબકા માલિક એક' નો પાવન સંદેશ આપનારા સાઈ બાબાના દરબાર એટલે કે શિરડી સાઈ બાબા મંદિરમાં અમીરથી લઈને ગરીબ સુધીના તમામ લોકો પોતાની ઝોળી ફેલાવીને આવે છે. મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાં આવેલા આ મંદિરની કુલ નેટવર્થ આશરે ૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ છે.

| ક્રમ | મંદિર | અંદાજિત સંપત્તિ/આવક |
|---|---|---|
| 1 | શ્રી પદ્મનાભસ્વામી મંદિર (કેરળ) | 1.25 લાખ કરોડથી વધુની સંપત્તિ (માત્ર A ભોંયરું) |
| 2 | તિરુપતિ બાલાજી મંદિર (આંધ્રપ્રદેશ) | કુલ સંપત્તિ 3.3 લાખ કરોડથી વધુ |
| 3 | તિરુપતિ બાલાજી - બેંક FD | 18,000 કરોડથી વધુ |
| 4 | તિરુપતિ બાલાજી - વાર્ષિક દાન | 1,200 થી 1,400 કરોડ |
| 5 | શિરડી સાઈ બાબા મંદિર (મહારાષ્ટ્ર) | 2,000 કરોડથી વધુ નેટવર્થ |
| 6 | માતા વૈષ્ણો દેવી (જમ્મુ-કાશ્મીર) | 500 કરોડથી વધુ વાર્ષિક આવક |
| 7 | સુવર્ણ મંદિર (પંજાબ) | 500 કરોડથી વધુ વાર્ષિક આવક |
| 8 | સુવર્ણ મંદિર (વાર્ષિક બજેટ) | 1,000 કરોડથી વધુ |

### રામ મંદિરનો કર્મચારી રિક્ષા ડ્રાઈવરમાંથી 6 રેસ્ટોરન્ટમાં ભાગીદાર, અનેક પ્લોટ ખરીદ્યા

# રામ મંદિરમાં કરોડો રૂપિયાની ચોરી; CCTV પણ ગાયબ !

» **રામના નામે આલિશાન લાઈફસ્ટાઈલ**

**સિટી ન્યૂઝ@અયોધ્યા**



અયોધ્યાના શ્રીરામ મંદિરમાં ચઢાવાની ચોરી પછી દેશભરમાં ટિન્નુ યાદવ ચર્ચામાં છે. કહેવા પૂરતો ટિન્નુ ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયનો ખાસ સહયોગી છે, પરંતુ શ્રીરામ મંદિર ટ્રસ્ટમાં તે ખૂબ જ શક્તિશાળી ગણાય છે. ભલે સુરક્ષાનું મેનેજમેન્ટ હોય કે ચઢાવાને બેંકમાં જમા કરાવવાનું હોય, ટિન્નુ જ બધું મેનેજ કરતો આવ્યો છે.

ભલે રામ મંદિર ટ્રસ્ટે હજુ સુધી આ મામલે કોઈ FIR કરી નથી, પરંતુ સરકારે તપાસ માટે SIT બનાવી દીધી છે. આ ખાસ સ્ટોરીમાં વાંચો, એક સમયે ઓટો ડ્રાઈવર રહેલો ટિન્નુ યાદવ કેવી રીતે રામજન્મભૂમિ પરિસરમાં આટલો મહત્વનો કિરદાર બની ગયો. વિહિપ સાથે જોડાયેલા એક પદાધિકારી જણાવે છે- ટિન્નુનું પૂરું નામ રામ શંકર યાદવ છે. તેના પિતા અયોધ્યાના નયા ઘાટ પર ચા વેચતા હતા. ટિન્નુની વાર્તા વર્ષ ૧૯૯૪-૯૫માં શરૂ થઈ. ત્યારે તે અયોધ્યાના રસ્તા પર ટેમ્પો ચલાવતો હતો. અચાનક શ્રીરામ જન્મભૂમિ મુક્તિ યજ્ઞ સમિતિના મંત્રી મહેશ નારાયણના સંપર્કમાં આવ્યો. તેમણે પોતાની કાર ચલાવવા માટે ટિન્નુને ડ્રાઈવર તરીકે રાખી લીધો. હવે તે મહેશ નારાયણ સાથે કારસેવકપુરમ આવવા-જવા લાગ્યો. ટિન્નુ કારસેવકપુરમમાં લોકો સાથે સારો વ્યવહાર રાખી રહ્યો હતો. મહેનતુ હતો.

વર્ષ ૧૯૯૧માં ચંપત રાયને ક્ષેત્રીય સંગઠન મંત્રી બનાવીને અયોધ્યા મોકલવામાં આવ્યા. ૧૯૯૬માં વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય મંત્રી બનાવવામાં આવ્યા. વર્ષ ૨૦૦૨માં સંયુક્ત મહામંત્રી અને પછી આંતરરાષ્ટ્રીય મહામંત્રી બનાવવામાં આવ્યા. ૧૯૯૮માં ટિન્નુ યાદવ ચંપત રાયના સંપર્કમાં આવ્યો.

### 5 આરોપીઓની પૂછપરછ 2 કરોડ મળ્યા

# રામ મંદિરના ચઢાવવાની તપાસ માટે દિલ્હીથી IPS પહોંચ્યા

**સિટી ન્યૂઝ@અયોધ્યા**



અયોધ્યા રામ મંદિરમાં ચઢાવામાંથી ચોરીનો મામલો ગરમાઈ રહ્યો છે. સરકારે તપાસ માટે શનિવારે SITની રચના કરી, જે રવિવાર રાત સુધીમાં અયોધ્યા પહોંચશે. સૂત્રો પાસેથી મળેલા સમાચાર મુજબ, ૩ દિવસ પહેલા જ કેન્દ્ર સરકારે એક IPS અધિકારીને અહીં મોકલ્યા હતા. તેમની દેખરેખ હેઠળ ચઢાવા ચોરી કેસની ગુપ્ત તપાસ ચાલી રહી છે. જોકે, આ અંગે અધિકારીઓ હાલ મૌન સેવી રહ્યા છે. આ તરફ, ચઢાવા ચોરીમાં અત્યાર સુધીમાં ૫ લોકો (લવકુશ, અવનીશ, અનુકલ્પ, કરુણે અને રમાશંકર)ના નામ સામે આવ્યા છે. તેમની નિશાનદેહીથી અત્યાર સુધીમાં ૨ કરોડ રૂપિયાની રિકવરી થઈ છે. આ બધા દાન રાશિની ગણતરીની ફરજ સાથે જોડાયેલા છે. અત્યાર સુધી થયેલી રિકવરી પણ આ પાંચ લોકોએ જ કરાવી છે. લવકુશ અને અનુકલ્પ પોલીસ કસ્ટડીમાં છે. સૂત્રો મુજબ, શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયની તબિયત નાદુરસ્ત હોવાનું કહેવાય છે. તેમને શરદી સાથે સુગર વધવાની ફરિયાદ હોવાનું જણાવાયું છે. જ્યારે ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રા પણ હાલ અયોધ્યામાં નથી. તેઓ સારવારના સંબંધમાં બહાર ગયા છે.

આ પહેલા શનિવારે રામ મંદિર આંદોલન સાથે જોડાયેલા ભાજપ નેતા વિનય કટિયારે કહ્યું હતું કે જેટલા અહીં છે, તે બધા ચોર છે. તેમને રજા આપો. રજા કોણ આપશે? વિનય કટિયાર આપી દેશે. બીજી તરફ, સપા સાંસદ અવધેશ પ્રસાદે રવિવારે કહ્યું કે જે ટ્રસ્ટના પદાધિકારીઓ પર આરોપો લાગ્યા છે, તેમને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તેમના પદો પરથી હટાવવામાં આવે. ટ્રસ્ટની વર્તમાન કમિટીને ભંગ કરીને નવી વ્યવસ્થા બનાવવામાં આવે. સમગ્ર મામલાની તપાસ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની દેખરેખ હેઠળ કરાવવામાં આવે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયની તબિયત નાદુરસ્ત હોવાનું જણાવાઈ રહ્યું છે. તેમને શરદી સાથે સુગર વધવાની ફરિયાદ હોવાનું કહેવાય છે. આ દરમિયાન એવી માહિતી મળી રહી છે કે ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રા પણ હાલમાં અયોધ્યામાં નથી અને સારવારના સંબંધમાં બહાર ગયા હોવાનું કહેવાય છે.

## તંત્રી લેખ




**જો સ્થાનિક સ્તરે આયોજન અને અમલમાં ખામી રહેશે તો વિઝન 2047 માત્ર કાગળ પર જ રહી જશે**

# આવતીકાલના 'વિકસિત ભારત'ના સપના સામે રાજકોટની ધરાશાયી હકીકત!

### વિકાસના મોટા દાવા કરતા પહેલા શહેરોની મૂળભૂત સમસ્યાઓ ઉકેલવી અનિવાર્ય

દેશને ૨૦૪૭ સુધી વિકસિત બનાવવા મોટા મોટા દાવા થઈ રહ્યા છે. પરંતુ સવાલ એ છે કે શું આ વિઝન જમીન પર ક્યાંય દેખાય છે? રાજકોટ જેવી શહેરી વાસ્તવિકતા જોતા લાગે છે કે આ બધું માત્ર ભાષણો સુધી જ સીમિત છે.

રાજકોટ મહાનગરપાલિકા ૨૦30 માટેના પોતાના આયોજનને જ ગોઠવી શકતી નથી, ત્યારે ૨૦૪૭ના સપનાઓ પર લોકો કેવી રીતે વિશ્વાસ રાખે? નવા જોડાયેલા ગામોમાં વર્ષો વીતી ગયા, છતાં પાણીની લાઈન નથી, ડ્રેનેજ સિસ્ટમ નથી, કચરો ઉઠાવવાની વ્યવસ્થા નથી. છતાં ટેક્સ વસૂલાત ધડાધડ ચાલુ છે શું આ જ વિકાસ છે?



● તંત્રી ●

**અનિરુદ્ધ નકુમ**

વોર્ડ નં. ૭, ૧૧ અને ૧૮માં હાલત એટલી ખરાબ છે કે લોકો રોજિંદા પ્રશ્નોથી ત્રસ્ત છે. શહેરના મધ્યમાં ટ્રાફિકનો તાંડવ અને સીમા વિસ્તારમાં ગંદકીનો રાજ આ બે ચહેરા રાજકોટના વિકાસની હકીકત બતાવે છે.

મનપા પાસે બહાના ઘણાં છે રૂડા પાસેથી વિસ્તાર મળ્યો, સ્ટાફ નથી, પ્લાનિંગ બાકી છે. પરંતુ સવાલ એ છે કે જવાબદારી કોણ લેશે? નાગરિકો ટેક્સ આપે, પણ સુવિધા માટે રાહ જુએ આ સિસ્ટમ ક્યારે બદલાશે?

સાઉથ ઝોનના નામે જાહેરાત થઈ ગઈ, પરંતુ આજે પણ તેની રચના, અધિકારીઓ અને ટેક્નિકલ માળખું કાગળ પર જ છે. આ ધીમી ગતિ અને અસ્પષ્ટતા વિકાસના દાવાઓને ખોખલા બનાવે છે. એક તરફ દેશ વિકસિત ભારતના સપના જોઈ રહ્યો છે, બીજી તરફ રાજકોટમાં લોકો પાણી, સફાઈ અને રોડ માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ વિસંગતિ માત્ર ચિંતાજનક નથી પણ સિસ્ટમની નિષ્ફળતાનું સાબિતી છે.

ટેક્સ પહેલા, સુવિધા શા માટે નહીં? પ્લાનિંગ વગર વિસ્તાર શા માટે ભેળવાયા? જવાબદારી કોણ લેશે? જો આજના પ્રશ્નો ઉકેલાશે નહીં, તો વિઝન ૨૦૪૭ માત્ર એક રાજકીય નારો બનીને રહી જશે

### અમે અમેરિકાના ગુલામ નથી; પાછળ નહીં હટીએ

# ઈઝરાયલનો US-ઈરાન શાંતિ કરાર માનવાનો ઈનકાર

### પાકિસ્તાન PMએ કહ્યું અમેરિકા-ઈરાન 19 જૂને સ્વિટ્ઝર્લેન્ડેમાં શાંતિ કરાર પર હસ્તાક્ષર કરશે

**સિટી ન્યૂઝ@તેલ અવિવ**

ઇઝરાયલે અમેરિકા અને ઈરાન વચ્ચે થનારા શાંતિ કરારને માનવાનો ઇનકાર કર્યો છે. સંરક્ષણ પ્રધાને પણ કહ્યું છે કે, તેમની સેના દક્ષિણ લેબનોનમાંથી પાછી નહીં હટે. લેબનોન, સીરિયા અને ગાઝામાં બનાવેલા સુરક્ષા ઝોનમાં ઇઝરાયલી સેના અનિશ્ચિતકાળ સુધી તૈનાત રહેશે.

બીજી તરફ, ઇઝરાયલના રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઇતમાર બેન ગ્વીરે શાંતિ કરાર પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું, "અમે અમેરિકાના ગુલામ નથી. ઇઝરાયલ એક સ્વતંત્ર દેશ છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો આ કરાર ઇઝરાયલ પર લાગુ પડતો નથી. આ તરફ, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે જણાવ્યું કે અમેરિકા-ઈરાન ૧૯ જૂને સ્વિટ્ઝર્લેન્ડના જિનીવામાં શાંતિ કરાર પર હસ્તાક્ષર કરશે. જો આવું થાય છે, તો ૪૭ વર્ષમાં તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે આ પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠક હશે. ઈરાન-અમેરિકા વચ્ચે થયેલા કરારનો સંપૂર્ણ દસ્તાવેજ હજુ જાહેર કરવામાં આવ્યો નથી. જોકે, ઈરાની મીડિયા અનુસાર બંને



**ઈરાનની ત્રણ શરતો હજુ અમેરિકાએ માની નથી, અમેરિકા સાથેની ડીલનો ઈરાનમાં ઉગ્ર વિરોધ**

દેશો વચ્ચે થયેલા સમજૂતી કરાર (MoU)માં કેટલીક મહત્વપૂર્ણ બાબતોનો સમાવેશ થાય છે. તેમાં યુદ્ધ અને સૈન્ય કાર્યવાહી રોકવી, હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવું, અમેરિકી નૌકાદળની નાકાબંધી હટાવવી, ઈરાનના કેટલાક ફ્રીઝ કરાયેલા ભંડોળ મુક્ત કરવા.

### સમજૂતી સમારોહ માટે કોઈ વિનંતી મળી નથી : સ્વિટ્ઝર્લેન્ડ

સ્વિટ્ઝર્લેન્ડના એક રાજદ્વારી અધિકારીએ કહ્યું છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે પ્રસ્તાવિત સમજૂતી પર હસ્તાક્ષર સમારોહ યોજવા માટે અત્યાર સુધી કોઈ સત્તાવાર વિનંતી મળી નથી. એક અધિકારીએ કહ્યું કે આટલા ઓછા સમયમાં જીનીવામાં આવો મોટો કાર્યક્રમ યોજવો પડકારજનક હોઈ શકે છે, કારણ કે પડોશી ફ્રાન્સના એવિયાંમાં ચાલી રહેલા G૭ શિખર સંમેલન માટે ઘણા દેશોએ જીનીવા સ્થિત તેમના મિશનોને લોજિસ્ટિક કેન્દ્ર બનાવી રાખ્યા છે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે જો ઔપચારિક વિનંતી મળે છે, તો સ્વિટ્ઝર્લેન્ડ જરૂરી વ્યવસ્થા કરવામાં સક્ષમ છે.

# 30 વર્ષની પ્રખ્યાત ટીવી અભિનેત્રી સંચિતા ઉગલેએ આત્મહત્યા કરી

**સિટી ન્યૂઝ@મુંબઈ**

ટેલિવિઝન ઉદ્યોગમાંથી ખૂબ જ દુખદ સમાચાર સામે આવ્યા છે. કુમકુમ ભાગ્ય માં જોવા મળેલી જાણીતી ટીવી અભિનેત્રી સંચિતા ઉગલેનું અવસાન થયું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તેણીએ પોતાના ઘરે જ આત્મહત્યા કરી લીધી છે. તેની ઉંમર માત્ર 30 વર્ષ હતી. આ સમાચારથી તેનો પરિવાર, મિત્રો, સહ-કલાકારો અને ચાહકો ખૂબ જ આઘાતમાં છે. અહેવાલો અનુસાર સંચિતા તેના પરિવાર સાથે મુંબઈના નાલાસોપારા વિસ્તારમાં રહેતી હતી.

ઘટના સમયે તે ઘરે એકલી હતી. અહેવાલો અનુસાર પોલીસે જણાવ્યું છે કે સંચિતાએ ઘરે સાડીનો ઉપયોગ કરીને ફાંસી લગાવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી નથી અને હાલમાં આ કેસની તમામ દ્રષ્ટિકોણથી તપાસ કરવામાં આવી રહી છે. ટેલિવિઝન અને ફિલ્મોમાં પોતાનું સ્થાન



બનાવનાર સંચિતા ઉગલેએ પોતાની અભિનય કારકિર્દી દરમિયાન ઘણી લોકપ્રિય ટીવી સિરિલ્સમાં અભિનય કર્યો છે. તેને કુમકુમ ભાગ્ય અને વાગલે કી દુનિયા જેવા શોથી ઓળખ મળી હતી. તેના અભિનયની દર્શકો ખૂબ પ્રશંસા કરતા હતા અને તેણીએ ઝડપથી પોતાને સ્થાપિત કરી હતી.

# મેં જીંદગીમાં કીડી પણ મારી નહોતી, પણ ખબર નહીં તે દિવસે મને શું થયુ, બસ પછી જીંદગી મને અહિયાં લઈ આવી




મારી જિંદગીમાંથી અચાનક બંસરી જતી રહેશે! એવી મને ક્યારેય કલ્પના જ નહોતી. મને મારી ડરપોક જાત પર ગુસ્સો અને શરમ આવી રહ્યાં હતાં. બંસરી મારી હતી. એવું હું કોઈને કહી પણ શકતો નહોતો. મારે રડવું હોય, તો પણ એકાંતની જરૂર પડતી હતી. હું અંદરને અંદર મરી રહ્યો હતો. મને અનેક પ્રશ્ન કોરી ખાતા હતા, ત્યાં શું બન્યું હતું? બંસરીએ કેમ આવો નિર્ણય લીધો? તેના જવાબ મારી પાસે નહોતા.

મારા મિત્ર વિરાજને એ વિસ્તારમાં ઘણા લોકો સાથે સંપર્ક હતા. એ સમાચાર લાવ્યો હતો કે, બંસરીનાં જ્યાં બાળ લગ્ન થયાં હતાં ત્યાં તેને વળાવવાની હતી. બંસરીએ પોતાના ભાઈને કહી દીધું હતું કે, હું ગોવિંદને પ્રેમ કરું છું. એટલે એના ભાઈએ તેને ખૂબ મારી હતી. તે રાત્રે જ બંસરીએ પોતાના રૂમમાં લટકી જઈને આત્મહત્યા કરી લીધી હતી.

આ જાણ્યું ત્યારે મને લાગ્યું કે, બંસરીના મોતનું કારણ હું જ છું. હું પોતાને દોષિત માનવા લાગ્યો હતો. બેંકની નોકરીમાં પણ મારું ધ્યાન રહેતું નહોતું. બેંકમાં કોઈપણ છોકરી આવે તો મને લાગતું કે, બંસરી આવી છે. હું કામમાં બેધ્યાન રહેવા લાગ્યો. બેંકના કામમાં ભૂલો થવા લાગી. મારી જિંદગી જાણે નર્ક બની ગઈ હોય તેવું મને સતત લાગ્યા કરતું. મને કંઈ જ સૂઝતું નહોતું.

તે દિવસે હું બજારમાં ખરીદી કરવા નીકળ્યો હતો. હું દુકાનમાં ખરીદી કરી રહ્યો હતો, ત્યારે મારું ધ્યાન ચાની લારી પર પડ્યું. બંસરીનો ભાઈ ત્યાં બેઠો હતો. એનું ધ્યાન મારી તરફ નહોતું. એ એના મિત્રો સાથે ગપાટા મારી રહ્યો હતો. એને જોઈ મને ગુસ્સો આવ્યો. એની બહેન મરી ગઈ, તે વાતની એના પર કોઈ અસર દેખાતી નહોતી. બંસરીનાં મોત માટે એ જ જવાબદાર હતો. મારી અંદર રહેલા ડરપોક માણસે મને પડકાર્યો. તેણે મને કહ્યું, “તું બાયલો છે. આ જ માણસે તારી બંસરીને મારી નાખી છે. અને તું આમ એને જોઈ રહ્યો છે?”

અચાનક મને શું થઈ ગયું! એ આજે પણ યાદ નથી. મારું ધ્યાન રસ્તાના કિનારે પડેલી ઈંટ પર પડ્યું. મેં ઈંટ ઉપાડી અને દોડતો એની તરફ ગયો. હું નજીક પહોંચ્યો ત્યારે, મને એણે જોયો ખરો, પણ એ કંઈ સમજે એ પહેલાં જ કચકચાવીને તેના માથા પર ઈંટ ફટકારી દીધી. લોહીનો ફુવારો ઉડ્યો અને એ ત્યાં જ ઢળી પડ્યો.

એ હિંમતનગરનો ડોન હતો. મેં તેને ભર બજારે માર્યો હતો. પણ માર્યા પછી હું ખૂબ ગભરાઈ ગયો અને મુઠ્ઠી બંધ કરીને ભાગી ગયો. મેં જે કર્યું તેની ગંભીરતાની મને કલ્પના જ નહોતી. હું એ દિવસે ઘરે નહોતો ગયો. લગભગ અડધો કલાક પછી મને વિરાજનો ફોન આવ્યો. એ ખૂબ ગભરાયેલો હતો. એણે મને પૂછ્યું, “ગોવિંદ તે આ શું કરી નાખ્યું?”

મેં પૂછ્યું, “શું થયું?”તેણે મને કહ્યું, “બંસરીનો ભાઈ મરી ગયો.”


બામણનો દીકરો ખૂન કરે! એ વાત કોઈ માનવા જ તૈયાર નહોતું. હું પાંચ સાત દિવસ ભાગતો રહ્યો. પછી વિરાજે પોતાની ઓળખાણ લગાવી મને પોલીસ સ્ટેશનમાં હાજર કર્યો. ત્યાં મેં જોયું તો પોલીસ સ્ટેશનમાં જુદો જ માહોલ હતો. મારી સાથે કોઈ ખરાબ વ્યવહાર કરતું નહોતું. બધા મને કંઈક જુદી જ નજરથી જોતા હતા. જેનું કારણ મને પછી ખબર પડી કે, મેં ડોનનું મર્ડર કર્યું હતું.

મારા બાપા ખૂબ દુખી હતા. તેમણે તો પોલીસ સ્ટેશન આવવાની જ ના પાડી. પહેલાં તો એ માનવા જ તૈયાર નહોતા કે, હું કોઈને લાફો પણ મારી શકું! બેંકનો સ્ટાફ પણ કહેતો હતો કે, મહારાજ આવું કરે જ નહીં; પણ મેં ખૂન કર્યું હતું એ હકીકત હતી. મને હિંમતનગર જેલમાં લઈ જવામાં આવ્યો. ખૂન કરીને આવનાર કેદીનું જેલમાં પણ એક અલગ સ્ટેટસ હોય છે. બે વર્ષ હિંમતનગર જેલમાં રહ્યો મારો કેસ ચાલી ગયો અને કોર્ટે મને જન્મટીપની સજા ફટકારી. ત્યાંથી હું અમદાવાદ જેલ ગયો.

અમદાવાદ જેલમાં જોબલા દાદા નામનો એક કેદી હતો. જેલના પૈસાદાર કેદીઓને ત્રાસ આપી ખંડણી ઉઘરાવતો હતો. આખી જેલમાં એનું કોઈ નામ ન લે. તેના નેતાઓ સાથેના સંબંધ હોવાને કારણે જેલ પોલીસ પણ તેને સલામ ભરતી હતી.

એક દિવસ મેં જોયું તો, જોબલો એક કેદીને ફટકારી રહ્યો હતો. કારણ એવું હતું કે, તેણે જોબલાના કપડાં ધોવાની ના પાડી હતી. હું ત્યાં ગયો. મેં જોબલાને સમજાવતાં કહ્યું, “ભાઈ, મારીશ નહીં એને.”એણે તો મને લાફો મારી દીધો! બસ, બીજી વખત પિત્તો ગુમાવ્યો અને એનો હાથ જ તોડી નાખ્યો.”

ગોવિંદ થોડો રોકાયો અને ગોપાલ


પ્રશાંત દયાળ

સામે જોઈને કહ્યું, “કદાચ તારે એને મળવાનું થશે. જોબલાને માર્યો એટલે મારી જેલ બદલી કરીને અહીં પાલનપુર જેલમાં મોકલી દેવામાં આવ્યો. પહેલાં બહાર મને લોકો ડોન સમજવા લાગ્યા હતા. જેલમાં જોબલાને માર્યો એટલે જેલમાં પણ લોકો મને ડોન સમજવા લાગ્યા.”પછી તેણે ગોપાલને પૂછ્યું, “તું મને ગમે છે, તેનું કારણ ખબર છે?”

ગોપાલે માથું હલાવી ના પાડી. ગોવિંદે કહ્યું, “હું પહેલાં તારા જેવો જ સીધો અને ડરપોક હતો. હું જ્યારે તને જોઉં છું, ત્યારે મને મારી જૂની જિંદગી યાદ આવે છે.”સલીમે પૂછ્યું, “બાપુજીની નારાજગી દૂર થઈ કે નહીં?”

સવાલ સાંભળતાં જ ગોવિંદની આંખો બંધ થઈ ગઈ. થોડીવાર શાંત રહ્યા પછી કહ્યું, “હું ખૂની છું. એ વાત તેઓ સ્વીકારી શક્યા જ નહીં. તેમને બહુ આઘાત લાગ્યો. એ વાત તેમના મન પર હાવી થઈ ગઈ હતી. હું પકડાઈ ગયો પછી તેમણે ગોરપાદું છોડી દીધું. એટલું જ નહીં, ઘરના મંદિરમાં પણ દીવો કરવાનું બંધ કરી દીધું. મને જ્યારે સજા થઈ, ત્યારે તેઓ બીજો આઘાત સહન ન કરી શક્યા. મારી સજાના હુકમ પછી ત્રણ જ મહિનામાં તેમને હાર્ટએટેક આવ્યો. દેવ થઈ ગયા.

મારે એમની પાસે બેસીને આખી વાત કહેવી હતી અને માફી માગવી હતી. અફસોસ! કુદરતે મને એવો મોકો આપ્યો જ નહીં! પહેલાં બંસરી અને પછી બાપા ગયા. આ બે મોતને કારણે હું સ્વભાવે આકરો થઈ ગયો. મને દુખની પણ અસર નથી થતી અને સુખનો આનંદ પણ થતો નથી. જેલમાંથી રજા મળે ત્યારે હિંમતનગર જાઉં છું. હવે લોકો મને ડોન માને છે. ડોનની આંખમાં પણ આંસુ આવે. એવું તમે બંનેએ પહેલી વખત જોયું હશે.”

ગોવિંદે ઘડિયાળ સામે જોયું. રાતના ત્રણ વાગી રહ્યા હતા. ગોવિંદે કહ્યું, “ચાલો સૂઈ જઈએ.”ગોપાલે પૂછ્યું, “ભાઈ, ઊંઘ આવશે?”ગોવિંદે તેની સામે જોયું અને કહ્યું, “કદાચ આજે જ સારી ઊંઘ આવશે. કારણ, આજ સુધી મેં મારી અને બંસરીની વાત કોઈને કહી નહોતી.”

આટલું બોલતાં ગોવિંદ ઊભો થઈ ગયો અને પોતાના બિસ્તર પર ગયો. ગોપાલ અને સલીમ બંને આડા પડ્યા. બંનેની આંખો ખુલ્લી જ હતી. તેમની નજર કદાચ બેરેકની છતમાંથી કોઈ પ્રકાશ અંદર આવે એની રાહ જોઈ રહી હતી. ગોપાલની તો હજી આંખ મળી જ હતી, ત્યાં કોઈ તેને ઉઠાડી રહ્યું હોય એવું લાગ્યું. એણે આંખ ખોલી તો જેલનો સિપાહી સામે હતો. સિપાહીએ કહ્યું, “ઘોડા વેચીને ઊંઘવા આવ્યો છે? ચાલ, ગણતરીમાં બેસી જા.”ગોપાલે ગોવિંદના બિસ્તર તરફ જોયું. એ હજી ઘસઘસાટ ઊંઘતો હતો; પણ સિપાહીની હિંમત નહોતી કે, તે ગોવિંદને લાત મારીને ઉઠાડે. (ક્રમશઃ)

# જાફરાબાદના કડીયાળીમાં પ્રેમ સંબંધમાં 23 વર્ષીય યુવકની હત્યા

## પોલીસે યુવતીના પિતા સહિત એક જ ઘરના 4 આરોપીઓ ઝડપાયા

સિટી ન્યૂઝ@જાફરાબાદ

પ્રેમ સંબંધમાં આવેશમાં આવીને લેવાયેલું આ પગલું આજે બે પરિવારોને બરબાદ કરી ચૂક્યું છે. એક તરફ ૨૩ વર્ષના જુવાનજોધ દીકરાનો જીવ ગયો છે તો બીજીતરફ યુવતીના પિતા સહિત આખો પરિવાર જેલના સળિયા પાછળ ધકેલાયો છે. ડીવાયએસપી નયના ગોરડીયાએ પણ લોકોને અપીલ કરી રહી છે કે આવી કોઈ પણ ઘટના બને ત્યારે કાયદો હાથમાં લેવાના બદલે તુરંત પોલીસનો સંપર્ક કરવો જોઈએ.

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે ગત તારીખ ૧૨ જૂનના રોજ રાત્રીએ પ્રેમ પ્રકરણમાં એક યુવકની હત્યા કરી નાખતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.







મૃતક યુવક રાજેશ લખમણભાઇ બાંભણીયાને ગામની જ એક યુવતીના પ્રેમમાં હતો. ગતરોજ રાત્રે રાજેશ જ્યારે પોતાની પ્રેમિકાને મળવા માટે તેના ઘરે પહોંચ્યો ત્યારે તે વાતથી અજાણ હતો કે આ તેની આખરી રાત સાબિત થશે. રાજેશને યુવતીના પરિવારજનો જોઇ જતા ઉશ્કેરાઇ ગયાં હતાં. ક્રોધે ભરાયેલા યુવતીના પરિવારે રાજેશ પર લાકડીઓ અને અન્ય ઘાતક હથિયારો વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ ઉશ્કેરાયેલા પરિવારે યુવકને એટલો બેરહેમીથી માર માર્યો કે ગંભીર ઈજાઓના કારણે રાજેશનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ જાફરાબાદ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકની લાશને પીએમ અર્થે જાફરાબાદની સિવિલ હોસ્પિટલ ખસેડી હતી. આખરે જાફરાબાદ ટાઉન પોલીસે હત્યા કરનાર યુવતીના પિતા સહિત એક જ પરિવારના ૪ આરોપીને ઝડપી પાડ્યા છે. જેમાં ઘેલાભાઇ સોલંકી, કુંવરબેન સોલંકી, રોહિત સોલંકી, ચંદ્રિકાબેન સોલંકી કુલ ચારેય આરોપીઓની પોલીસે ધરપકડ કરી અને તેની સામે હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર મામલે રાજુલા ડિવિઝનના ડીવાયએસપી નયના ગોરડીયાએ મીડિયા સમક્ષ પ્રતિક્રિયા આપી છે અને જનતાને એક ખાસ અપીલ કરી છે. કાયદાકીય કાર્યવાહી અને પ્રેમ સંબંધના મામલાઓમાં કાયદો હાથમાં લેવાને બદલે પોલીસનો સંપર્ક કરવાની અપીલ કરી છે.

# ખેતરમાં રસ્તાના વિવાદમાં વડિયાના ખેડૂતનો ઝેરી દવા પી આપઘાત

## આપઘાત પહેલાં વીડિયો બનાવી ખેડૂતે ઠાલવી આપવીતી ‘મારી દિકરીનુ ધ્યાન રાખજો’: બે શખ્સો સામે ગુનો દાખલ

સિટી ન્યૂઝ@અમરેલી

અમરેલી જિલ્લાના વડિયામાં ખેતરના રસ્તાના પ્રશ્ને ચાલી રહેલા વિવાદ અને હેરાનગતિથી કંટાળીને એક સ્થાનિક ખેડૂતે આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. મૃતક ખેડૂતે આપઘાત કરતા પહેલા એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો, જેમાં રસ્તો રોકનાર શખ્સોની હેરાનગતિનો ઉલ્લેખ કરાયો છે. આ મામલે પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, વડિયામાં રહેતા ખેડૂત મનસુખભાઈ સોજીત્રા પોતાના ખેતરના રસ્તાના વિવાદ અને વાંધાઓને કારણે લાંબા સમયથી માનસિક રીતે પરેશાન હતા. અવારનવાર રસ્તો બંધ કરી અવારનવાર કરવામાં આવતી હેરાનગતિથી કંટાળીને આખરે બે દિવસ પહેલાં તેમણે પોતાના ખેતરમાં જ ઝેરી દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતાં જ્યાં આજે સારવાર દરમિયાન તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ખેડૂતના મોતના પગલે પરિવાર અને સ્થાનિક ખેડૂત આલમમાં ભારે શોક અને રોષની લાગણી વ્યાપી ગઈ છે. મનસુખભાઈએ અંતિમ પગલું ભરતા પહેલાં પોતાની આપવીતી જણાવતો એક વીડિયો બનાવ્યો હતો. વીડિયોમાં જણાવ્યું હતું કે



તેમની વાડી તરફ જવાનો રસ્તો વારંવાર રોકવામાં આવતો હતો અને તેમને સતત દબાણ તથા અપશબ્દોનો સામનો કરવો પડતો હતો. વીડિયોમાં તેમણે બાલાભાઈ સોજીત્રા અને ભાવેશભાઈ સોજીત્રાના નામનો ઉલ્લેખ કરીને હેરાનગતિના ગંભીર આક્ષેપો કર્યા હતા. વીડિયોના અંતમાં તેમણે ભાવુક શબ્દોમાં કહ્યું હતું કે, “મારા દીકરાનું ધ્યાન રાખજો.” આક્ષેપ મુજબ લાંબા સમયથી ચાલતી માનસિક પરેશાની અને ત્રાસથી કંટાળી મનસુખભાઈએ પોતાની વાડીમાં ઝેરી દવા પી લીધી હતી.  આ ઘટના પગલે વડિયા પોલીસે રસ્તો રોકનાર અને હેરાન કરનાર બે શખ્સો સામે ગુનાહિત દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા BNSની કલમ ૧૦૮, ૩૫૧(૩) અને ૫૪ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. હાલ બંને આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ભાવનગર રોડ પર ધોળા દિવસે યુવાનને છરી બતાવી લૂંટી લીધો

## ખિસ્સામાંથી 25 હજાર અને ગળામાં પહેરેલું 25 હજારનું પેન્ડન્ટ લૂંટી ફરાર

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ભાવનગર રોડ ઉપર રવિવારે બપોરે એકટીવા પર આવેલા બે આરોપીઓએ છરી છરી બતાવી સાગર શિયાળ પાસેથી ૫૦ હજારની મત્તા લુંટી લીધાની થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. રાજકોટના શિવાજીનગરમાં રહેતાં સાગરભાઈએ તેજલ ઉર્ફે લાહો અને વિવેક ઉર્ફે ગૂંગી સામે થોરાળા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તે ભંગારની મજુરી કરે છે. આજે બપોરે તેની માતા સવિતાબેને ભંગાર બજારમાં ડેલો ધરાવતા મોઈનભાઈને ૨૫ હજાર આપી આવવા કહ્યું હતું. જેથી તે રકમ લઈ પગપાળા નીકળ્યો હતો. ભાવનગર રોડ પર પહોંચતા પાછળથી બંને આરોપીઓ એકટીવા પર ધસી આવ્યા હતા. આવીને તેના ગળા પર છરી રાખી પેન્ટના ખિસ્સામાંથી ૨૫ હજાર પડાવી લીધા હતા. આ ઉપરાંત ગળામાં પહેરેલું ડાયમંડના નંગનું પેન્ડન્ટ પણ છરીથી કાપી લઈ લીધું હતું. આરોપીઓએ તેના ગળાના ભાગે અને ડાબા હાથ પર છરીથી ઈજા પણ પહોંચાડી હતી. ત્યારબાદ ભાગી ગયા હતા. માસા દિપુભાઈને સ્થળ પર બોલાવી થોરાળા પોલીસ મથકે જઈ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે બંને આરોપીઓને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે.

# રાજકોટમાં પત્નીના રિસામણા બાબતે નાનાજીની ઘાતકી હત્યા


## વિમલનગરમાં રાત્રે ઘરમાં ઘૂસી 70 વર્ષીય પ્રવીણ શાહને છરીના ઘા ઝીંક્યા વચ્ચે પડેલા નાની ઈલા શાહ પર પણ જીવલેણ હુમલો, હાલત અત્યંત ગંભીર

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરના કાલાવડ રોડ પર આવેલા વિમલનગર વિસ્તારમાં પત્ની રિસામણે બેઠી હોવાના વિવાદમાં એક યુવાને પોતાના સસરિયાપક્ષના વૃદ્ધ પર છરી વડે જીવલેણ હુમલો કરી તેમની હત્યા કરી નાખી હતી. દરમિયાન તેમને બચાવવા વચ્ચે પડેલી વૃદ્ધાની ઉપર પણ છરીના ઘા ઝીંકાતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. સમગ્ર ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ વિમલનગરમાં રહેતા ઈલાબેન પ્રવીણભાઈ શાહ (ઉ. ૬૦)એ ગીર સોમનાથ જિલ્લાના ભાલકા ગામના રહેવાસી વિવેકગીરી પ્રકાશગીરી ગોસ્વામી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ઈલાબેનના પતિ પ્રવીણભાઈ સુંદરજીભાઈ શાહ (ઉ. ૭૦) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્યુન તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયા હતા.

ફરિયાદ અનુસાર ગત શનિવારે મોડી



રાત્રે વિવેકગીરી છરી સાથે તેમના ઘરે ઘસી આવ્યો હતો. પત્ની દીયા રિસામણે બેઠી હોવા પાછળ તેના નાના પ્રવીણભાઈ જવાબદાર હોવાનું માની તેણે પ્રવીણભાઈ પર હુમલો કરી છરીના અનેક ઘા ઝીંક્યા હતા. પતિને બચાવવા વચ્ચે પડેલા ઈલાબેન પર પણ ગળાના ભાગે હુમલો કરવામાં આવ્યો હતો.

ઘટનાનો અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં પ્રવીણભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ગંભીર રીતે ઘવાયેલા ઈલાબેનને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ પ્રવીણભાઈની દોહિત્રી દીયાના લગ્ન ૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ભાલકા ગામના વિવેકગીરી ગોસ્વામી સાથે કોર્ટ મેરેજથી થયા હતા. લગ્ન બાદ દીયાને પતિ તથા તેની જીઆરડીમાં ફરજ બજાવતી માતા દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ અપાતો હોવાના આક્ષેપો છે. જેના કારણે પરિવારજનોએ પોલીસ પ્રોટેક્શન સાથે દીયાને પરત રાજકોટ લાવી હતી. ત્યારથી દીયા તેના નાના-નાની સાથે રહેતી હતી.

પરિવારના જણાવ્યા મુજબ વિવેકગીરી વારંવાર ફોન કરી પ્રવીણભાઈને ધમકીઓ આપતો હતો. બનાવની રાત્રે દીયા પોતાની માતાના ઘરે ગઈ હોવાથી તેનો બચાવ થયો હતો. ઈલાબેનની ફરિયાદના આધારે યુનિવર્સિટી પોલીસે હત્યા અને હુમલાનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અગાઉની અરજી પર પોલીસે કાર્યવાહી ન કરતા હત્યા થયાનો પરિવારનો આક્ષેપ

મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે ૧૩.૦૫.૨૦૨૬ના રોજ દીયાને ઘરે લાવ્યા બાદ વિવેકગીરી સતત ધમકીઓ આપતો હતો. "તને, તારા પિતા અને નાના–નાનીને મારી નાખીશ" જેવી ધમકીઓ અંગે યુનિવર્સિટી પોલીસમાં લેખિત અરજી પણ કરવામાં આવી હતી. તેમ છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવી ન હતી. પરિવારજનોએ દાવો કર્યો છે કે જો ફરિયાદને ગંભીરતાથી લઈ સમયસર કાર્યવાહી કરવામાં આવી હોત તો આ દુર્ઘટના ટાળી શકાઈ હોત. પોલીસ દ્વારા આ મુદ્દે પણ તપાસ કરવામાં આવી રહી છે.

# રાજકોટનાં ઓબ્ઝર્વેશન હોમમાંથી લોખંડનો સળીયો વાળી અગાસી પરથી 11 સગીર ફરાર

## એક બાળક પરત આવ્યો : ચાર સગીરને વિરમગામ–લીંબડીથી પોલીસે શોધી કાઢ્યા : ૬ની શોધખોળ પ્લાનના ભાગરૂપે અગાઉથી જ સીસીટીવી તોડી નાખ્યા હતા : ખૂન, પોક્સો, દુષ્કર્મના ગુનાના આરોપી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ભક્તિનગર સ્ટેશન રોડ પર આવેલા ઓબ્ઝર્વેશન હોમમાંથી સાથે ૧૧ સગીર આરોપીઓ ફરાર થઈ જતાં પોલીસતંત્રમાં દોડધામ મચી ગઈ હતી. એક સગીર આરોપી સામેથી પરત આવી ગયા બાદ બીજા ચાર સગીર આરોપીઓને ક્રાઈમ બ્રાંચે લીંબડી અને વિરમગામથી ઝડપી લીધા હતા હજુ પણ છ સગીર આરોપી ફરાર હોવાથી તમામની ક્રાઈમ બ્રાંચની જુદી-જુદી ટીમોએ શોધખોળ જારી રાખી છે આ ઘટનાની જાણ થતાં જ શહેર પોલીસ કમિશનર અને કલેક્ટર સહિતના અધિકારીઓ ઉપરાંત સમાજ સુરક્ષા વિભાગના અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા ઓબ્ઝર્વેશન હોમમાં હાલ ૫૪ સગીર આરોપીઓ છે. તમામને રાત્રે બેરેકમાં રાખવામાં આવે છે. સવારે બેરેકમાંથી કાઢવામાં



આવે છે. નિત્યક્રમ, મુજબ તમામને આજે સવારે બેરેકમાંથી કાઢ્યા બાદ તેમાંથી ૧૧ સગીર બેરેક પછી આવતી લોખંડની જાળીનો સળીયો વાળી તેમાંથી બહાર સરકી અગાસી પર પહોંચ્યા હતા. જ્યાંથી કૂદીને કે દીવાલ પર થઈ ફરાર થઈ ગયા હતા.

તમામે યોજનાના ભાગરૂપે લોખંડની જાળીનો સળીયો અગાઉથી વાળી નાંખ્યો હતો. આ સળીયો કઈ રીતે વાળ્યો તે વિશે તંત્રને હજુ સુધી કોઈ માહિતી મળી નથી. યોજનાના ભાગરૂપે ઓબ્ઝર્વેશન હોમના બે ચોકીદારોને બીજી કોઈ બાબતમાં મશગુલ રાખ્યા હતા ભાગી ગયા બાદ પાકિસ્તાનને એક સગીર આરોપી તત્કાળ પરત આવી ગયો હતો. બાકીનાઓને શોધવા ક્રાઈમ બ્રાંચની જુદી-જુદી ટીમો કામે લગાડાઇ હતી. જેમણે બસ અને ટ્રેનમાં બેસી ગયેલા ચારેકને હસ્તગત કરી લીધા હતા. એ.ડિવિઝન પોલીસે જાણવાજોગ નોંધ કરી છે. પાકિસ્તાનનો સગીર આરોપી માછીમારી દરમિયાન પકડાયો હતો. બાકીના સામે ખૂન, પોક્સો અને દુષ્કર્મ સહિતના કેસ નોંધાયા છે તેમ પોલીસ સુત્રોએ જણાવ્યું હતું. જિલ્લા કલેક્ટર ઓમપ્રકાશે જણાવ્યું કે, ઓબ્ઝર્વેશન હોમમાં બે સિક્યુરીટી ગાર્ડ છે. પ્રાથમિક તપાસમાં તેમની ફરજમાં બેદરકારી જણાઈ નથી.

# ધોરાજી, વિંછીયા, પડધરીમાંથી ખનીજ ચોરી ઝડપાઈ, લાખોનો મુદ્દામાલ જપ્ત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રવિવાર રાજકોટ રેન્જના ડીઆઈજીની ટીમે ખનીજ માફિયાઓ ઉપર ધોંસ બોલાવતા સ્થાનિક પોલીસને પણ હવે રેલો આવ્યો છે. જેના પગલે તેના દ્વારા પણ ખનીજ ચોરી અંગે દરોડા પાડવાનું શરૂ કરાયું છે. એસઓજીએ વિંછીયા અને પડધરીમાંથી ખનીજ ચોરી પકડી પાડી લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.રાજકોટ રૂરલ એસઓજીએ વિંછીયા પોલીસની હદમાંથી ખનીજ ચોરી પકડી પાડી કુલ રૂા. ૧૧.૭૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. અમરાપુર ગામથી સતરંગ



જવાના રસ્તા પરથી ટ્રેક્ટર સાથેની ટ્રોલીમાં બેલા લઈ નીકળેલા હાથસણીના કમાભાઈ છે. અને બેચરભાઈને ઝડપી લીધા હતા બંનેના ટ્રેક્ટરમાંથી ૭૪ હજારની કિંમતના ૧૨.૪ મેટ્રિક ટન બેલા મળી આવ્યા હતા. ખાણ-ખનીજ વિભાગે હવે કસુરદારો પાસેથી દંડ વસૂલવાની કાર્યવાહી કરી છે. એસઓજીએ વિંછીયા પોલીસ સાથે મળી આ કાર્યવાહી કર્યાનું જણાવાયું છે એસઓજીના પીઆઈ એફ.એ.પારગીએ પડધરી પોલીસ સાથે મળી સોફ્ટ મોરમનું ગેરકાયદે ખનન અને વહન ઝડપી લઈ બે જેસીબી, ત્રણ ડમ્પર, ૨૦૦ મેટ્રિક ટન મોરમ કબજે કરી હતી. ગઈકાલે પણ એસઓજીએ ધોરાજી વિસ્તારમાંથી ખનીજ ચોરી ઝડપી લીધી હતી. જેમાં કુલ પર લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. તેમાં પાંચ ટ્રક અને મશીન વગેરેનો સમાવેશ થાય છે.

# 4 મહિનામાં 19 સાયકલ ચોરી કરતા 4 બાળ આરોપીની ધરપકડ

## અવધ પાસે સંતાડેલી ચોરાઉ સાઈકલ કબજે કરતી તાલુકા પોલીસ
## ચોરાઉ સાઈકલના સ્પેર પાર્ટસ બદલી વેચવાની પેરવી કરતા હતા





**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં નવા રીંગ રોડ પરસાણા ચોક પાસે કેટલાક કિશોરો ચોરીની સાયકલો સાથે આવ્યા હોવાની માહીતી આધારે પીઆઈ મેઘાણી સહીતની ટીમે શંકાસ્પદ હાલતમાં ઉભેલા ૪ બાળ-કિશોરોને ૪ સાયકલો સાથે અટકાયત કરી પુછતાછ કરી હતી કિશોરો પાસે સાયકલ માલિકી અંગેના કોઈ આધાર-પુરાવા કે બિલ મળી ન આવતા તેની વધુ પુછતાછ કરતા તેને ચાર માસમાં કુલ ૧૯ સાઈકલો અલગ અલગ વિસ્તારોમાંથી ચોરી કરી હોવાનુ બહાર આવતા પોલીસે ચારેય બાળ આરોપીઓની અટકાયત કરી પૂછતાછ કરતા વધુ સાઈકલો ચોરી કરી અવધના ઢાળ પાસે અવાવરૂ સ્થળે સંતાડી હોવાનુ જણાવતા પોલીસે ૯૫ હજારની ૧૯ સાઈકલો કબજે કરી હતી આ તમામ બાળ આરોપીઓ અલગ અલગ સ્થળેથી સાઈકલની ચોરી કરી  સાઈકલના સ્પેર પાર્ટ બદલી નાખી અલગ કલર લગાવી છુપાવી હતી અને સસ્તા ભાવે વેચવાની પેરવીમાં હોય પોલીસે ચોરાઉ સાઈકલો વેચે તે પહેલા જ પકડી લીધા હતા.



# રાજકોટમાં 1.26 લાખના MD ડ્રગ્સ સાથે શખસ ઝડપાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ એસઓજીએ "SAY NO TO DRUGS" અભિયાન હેઠળ માધાપર-બેડી ચોકડી બાયપાસ નજીકથી નરેન્દ્ર પાંચા રામોલીયાને ૪૨.૦૮ ગ્રામ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ સાથે ઝડપી લીધો હતો. જપ્ત કરાયેલા ડ્રગ્સની કિંમત અંદાજે ૧.૨૬ લાખ છે. પોલીસ પૂછપરછમાં આરોપીએ મોરબીના કુખ્યાત પેડલર વિવેક અતુલ નાગર પાસેથી ડ્રગ્સ મેળવી રાજકોટમાં ડિલિવરી આપવા આવ્યો હોવાનું કબૂલ્યું હતું. નરેન્દ્ર અગાઉ નકલી નોટોના ગુનામાં જેલમાં રહી ચૂક્યો છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને ડ્રગ્સ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકોની શોધ શરૂ કરી છે.

# લોધિકાના પીપરડીમાં ફાર્મહાઉસના જુગારધામમાં જામનગર-દ્વારકા-મોરબીના 8 શખ્સ ઝડપાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના પીપરડી ગામની સીમમાં આવેલા ફાર્મહાઉસમાં જુગારધામ પર પોલીસે દરોડો પાડી ૮ શખ્સ સામે ગુનો નોંધ્યો છે. દરોડા દરમિયાન રોકડ, કાર, મોબાઈલ અને જુગાર રમવાના સાધનો સહિત કુલ રૂ.૧૦.૨૭ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. લોધિકાથી પીપરડી ગામ તરફ 'તરવાયુ' નામની સીમમાં આવેલી સુરપાલસિંહ જાડેજાની વાડી-ખેતરના મકાનમાં કેટલાક લોકો જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસ ટીમે દરોડો પાડતાં સ્થળ પરથી જુગાર રમતા વાડીમાલિક સુરપાલસિંહ ઉર્ફે કાનભા અનિરુદ્ધસિંહ જાડેજા, જામનગરના ગોવિંદ અરજણભાઈ આંબલિયા, દ્વારકાના માનણ રણમલભાઈ બુચડ, મોરબીના દેવશી વાસાભાઈ મુંધવા, આણંદપર બાઘીના નિલેશ નવઘણભાઈ ફાંગલિયા, જામનગરના રાજા ઘેલાભાઈ ટારિયા, મનીષા રાજેશભાઈ પાલા અને સતી દેવાયતભાઈ ડાંગરની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



# ગોંડલની આંગડિયા પેઢીમાં 2.31 કરોડની ઉચાપત મેનેજરે જ બનેવી સાથે મળીને આચરેલી ઠગાઈ

## શાપર, જેતપુર, ધોરાજીની વિવિધ બ્રાન્ચમાં કર્યો હાથફેરો : રાજકોટ રહેતા વેપારીએ નોંધાવી ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના જીવરાજ પાર્ક વિસ્તારમાં રહેતા હર્ષદભાઈ બોરીયા ગોંડલમાં પી.એમ. આંગડિયા પેઢી' નામે વ્યવસાય ચલાવે છે. તેમની પેઢીમાં મયુર ઢોલ નામનો શખ્સ છેલ્લા ૧૪ વર્ષથી મેનેજર તરીકે કામ કરતો હતો અને લાંબા સમયના વિશ્વાસના કારણે પેઢીનો તમામ આર્થિક વહીવટ સંભાળતો હતો. મેનેજર મયુરે જૂનાગઢમાં રહેતા પોતાના બનેવી જલ્પેશ ઝાપડિયા સાથે મળીને માલિકના વિશ્વાસનો દુરુપયોગ કરી પેઢીમાંથી કુલ ૨.૬૧ કરોડની નાણાકીય ગેરરીતિ આચરી હતી ચોરી ઝડપાઈ ગયા બાદ આરોપીએ 30 લાખ પરત આપી દીધા બાદ બાકીના ૨.૩૧ કરોડ આપવાની ના પાડી દેતાં વેપારીએ ગોંડલ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તા.૧૨ મે ૨૦૨૬ના રોજ મયુરે શાપર, જેતપુર અને ધોરાજીની વિવિધ બ્રાન્ચમાંથી આશરે ૧.૧૭ કરોડ ઉપાડી લીધા હતા, આ ઉપરાંત અગાઉના હિસાબના ૧.૪૪ કરોડ પણ બાકી હતા. પેઢીના હિસાબોમાં ગરબડ જણાતા માલિક હર્ષદભાઈએ શાપર અને જેતપુર બ્રાન્ચના CCTV ફૂટેજ ચેક કરતા મેનેજરનો બનેવી જલ્પેશ નાણાં ઉપાડતો જોવા મળ્યો હતો. ચોરી પકડાઈ ગયા પછી આરોપીઓએ જૂનાગઢ બ્રાન્ચમાં માત્ર 30 લાખ પરત કર્યા હતા પરંતુ બાકીના ૨.૩૧ કરોડ આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો જે તે વખતે બનેવી સાથે પેઢીમાં હાથફેરો કર્યો હોવાની સાબીતી મળી જતાં પેઢીના માલિક હર્ષદભાઈએ રૂબરૂ મળીને ઉઘરાણી કરી, ત્યારે મેનેજર મયુરે ધમકીભર્યા અવાજમાં કહ્યું કે, "મારા પુર દેણું થઈ ગયું હોવાથી મેં પૈસા લીધા છે. હવે મારી પાસે આપવા માટે કંઈ નથી, તમે આ પૈસા ભૂલી જાઓ." જો કે, આ સમગ્ર વાતચીત અને ગુનાની કબૂલાતનું માલિકની દીકરીએ પોતાના મોબાઈલમાં વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું, જે પોલીસ તપાસમાં ખૂબ મહત્વનો પુરાવો સાબિત થશે નાણાં પરત ન મળતા આખરે હર્ષદભાઈએ ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં મેનેજર મયુર ઢોલ અને તેના બનેવી જલ્પેશ ઝાપડિયા વિરુદ્ધ BNSની કલમ ૩૧૬(૫) અને ૫૪ હેઠળ છેતરપિંડી તથા વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ પી.આઈ. જે.આર. ઝાલાને સોંપી છે



# રાજકોટમાં ગેલેક્સી કપ ઈન્ટર સ્કૂલ ફૂટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ



» ફિફા વર્લ્ડ કપના માહોલ વચ્ચે અંડર 14 અને 17 ટુર્નામેન્ટ

» પ્રથમ દિવસે ટીજીએસ વાડી અને એસજીવીપી રીબડાનો વિજયી પ્રારંભ

» આગામી 17 જૂનના રોજ રમાશે ઐતિહાસિક ટુર્નામેન્ટની ફાઈનલ મેચો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ફૂટબોલના વૈશ્વિક મહાકુંભ ફિફા વર્લ્ડ કપની ધૂમ વચ્ચે રાજકોટમાં પણ સ્કૂલ સ્તરે ફૂટબોલનો રોમાંચ છવાયો છે. ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન રાજકોટ અને ગેલેક્સી સ્કૂલ, વાડીના સંયુક્ત ઉપક્રમે "ગેલેક્સી કપ" અંડર ૧૪ અને અંડર ૧૭ ઓપન રાજકોટ ઈન્ટર સ્કૂલ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન ગેલેક્સી સ્કૂલ, અવધ રોડ ખાતે કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટમાં વિવિધ સ્કૂલોની ટીમો વચ્ચે ઉત્સાહજનક અને સ્પર્ધાત્મક મુકાબલાઓ જોવા મળી રહ્યા છે.

અંડર ૧૪ વિભાગમાં એસજીવીપી રીબડા, ટીજીએસ વાડી, સન શાઈન ઈન્ટરનેશનલ સ્કૂલ અને ગ્રીનવૂડ ઈન્ટરનેશનલ સ્કૂલની ટીમોએ ભાગ લીધો છે. શનિવારે રમાયેલી મેચોમાં



ટીજીએસ વાડીની ટીમે ગ્રીનવૂડ ઈન્ટરનેશનલ સ્કૂલને ૬-૦ના વિશાળ અંતરથી પરાજય આપ્યો હતો. જ્યારે એસજીવીપી રીબડાની ટીમે સન શાઈન ઈન્ટરનેશનલ સ્કૂલ સામે ૫-૦થી એકતરફી જીત નોંધાવી હતી.

અંડર ૧૭ વિભાગમાં એસજીવીપી રીબડા, એસપીસીજી સ્કૂલ જેતપુર, ગ્રીનવૂડ ઈન્ટરનેશનલ સ્કૂલ, ટીજીએસ વાડી, સન શાઈન ઈન્ટરનેશનલ સ્કૂલ તથા સર્વોદય સ્કૂલની ટીમો મેદાનમાં ઉતરી છે. આ વિભાગમાં રમાયેલી મેચોમાં એસજીવીપી રીબડાએ ગ્રીનવૂડ ઈન્ટરનેશનલ સ્કૂલને ૫-૦થી હરાવી પોતાની મજબૂત દાવેદારી રજૂ કરી હતી. બીજી તરફ ટીજીએસ વાડીએ સન શાઈન ઈન્ટરનેશનલ સ્કૂલ સામે ૩-૦થી વિજય મેળવી નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું.

આયોજકોના જણાવ્યા અનુસાર ૧૫.૬.૨૬ના રોજ બંને કેટેગરીની વધુ લીગ મેચો રમાડવામાં આવશે, જેમાં ટીમો નોકઆઉટ તબક્કામાં સ્થાન મેળવવા માટે જોરદાર પ્રયાસ કરશે. ટુર્નામેન્ટની ફાઈનલ મેચો ૧૭.૬.૨૬ના રોજ સવારે ૮.૦૦ કલાકે અને ૯.૩૦ કલાકે રમાડવામાં આવશે.

ટુર્નામેન્ટના સફળ આયોજન માટે ગુણવંતભાઈ ડેલાવાળા, બી. કે. જાડેજા, રોહિત બુંદેલા, અમૃતલાલ બૌરાસી, દીપક યશવંતે, જીતેન્દ્ર આબલિયા, છોટુભાઈ કાચા, જાહિદ માલિક તેમજ ગેલેક્સી સ્કૂલના સુનીલ ગુશાઈ, અનિલ, વિરલ, જીતેન્દ્ર ગરાળા સહિતના સ્પોર્ટ્સ ટીચર્સ અને કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. આયોજકો દ્વારા ખેલાડીઓમાં રમતગમત પ્રત્યે રસ વધે અને ફૂટબોલને પ્રોત્સાહન મળે તે હેતુથી આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

---

**રાજકોટ જિલ્લા ટીમની પસંદગી માટે મહત્વપૂર્ણ તક**

## જીનીયસ-એક્સપ્રેસ કપથી ફૂટબોલ પ્રતિભાને મંચ

# U-14, U-17 અને સિનિયર બહેનોની ટુર્નામેન્ટનું આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન, રાજકોટ દ્વારા આયોજિત તથા જીનીયસ સ્કૂલ અને એક્સપ્રેસ ઈન્ડિયા એલિવેટર્સ કંપનીના પ્રાયોજકત્વ હેઠળ "જીનીયસ-એક્સપ્રેસ ઈન્ડિયા એલિવેટર્સ કપ" U-૧૪, U-૧૭ તથા સિનિયર બહેનોની ઓપન રાજકોટ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટનો પ્રારંભ ૧૬.૦૬.૨૦૨૬થી થશે. આ સ્પર્ધામાં વિવિધ વયજૂથની મહિલા ખેલાડીઓને પોતાની પ્રતિભા દર્શાવવાની ઉત્તમ તક મળશે. આયોજકોના જણાવ્યા અનુસાર U-૧૪ બહેનોની ટુર્નામેન્ટ ૧૬.૦૬.૨૦૨૬થી શરૂ કરવામાં આવશે, જ્યારે અન્ય કેટેગરીની સ્પર્ધાઓ પણ નિર્ધારિત કાર્યક્રમ મુજબ યોજાશે. ટુર્નામેન્ટનું વિશેષ મહત્વ એ છે કે આ સ્પર્ધાના પ્રદર્શનના આધારે રાજકોટ જિલ્લા ફૂટબોલ ટીમની પસંદગી કરવામાં આવશે. જેના કારણે ખેલાડીઓ માટે જિલ્લાકક્ષાની ટીમમાં સ્થાન મેળવવાની મહત્વપૂર્ણ તક ઊભી થઈ છે.

રાજકોટમાં મહિલા ફૂટબોલને પ્રોત્સાહન આપવા અને નવી પ્રતિભાઓને આગળ લાવવાના હેતુથી યોજાઈ રહેલી આ ટુર્નામેન્ટમાં મોટી સંખ્યામાં ખેલાડીઓ ભાગ લે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળા, ડી. વી. મહેતા, ઉસ્માનભાઈ બેલીમ અને બી. કે. જાડેજાની આગેવાની હેઠળ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના હોદ્દેદારો અને કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. આયોજકો દ્વારા રમતગમતના વિકાસ સાથે મહિલા ફૂટબોલને વધુ વેગ મળે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# 17 જૂને મહારાણા પ્રતાપની 486મી જન્મજયંતી ઉજવાશે

» સોરઠિયા વાડી ચોક ખાતે સવારે ૯:૩૦ વાગ્યે મહાઆરતી અને પુષ્પાંજલિ અર્પણ કરાશે

» ક્ષત્રિય રાજપૂત સમાજ અને કરણી સેના પરિવાર દ્વારા કાર્યક્રમનું ભવ્ય આયોજન

સિટી ન્યૂઝ@રાજકોટ

હિન્દવા સૂરજ, સનાતન ધર્મરક્ષક, મહાયોદ્ધા અને ક્ષત્રિય કુળભૂષણ મહારાણા પ્રતાપની ૪૮૬મી જન્મજયંતી નિમિત્તે રાજકોટમાં ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. વિક્રમ સંવતની તિથિ મુજબ જેઠ સુદ ત્રીજ એટલે કે આગામી ૧૭ જૂન ૨૦૨૬, બુધવારના રોજ શૌર્ય અને સમર્પણના આ ઐતિહાસિક દિવસની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાશે.

રાજકોટ શહેરના સોરઠિયા વાડી ચોક ખાતે આવેલી મહારાણા પ્રતાપની પ્રતિમા પાસે સવારે ૯:૩૦ વાગ્યે એક વિશેષ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં



એકલિંગ દીવાન શૂરવીર મહારાણા પ્રતાપની પ્રતિમાને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે અને ત્યારબાદ ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવશે. આ ઉજવણી થકી યુવા પેઢીમાં તેમના શૌર્ય, માતૃભૂમિ પ્રત્યેના પ્રેમ અને બલિદાનના ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરવાનો વિશેષ પ્રયાસ કરવામાં આવશે. આ સમગ્ર શૌર્યપૂર્ણ કાર્યક્રમનું આયોજન ક્ષત્રિય રાજપૂત સમાજ, રાજપૂત ક્ષત્રિય સુપ્રીમ કાઉન્સિલ અને ક્ષત્રિય કરણી સેના પરિવાર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. આયોજક સંસ્થાઓ દ્વારા તમામ ક્ષત્રિય રાજપૂત બંધુઓ તેમજ સમસ્ત સનાતન હિન્દુ સમાજના નાગરિકોને આ મહાઆરતી અને પુષ્પાંજલિ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં પધારવા અને માતૃભૂમિના આ મહાન રક્ષકને અંજલિ આપવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# યુવા મહિલા ધારાશાસ્ત્રી અને મહિલા અગ્રણી પ્રતીક્ષા પાઘડારનો જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ

તેજ, અને તરવરાટનો સમન્વય એવા રાજકોટના યુવા પ્રતિભાશાળી મહિલા એડવોકેટ પ્રતીક્ષા પાઘડાર નો આજે તા. ૧૫ જુન ના રોજ જન્મ દિવસ છે. સંસ્કારી અને સેવાભાવી રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના ભાદાજાળીયા ગામ ના કુટુંબમાંથી આવતા અને નાનપણથી જ રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા અને રાજકોટ ની અનેક સામાજીક, શૈક્ષણીક, ધાર્મીક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. ખોડલધામ યુવા પાંખ ના કન્વીનર તરીકે પણ સેવા આપી રહેલ છે નીષ્ઠાવાન અને પ્રતીષ્ઠાવાન વ્યકિત તરીકે પોતાના મીલાનુસાર સ્વભાવના કારણે ખુબ જ લોકચાહના અને બહોળું મિત્ર વર્તુળ ધરાવે છે. અને સામાન્ય પ્રજાજનોની



સહાય માટે હંમેશા તત્પર રહે છે. તેઓ હાલમાં રાજકોટ મહાનગર યુવા ભાજપ સોશિયલ મીડિયા ઈન્ચાર્જ તરીકે પણ સુપેરે જવાબદારી નિભાવી રહેલ છે તેઓ પોતાના મંગલમય જીવનમાં આનંદઉમંગઉત્સાહ સાથે નવા વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે ત્યારે વિશાળ મીત્ર વર્તુળ, સગાસ્નેહીજનોવડીલો તરફથી મોબાઈલ નંબર 70165 94608 પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# ઓકલેન્ડમાં રમેશભાઈ ઓઝાની હાજરીમાં પરસોત્તમ માસ નિમિત્તે સત્સંગ સભા યોજાય

સિટી ન્યૂઝ@રાજકોટ

ઓકલેન્ડ શહેરમાં પધારેલા આંતર રાષ્ટ્રીય કથાકાર રમેશભાઈ ઓઝા ની હાજર સર્વિસ ફુડ પરીવાર ના ડો ,સુરેશભાઇ બલર પરીવાર દ્વારા ખાસ પરસોત્તમ માસ નિમિત્તે ભવ્ય સત્સંગ નું આયોજન કરવામાં આવ્યું હતું આતકે આંતરરાષ્ટ્રીય કથા કાર રમેશભાઈ ઓઝા ની હાજરી માં સત્સંગ યોજાયો અને વિશાળ સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી પુજા અર્ચના અને મહા આરતી યોજાય હતી અને હૈ ભાવિકો એ દર્શનો લાભ લીધો આતકે ખાસ વિશ્વ સાન્તિ માટે પ્રાર્થના કરવામાં આવેલ હતી આતકે હાજર લોકોએ પુજય રમેશભાઈ ઓઝા ની અમૃત વાણી ખાસ લાભ મળેલો આતકે પુજય રમેશભાઈ ઓઝા દ્વારા આર્શીવચન અપાયા હતા આતકે બલર પરીવાર ના ડો, સુરેશભાઇ બલર , વિદ્યાબેન બલર, અનીલભાઈ બલર, નિકુલભાઇ બલર, અને આતકે ખાસ ડો,મદનમોહન શેઠી



(કોન્સ્યુલેટ જનરલ ઈન્ડિયા) તેમજ પ્રિય સ્વગતિકા શેઠી હાજર રહ્યા હતા આતકે ડો, કાન્તીભાઈ પટેલ,ડેમ એવોર્ડથી સન્માનિત રંજનાબેન પટેલ, ડો,વિવેક પટેલ, મોહનભાઈ ડાયા પટેલ, ઈન્દ્રજીતભાઇ રાજયગુરુ,જોન સ્મીથ,સારા એડમ, દિલીપભાઇ ભરોલીયા, મનીષભાઈ ત્રિવેદી, દિપાબહેન ત્રિવેદી, તપનભાઇ દવે,સચીનભાઇ ચકલાસીયા, ભુમીકાબહેન તપનભાઇ પટેલ, ચકલાસીયા, સહિતના વિસાળ સંખ્યા ભાવીકો હાજર રહ્યા હતા અને સત્સંગ નો લાભ લઇ ઠાકોરજી નાં દર્શન કરેલ હતા અને જાણ કે માદરે વતન ભારત હોય તેનો માહોલમાં કિવી લોકો ખાસ હાજર રહી ભારતીય સંસ્કૃતિ ના દર્શન કરેલ હતાં આ કાયેકમ ને સફળ બનાવવા વિદ્યાબેન બલર, પિનલબહેન બલર, જયાબહેન બલર,શિલાબેન લાલા, પારૂલબેન ભરોલીયા, આદિતિબહેન પટેલ, સાધનાબેન દેશાઇ, બિન્નીબેન પટેલ, ચંપાબેન બાબરીયા સહીતના બહેનો એ કાર્ય કમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી

# રાજકોટમાં રાષ્ટ્રીય સંસ્થા સક્ષમ દિવ્યાંગ વિદ્યાર્થીઓનું સન્માન કરશે

સિટી ન્યૂઝ@રાજકોટ

દિવ્યાંગોના સર્વાંગી ઉત્કર્ષ માટે કાર્યરત રાષ્ટ્રીય સંસ્થા સક્ષમ (સમદ્રષ્ટિ ક્ષમતા વિકાસ એવમ અનુસંધાન મંડળ) ના સૌરાષ્ટ્ર પ્રાંત, રાજકોટ દ્વારા સંસ્થાના સ્થાપના દિવસ નિમિત્તે એક વિશેષ સ્નેહમિલન અને સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત, તાજેતરમાં જાહેર થયેલા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષામાં ૮૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર તેજસ્વી દિવ્યાંગ વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ કાર્યક્રમ આગામી ૨૦ જૂન ૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૦૦ કલાક દરમિયાન ડો. હેડગેવાર ભવન ૭, રાજપૂત પરા, રાજકોટ ખાતે યોજાશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સૌ માટે અલ્પાહારની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

સન્માન સમારોહનો લાભ લેવા માટે લાયકાત ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓએ આગામી ૧૮ જૂન ૨૦૨૬ સુધીમાં ઈલા દોસી (મો. 9016186969) નો સંપર્ક કરી પોતાનું નામ અગાઉથી નોંધાવવાનું રહેશે.

સૌરાષ્ટ્ર પ્રાંતના અગ્રણીઓ ચુની પાલડીયા, અશ્વિન જીવાણી, પ્રાંત અધ્યક્ષ કમલેશ ખોખરી અને કોષાધ્યક્ષ વિમલ જાની દ્વારા આ સ્થાપના દિવસના પાવન પ્રસંગે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સર્વે દિવ્યાંગ બંધુઓ-ભગિનીઓ અને તેમના વાલીઓને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાજકોટમાં સક્ષમ સંસ્થા દિવ્યાંગ વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

સિટી ન્યૂઝ@રાજકોટ



દિવ્યાંગોના સર્વાંગી ઉત્કર્ષ માટે કાર્યરત રાષ્ટ્રીય સંસ્થા સક્ષમ (સમદ્રષ્ટિ ક્ષમતા વિકાસ એવમ અનુસંધાન મંડળ) ના સૌરાષ્ટ્ર પ્રાંત, રાજકોટ દ્વારા સંસ્થાના સ્થાપના દિવસ નિમિત્તે એક વિશેષ સ્નેહમિલન અને સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત, તાજેતરમાં જાહેર થયેલા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષામાં ૮૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર તેજસ્વી દિવ્યાંગ વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ કાર્યક્રમ આગામી ૨૦ જૂન ૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૦૦ કલાક દરમિયાન ડો. હેડગેવાર ભવન ૭, રાજપૂત પરા, રાજકોટ ખાતે યોજાશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સૌ માટે અલ્પાહારની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

સન્માન સમારોહનો લાભ લેવા માટે લાયકાત ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓએ આગામી ૧૮ જૂન ૨૦૨૬ સુધીમાં ઈલા દોસી (મો. ૯૦૧૬૧૮૬૯૬૯) નો સંપર્ક કરી પોતાનું નામ અગાઉથી નોંધાવવાનું રહેશે.

સૌરાષ્ટ્ર પ્રાંતના અગ્રણીઓ ચુની પાલડીયા, અશ્વિન જીવાણી, પ્રાંત અધ્યક્ષ કમલેશ ખોખરી અને કોષાધ્યક્ષ વિમલ જાની દ્વારા આ સ્થાપના દિવસના પાવન પ્રસંગે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સર્વે દિવ્યાંગ બંધુઓ-ભગિનીઓ અને તેમના વાલીઓને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



# રીબડા ખાતે SGVP ગુરૂકુલમાં આમ્રકૂટ ઉત્સવ

સિટી ન્યૂઝ@રાજકોટ

રીબડા-રાજકોટ સ્થિત SGVP ગુરુકુલ ખાતે અધિક માસની પૂર્ણાહુતિ નિમિત્તે ભગવાન સ્વામિનારાયણ સમક્ષ ૨,૦૦૦ કિલો પાકી અને કાચી કેરીઓનો ભવ્ય આમ્રકૂટ અર્પણ કરવામાં આવ્યો. પરમ પૂજ્ય શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા અને સદ્ગુરુ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ ઉત્સવનું સંચાલન પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામીએ કર્યું હતું. પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામીએ ભક્તિ, સેવા અને કૃતજ્ઞતાનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે ભગવાનને અર્પણ કરેલી સામગ્રીનો લાભ જરૂરિયાતમંદો સુધી પહોંચે ત્યારે જ ઉત્સવની સાચી પૂર્ણાહુતિ થાય છે. આમ્રકૂટ દર્શન બાદ તમામ કેરીઓ ગુરુકુલના વિદ્યાર્થીઓ, ગરીબ પરિવારો, શ્રમિકો અને બાળકોમાં પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવશે. ઉત્સવને સફળ બનાવવા સંતો, વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોએ નોંધપાત્ર સેવા આપી હતી.

# પૂર્વ મેયર જનક કોટકનું નિધન પર હરેશ જોષીની શ્રદ્ધાંજલિ

» રાજકોટ ભાજપે વર્તમાન સમયના ઋષિપુરુષ ગુમાવ્યા હોવાનું જણાવતા હરેશ જોષી

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ મેયર અને શહેરીજનોમાં 'રાજા' ના હુલામણા નામથી જાણીતા જનક કોટકનું દુખદ અવસાન થતાં શહેરમાં શોકની લાગણી વ્યાપી છે. તેમના અવસાન પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા શહેર ભાજપના પૂર્વ કાર્યાલય મંત્રી અને તેમના ગુરુબંધુ હરેશ જોષીએ ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી છે. હરેશ જોષીએ જણાવ્યું હતું કે, તપ, ત્યાગ અને બલિદાનનો સમન્વય એટલે જ જાહેર જીવનના વ્યક્તિ જનક કોટક. તેમની અચાનક વિદાયથી રાજકોટ ભાજપે વર્તમાન સમયના ઋષિપુરુષ ગુમાવ્યા છે.

જનક કોટક વર્ષોથી RSS અને જનસંઘની વિચારધારા સાથે જોડાયેલા હતા. ૧૯૫૨ માં રાજકોટ ખાતે ગુજરાત જનસંઘની સ્થાપનાના તેઓ સાક્ષી રહ્યા હતા. તેમણે ચીમન શુક્લ, કેશુ પટેલ અને વજુ વાળા સહિતના દિગ્ગજ આગેવાનો સાથે સક્રિય રહી રાજકોટમાં પક્ષનો પાયો મજબૂત કર્યો હતો. રાષ્ટ્રસેવા અને અખંડ ભારત માટે તેમણે અવિરત સંઘર્ષ કરી જેલવાસ પણ ભોગવ્યો હતો.

ડરમુક્ત અને ઓલિયા જેવું જીવન જીવનારા જનક કોટકે હંમેશા પ્રજાના કાર્યોની ચિંતા કરી. ભાજપમાં તેમણે કોર્પોરેશનના દંડક, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જેવી વિવિધ જવાબદારીઓ નિભાવી હતી. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને મેયર પદની જવાબદારી સોંપી હતી.

ઉચ્ચ હોદ્દાઓ પર હોવા છતાં નિરાભિમાની રહીને તેમણે જીવદયાના ઉત્તમ કાર્યો કર્યા હતા. તેમના કાર્યકાળમાં જ કોર્પોરેશનમાં પક્ષીઓ માટે માળા-પાણીના કુંડા અને ઉનાળામાં ગાયો માટે પીવાના પાણીની વ્યવસ્થા શરૂ કરાઈ હતી. હરેશ જોષી ઉપરાંત પૂર્વ કોર્પોરેટર પોપટ ટોળિયાએ પણ સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

### 17 જૂને અરવિંદભાઈ મણિયાર હોલમાં નાટ્યકૃતિનું મંચન

# અમે બરફના પંખીથી ચોથી પેઢીનું પદાર્પણ

» પ્રેમશંકર યાજ્ઞિકથી શરૂ થયેલી રંગયાત્રાને ચોથી પેઢી આપશે નવી દિશા
» પાંચ દાયકા જૂની લોકપ્રિય કૃતિ ફરી મંચ પર, ભરત યાજ્ઞિકનું દિગ્દર્શન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના નાટ્યક્ષેત્ર માટે ૧૭ જૂનનો દિવસ વિશેષ મહત્વ ધરાવતો બનવાનો છે. કલા નિકેતન અને બીવાયટીટી (ભારત યાજ્ઞિક થિયેટર ટ્રસ્ટ) દ્વારા અરવિંદભાઈ મણિયાર હોલ ખાતે જાણીતી અને પ્રશિષ્ટ નાટ્યકૃતિ **અમે બરફના પંખી**નું મંચન કરવામાં આવશે. આ કાર્યક્રમની સૌથી વિશેષ બાબત એ છે કે રાજકોટની રંગભૂમિ સાથે એક સદીથી વધુ સમયથી જોડાયેલા યાજ્ઞિક પરિવારની ચોથી પેઢી રંગમંચ પર સત્તાવાર પદાર્પણ



કરશે.નાટકમાં મુખ્ય ભૂમિકા વરદા રાજુ યાજ્ઞિક નિભાવશે, જે પ્રખ્યાત નાટ્યકાર અને દિગ્દર્શક ભરત યાજ્ઞિકની પૌત્રી છે. બાળપણથી જ નાટ્ય, એકપાત્રીય અભિનય અને નૃત્ય સાથે જોડાયેલી વરદાએ વિવિધ રાજ્યસ્તરીય સ્પર્ધાઓમાં પણ સિદ્ધિઓ મેળવી છે. અમે બરફના પંખી દ્વારા તે સ્વતંત્ર અભિનેત્રી તરીકે રંગભૂમિ પર પોતાની નવી ઓળખ સ્થાપિત કરશે.

રાજકોટમાં ૧૯૫૫માં સ્વ. પ્રેમશંકર યાજ્ઞિકે કલા નિકેતનની સ્થાપના કરીને ગુજરાતી રંગભૂમિને પ્રયોગશીલ અને પ્રશિષ્ટ નાટકોની સમૃદ્ધ પરંપરા આપી હતી. ત્યારબાદ ભરત યાજ્ઞિક, રેણુ યાજ્ઞિક, રાજુ યાજ્ઞિક અને પ્રેમલ યાજ્ઞિકે આ વારસાને આગળ વધાર્યો હતો. હવે ચોથી પેઢી તરીકે વરદા યાજ્ઞિક આ પરંપરાને નવી ઊંચાઈ આપશે.મરાઠી સાહિત્યકાર વસંત કાનેટકરની કૃતિના આધારે તૈયાર થયેલા આ નાટકનો ગુજરાતી અનુવાદ પ્રખ્યાત નાટ્યકાર કાન્તિ મડિયાએ કર્યો હતો. ચાર દાયકાથી વધુ




સમય પહેલાં લોકપ્રિય બનેલી આ કૃતિને આધુનિક સમયને અનુરૂપ કેટલાક ફેરફારો સાથે ફરી મંચ પર લાવવામાં આવી રહી છે. નાટક એક યુવાન યુવતીના જીવનમાં અચાનક આવેલી અસાધ્ય બીમારી અને તેના પરિવારની લાગણીઓ, સંઘર્ષ અને આશાઓની હૃદયસ્પર્શી કથા રજૂ કરે છે.

નાટકનું નિર્માણ ડૉ. પ્રેમલ રાજુ યાજ્ઞિકે કર્યું છે, જ્યારે દિગ્દર્શન ભરત યાજ્ઞિકનું અને સંગીત ડૉ. ઉત્પલ જીવરાજાનીનું છે. નાટકમાં રાજુ યાજ્ઞિક, પલ્લવી વ્યાસ, રમીઝ સાલાણી, અદ્વૈત અંતાણી, નીપા અંતાણી, વરદા યાજ્ઞિક, અમિત વાઘેલા, અભય વસાણી અને જતીન ડોડીયા સહિતના કલાકારો અભિનય કરશે.

પ્રયોગશીલ નાટકો માટે જાણીતી કલા નિકેતન સંસ્થા લાંબા સમય બાદ સામાજિક વિષયવસ્તુ ધરાવતું નાટક લઈને આવી રહી છે, જેને લઈને નાટ્યરસિકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.




# જલારામ સેવા સંસ્થાનું પુરુષોત્તમ માસ નિમિત્તે 220 કિલો કેરીના રસનું વિતરણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પુરુષોત્તમ માસના પાવન અવસરે જલારામ સેવા સંસ્થા દ્વારા વિવિધ માનવસેવાના કાર્યો અંતર્ગત આજે દાતાઓના સહયોગથી ૨૨૦ કિલો કેરીના રસનું વિતરણ કરવામાં આવ્યું હતું. તપતી ગરમીમાં શ્રમજીવી મજૂરો તથા તેમના પરિવારજનોને રાહત અને પોષણ મળે તે હેતુથી આ સેવા યોજવામાં આવી હતી.

આ સેવાકીય અભિયાનમાં અલકાબેન સુચક, ખુશી સુચક, તુષારભાઈ, મનનભાઈ, શ્યામભાઈ ધાબી, ગોપાલભાઈ, પ્રવિણાબેન ચોવટિયા અને રસીલાબેન રમાણી સહિતના દાતાઓ અને સેવાભાવી કાર્યકરોએ ઉત્સાહપૂર્વક સહભાગી બની મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન મહિલાઓના આરોગ્ય અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને સેનેટરી પેડનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું, જેને લાભાર્થીઓએ આવકાર્યો હતો.

જલારામ સેવા સંસ્થા દ્વારા છેલ્લા બે મહિનાથી સતત હોસ્પિટલોમાં દર્દીઓ તથા તેમના સ્વજનો માટે શરબત, છાસ, નાસ્તા અને ભોજન સેવા નિયમિતપણે ચલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા સમયાંતરે ચંપલ વિતરણ, વસ્ત્ર વિતરણ, ભોજન સેવા તથા અન્ય લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓ પણ સતત હાથ ધરવામાં આવે છે.

સંસ્થાના આગેવાનો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે માનવસેવા એ જ પ્રભુસેવા છે તે ભાવનાને કેન્દ્રસ્થાને રાખીને સંસ્થા સમાજના જરૂરિયાતમંદ વર્ગ સુધી સહાય પહોંચાડવા સતત પ્રયત્નશીલ છે. કાર્યક્રમના અંતે તમામ દાતાઓ, સેવાભાવી બહેનો અને કાર્યકરોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઈવનિંગ પોસ્ટ ખાતે સીનીયર સિટીઝનો માટે સપ્તાહભર સંગીત સંધ્યાનું આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ ખાતે સીનીયર સિટીઝનોના મનોરંજન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે તા. ૧૫ જૂનથી ૨૧ જૂન ૨૦૨૬ દરમિયાન સપ્તાહભર વિવિધ સંગીતમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો દરરોજ સાંજે ૫:૩૦ કલાકે યોજાશે. તા. ૧૫ જૂને ઈન્કાર મ્યૂઝિકલ ગ્રુપ, તા. ૧૬ જૂને જીતેન્દ્રકુમાર એન્ડ પાર્ટી, તા. ૧૭ જૂને મુકેશ ફેન ક્લબ, તા. ૧૮ જૂને ઓમકાર મ્યૂઝિકલ ગ્રુપ, તા. ૧૯ જૂને શિવમ મ્યૂઝિકલ ગ્રુપ, તા. ૨૦ જૂને મહેફિલ-મોજ-મસ્તી અને તા. ૨૧ જૂને માનવમંદિર મ્યૂઝિકલ ગ્રુપ દ્વારા સંગીત સંધ્યાના કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. આ તમામ કાર્યક્રમોમાં પ્રવેશ માત્ર સરગમ ક્લબના ઈવનિંગ પોસ્ટના સભ્યોને જ તેમના માન્ય આઈકાર્ડના આધારે આપવામાં આવશે. આયોજકો દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સભ્યોએ ફરજિયાત આઈકાર્ડ સાથે લાવવું રહેશે, આઈકાર્ડ વિના પ્રવેશ આપવામાં આવશે નહીં. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ ઈવનિંગ પોસ્ટના ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ-ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, શાઈનાબેન સંધી, જીતેન્દ્રકુમાર પીઠડીયા, મનસુખભાઈ વાવેચા, જગદીશભાઈ એચ. રાનપરા, સંદીપભાઈ માનાણી, અનુજકુમાર મિશ્રા તથા નાનજીભાઈ મિયાત્રા સહિતના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. સરગમ ક્લબ દ્વારા તમામ સભ્યોને સમયસર હાજર રહી કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.





# રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલમાં નવી આરોગ્ય સુવિધાઓનું લોકાર્પણ


## બાળ વોર્ડ, આધુનિક ઉપકરણો અને નવીનીકરણ કરાયેલા ડોક્ટર રૂમનું ઉદ્ઘાટન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO)ના અધ્યક્ષ સુજાતા પાંડેએ રાજકોટ સ્થિત ડિવિઝનલ રેલવે હોસ્પિટલની મુલાકાત દરમિયાન વિવિધ નવી આરોગ્ય સુવિધાઓ અને તબીબી ઉપકરણોનું લોકાર્પણ કર્યું હતું.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા મુજબ પાંડેએ નવવિકસિત બાળ વોર્ડ, બાયોકેમિસ્ટ્રી એનાલાઈઝર મશીન, પ્રતીક્ષા ખંડમાં સ્થાપિત ટેલિવિઝન, દંત ચિકિત્સા માટે ઉપલબ્ધ કરાયેલ આઈ-એલઈડી લાઈટ ક્યોર ઉપકરણ તેમજ નવીનીકરણ કરાયેલા ડોક્ટર રૂમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ઉપરાંત તેમણે હોસ્પિટલ પરિસરનું નિરીક્ષણ કરી દર્દીઓને અપાતી આરોગ્ય સેવાઓ અંગે માહિતી મેળવી હતી. આ પ્રસંગે ડિવિઝનલ રેલવે હોસ્પિટલના મુખ્ય તબીબી અધિક્ષક ડો. રાજકુમારે છેલ્લા બે વર્ષ દરમિયાન હોસ્પિટલમાં થયેલા વિકાસ કાર્યો અને આરોગ્ય સેવાઓમાં થયેલા સુધારાઓ અંગે વિશેષ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેમાં આધુનિક તબીબી સાધનો, દર્દી સુવિધાઓના વિસ્તરણ અને રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને ઉપલબ્ધ કરાવવામાં આવતી આરોગ્ય સેવાઓની માહિતી આપવામાં આવી હતી. સુજાતા પાંડેએ હોસ્પિટલ વહીવટીતંત્ર દ્વારા દર્દીઓને ગુણવત્તાયુક્ત સારવાર અને બહેતર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવી રેલવેની પ્રાથમિકતા છે અને રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલ આ દિશામાં નોંધપાત્ર કામગીરી કરી રહી છે. કાર્યક્રમમાં પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, રાજકોટના અધ્યક્ષ મુકેશી મીના સહિત સંગઠનના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.





# રાજકોટઓખા રેલવે સેક્શનની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરાઈ

## મહાપ્રબંધક રામાશ્રય પાંડેએ કાનાલુસ સ્ટેશનની સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિરીક્ષણ કર્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (જનરલ મેનેજર) રામાશ્રય પાંડેએ રાજકોટઓખા રેલવે સેક્શનનું વિન્ડો ટ્રેલિંગ સેફ્ટી નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે કાનાલુસ રેલવે સ્ટેશનની મુલાકાત લઈ મુસાફરોને ઉપલબ્ધ સુવિધાઓ, સ્વચ્છતા અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સમીક્ષા કરી હતી. નિરીક્ષણ દરમિયાન મહાપ્રબંધકે રાજકોટઓખા સેક્શનમાં રેલ ટ્રેકની સ્થિતિ, ઓપરેશનલ કાર્યક્ષમતા અને વિવિધ સુરક્ષા માપદંડોનું મૂલ્યાંકન કર્યું હતું. તેમણે રેલ સંચાલનની સલામતી અને ગુણવત્તા સાથે સંકળાયેલા વિવિધ પાસાઓની વિગતવાર સમીક્ષા કરી હતી. રેલવે તંત્રના જણાવ્યા મુજબ નિયમિત સેફ્ટી નિરીક્ષણ સુરક્ષિત, વિશ્વસનીય અને અવિરત રેલ સંચાલન સુનિશ્ચિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આવા નિરીક્ષણોથી રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ગુણવત્તા જાળવવાની સાથે મુસાફરોની સલામતી પ્રત્યેની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બને છે. કાનાલુસ સ્ટેશન ખાતે મહાપ્રબંધકે ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ, મોડ્યુલર શૌચાલય, રનિંગ રૂમ સહિતની મહત્વપૂર્ણ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. ઉપરાંત સ્ટેશન પરિસરની સ્વચ્છતા, મુસાફરોની સુવિધાઓની ઉપલબ્ધતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જાળવણી અને કર્મચારીઓના કલ્યાણ સંબંધિત બાબતોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. મહાપ્રબંધકે રેલવે કર્મચારીઓની કામગીરીની પ્રશંસા કરી હતી અને સલામતી, કાર્યક્ષમતા તથા મુસાફર કેન્દ્રિત સેવાઓના ઉચ્ચ ધોરણો જાળવી રાખવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ કુમાર મીના, સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીના સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**સમાજસેવા : મોચી મંદિર વાડી ખાતે વિધવા અને વરિષ્ઠ નાગરિક બહેનો માટે સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો**

# વિધવા બહેનોને આર્થિક સહાય આપી સન્માન કરાયું

## મોચી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ દ્વારા 1200 રૂપિયાની સહાય અને સ્મૃતિચિહ્નનું વિતરણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે ઘી કાંટા રોડ સ્થિત મોચી મંદિર વાડી ખાતે શ્રી મોચી જ્ઞાતિ સમાજ (ટ્રસ્ટ) દ્વારા વિધવા અને એકલવાયું જીવન જીવતી વરિષ્ઠ નાગરિક બહેનો માટે આર્થિક સહાય અને સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લાભાર્થી બહેનોને કુલ રૂ. ૧૨૦૦ની આર્થિક સહાય તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યા હતા. પરમ પૂજ્ય સંત શ્રી લાલાબાપાની પ્રેરણાથી યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજની જરૂરિયાતમંદ બહેનોને આર્થિક અને સામાજિક પીઠબળ પૂરું પાડવાનો હતો. કાર્યક્રમ અંતર્ગત લાભાર્થી બહેનો માટે ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મોચી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ તરફથી દરેક લાભાર્થીને રૂ. ૫૦૦ની સહાય આપવામાં આવી હતી. ઉપરાંત સમાજના પ્રમુખ બીપીનભાઈ જેઠવા, હસમુખભાઈ પરમાર, અમિતભાઈ પરમાર, નયનભાઈ ચાવડા અને રાજેશભાઈ ચાવડા સહિતના દાતાઓના સહયોગથી વ્યક્તિદીઠ કુલ રૂ. ૧૨૦૦ની રોકડ સહાય વિતરણ કરવામાં આવી હતી. સાથે જ કિરણભાઈ ચાવડા તરફથી ભગવાન શ્રી







વિષ્ણુની છબી ધરાવતું સ્મૃતિચિહ્ન પણ ભેટરૂપે આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, દાતાઓ અને વિવિધ સામાજિક સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થી બહેનોને સહાયની રકમ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ લાભાર્થી બહેનો, જ્ઞાતિના આગેવાનો અને ઉપસ્થિત મહેમાનોએ સામૂહિક પ્રીતિભોજનનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સમાજસેવા, સમરસતા અને સહભાગિતાનો માહોલ જોવા મળ્યો હતો.

## માર્કેટ અપડેટ્સ




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| ADVIT JEWELS | 23/6 | 25/6 | 130 - 138 | 100 | 13,800 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| SUSAN ELECTRICALS INDIA | 11/6 | 15/6 | 120 - 127 | 2000 | 2,54,000 |
| HORIZON RECLAIM (INDIA) | 12/6 | 16/6 | 98 - 103 | 2400 | 2,47,200 |
| LEAPFROG ENGINEERING SERVICES | 17/6 | 19/6 | 21 - 23 | 12000 | 2,76,000 |
| LIOTECH INDUSTRIES | 17/6 | 19/6 | 321 | 800 | 2,56,800 |
| DIKSHA POLYMERS | 17/6 | 19/6 | 112 | 2400 | 2,68,800 |
| CLAY CRAFT INDIA | 17/6 | 19/6 | 193 - 203 | 1200 | 2,43,600 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ લિ.એ જણાવ્યું છે કે કંપની ૧ જુલાઈ, ૨૦૨૬થી તેના પેસેન્જર વાહન પોર્ટફોલિયોના ભાવમાં ૧.૫ ટકા સુધીનો વધારો કરશે, જેમાં ઈન્ટર્નલ કંબસ્ટન અને એન્જીન (આઈસીઈ) અને ઈલેક્ટ્રિક વાહન (ઈવી) બંનેનો સમાવેશ થાય છે.
- સાયેન્ટ લિ.એ જણાવ્યું છે કે કંપનીના શેરધારકોએ શેરદીઠ રૂ.૧,૧૨૫ના ભાવે કંપનીના રૂ.૫ની કિંમતના ૬,૪૦૦,૦૦૦ ફુલ્લી પેઈડ-અપ ઈક્વિટી શેર્સને બાય બેક કરવાના વિશેષ પ્રસ્તાવને મંજૂરી આપી છે.
- એક્સિસકેડ્સ ટેક્નોલોજીસ લિ.એ અખબારી યાદી દ્વારા બીએસઈને જણાવ્યું હતું કે કંપનીએ એરોસ્પેસ એન્જિનિયરિંગ સર્વિસીસ બિઝનેસ માટે સ્ટ્રેટેજિક એન્જિનિયરિંગ સર્વિસીસ ડિવેસ્ટમેન્ટ પ્રોગ્રામની જાહેરાત કરી છે.
- જેએસડબ્લ્યુ એનર્જી લિ.એ ટીડોંગ પાવર જનરેશન પ્રા.લિ.ના ('ટીડોંગ પાવર') ના ૧૫૦ મેગાવોટના હાઈડ્રો પ્રોજેક્ટની સ્થાપના કરી છે.
- ઈએસએએફ સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિ.એ જણાવ્યું છે કે બેન્કે ૧૧ જૂન, ૨૦૨૬ સુધીમાં કુલ બિઝનેસે રૂ.૫૦,૦૦૦ કરોડનો આંકડો પાર કર્યો છે.
- ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ કોલકાતામાં ભારતની પ્રથમ ઓરેકલ એઆઈ ડેટા પ્લેટફોર્મ લેબ અને સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઓઈ) લોન્ચ કરીને ઓરેકલ સાથેના તેના સહયોગનો વિસ્તાર કર્યો છે. આ નવી સુવિધા એઆઈ-સંચાલિત એન્ટરપ્રાઈઝ ટ્રાન્સફોર્મેશનના આગામી તબક્કાને આકાર આપવામાં મદદ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. કંપની આગામી ત્રણ વર્ષમાં ભારતના ચાર શહેરોમાં ઓકેતસ એઆઈ ડેટા પ્લેટફોર્મ લેબ્સ અને સીઓઈ શરૂ કરવાની પણ યોજના ધરાવે છે.
- અશોક બિલ્ડકોન લિ.એ જણાવ્યું છે કે કંપનીને રાયપુર, છત્તીસગઢ (પ્રોજેક્ટ) સ્થિત પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડ હેઠળ જેમ્સ અને જ્વેલરી પાર્કના વિકાસ માટે સ્વીકૃત પત્ર મળ્યો છે. પ્રોજેક્ટનું મૂલ્ય રૂ.૧૧૨.૪૦ કરોડ છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**